


# જીવન અને દર્શન

મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી

[ચિત્રભાનુ]

# જીવન અને દર્શન



: પ્રવચનકાર :

**મુનિરાજ શ્રી ચન્દ્રપ્રભસાગરજી મહારાજ**

**( ચિત્રભાનુ )**

રાજનગરનિવાસી શાહ મોહનલાલભાઈ છોટાલાલ-
ભાઈ તથા સોમચંદભાઈ મંગળદાસભાઈની
પુણ્યમયી આર્થિક સહાયથી સપ્રેમ ભેટ.

: પ્રકાશક :

શેઠ રતિલાલ પોપટલાલ બુકસેલર

સુરેન્દ્રનગર. ( સૌરાષ્ટ્ર )

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧ | હવે તો જાગો ! | .... | |
| ૨ | માનવતાનાં સોપાન (૧) | .... | ૨૬ |
| ૩ | ,, ,, (૨) | .... | ૪૩ |
| ૪ | ,, ,, (૩) | .... | ૬૧ |
| ૫ | ,, ,, (૪) | .... | ૮૩ |
| ૬ | સુખની શોધમાં | .... | ૯૩ |
| ૭ | પ્રકૃતિ સૌમ્યત્વ. | .... | ૧૦૬ |
| ૮ | ગૌ-પૂજા | .... | ૧૧૦ |
| ૯ | ધર્મ કહેવો કોને ? | .... | ૧૧૪ |
| ૧૦ | જાગ, ઓ સપૂત ! | .... | ૧૨૪ |

: મુદ્રક :

મણીલાલ છગનલાલ શાહ

શ્રી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ

ઘીકાંટા રોડ : : અમદાવાદ.



પૂ. આગમોદ્ધારક ધ્યાનસ્થ સ્વર્ગગત આચાર્ય દેવ શ્રી
**સાગરાનન્દસૂરીશ્વરજી** મહારાજના પટ્ટપ્રભાવક
આચાર્ય મહારાજ શ્રી **ચન્દ્રસાગરસૂરીશ્વરજી**
મહારાજના શિષ્યરત્ન તપસ્વી પરમ ઉપકારી
મુનિરાજ શ્રી **ચન્દ્રકાન્તસાગરજી**
મહારાજની અધ્યક્ષતામાં મહાન્
ચિન્તક મુનિશ્રી **ચન્દ્રપ્રભ-**
**સાગરજી**એ આપેલાં
મનનીય પ્રવચનો

## મશાલચી

આઝાદીની ઉષા ઉગી, પણ જગતના દાવાનળો તો સળગી જ રહ્યા છે. વિશ્વશાંતિની વાતો ચાલે છે, પણ હવામાં! દુષ્કાળ, કાળા-બજાર, લાંચ-રુશવત, પશુતા અને કંગાલિયત તો દિવસે દિવસે વધુ માનવજાતનો ભરડો લઈ રહી છે. સંસ્કૃતિ કે માનવતાનાં દર્શન દુર્લભ થઈ પડ્યાં છે. કરોડો પ્રજાજનો પેટનો ખાડો પૂરવામાં જ જીવતર પૂરો કરે છે...ત્યારે આજ અહિંસામૂર્તિ જગતવત્સલ ભગવાન મહાવીરના વારસદાર, ત્યાગ અને આત્મજાગૃતિના મશાલચી વિદ્વાન મુનિરત્ન શ્રી ચન્દ્રપ્રભસાગરજી જીવન અને દર્શન દ્વારા જૈનસમાજ, માનવસમૂહ, જગત અને રાષ્ટ્રને પ્રેમસંદેશ પાઠવે છે. સુણજો, હૃદયમાં ભરી રાખજો, જીવનમાં ઉતારજો, પ્રકાશનાં કિરણો પ્રસારજો, જીવનનું દર્શન સાધજો.

—મહુવાકર

## પરિચય

જૈન મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજીનો મને અણધાર્યો પરિચય થયો. એમને પહેલીવાર સાંભળતાં તેમના તરફ મને સ્વાભાવિક આકર્ષણ થયું. તેમના વ્યાખ્યાનમાં ઊંડું ચિન્તન, સ્પષ્ટ નિર્મળદૃષ્ટિ, વાસ્તવિક પરિસ્થિતિ વિષે સભાનતા અને ભાવનાનું પ્રાબલ્ય અનુભવગોચર થતાં હતાં. તેમનું વક્તૃત્વ પણ મોહક હતું.

મારા મન ઉપર એક એવી છાપ પડી છે કે આ મુનિશ્રી પાસે જીવનની એક સમગ્ર અને સમન્વય સાધતી દૃષ્ટિ છે. જગતના, દેશના, માનવસમાજના વર્તમાન પ્રશ્નો વિષે તેમની પાસે સ્પષ્ટ માહિતી છે. અને એ પ્રશ્નોના ઉકેલ માટે આવશ્યક એવી નિર્મળ પ્રજ્ઞા પણ તેઓ ધરાવે છે. કોઈ સંકુચિત વાડામાં અટવાઈ ગયા સિવાય, જીવનને સર્વગ્રાહી રીતે અવલોકવા માટેની તેમની તત્પરતા ખરેખર પ્રશંસનીય છે.

**શ્રી બળવંતરાય મહેતા**

(ભારત સંસદ સભ્ય તથા ઓલ ઇન્ડિયા કૉન્ગ્રેસના મહામંત્રી)

# હવે તો જાગો !

## હદ થઈ હવે !

મહાનુભાવો ! આજના વ્યાખ્યાનનો વિષય છે–હવે તો જાગો ! 'હવે તો જાગો' આ શબ્દો જો ગંભીરતાપૂર્વક વિચારાય તો આજના દોઢ કલાકના વકતૃત્વનું રહસ્ય સહજ રીતે પામી શકાય. હવે તો જાગો–આમાં 'જાગો' શબ્દ શું સૂચવે છે ? આ શબ્દ ચાનક ચઢાવનારો છેઃ ઊંઘતા હો તો જાગો, બેઠા હો તો ઉભા થાઓ, ઉભા હો તો ગતિમાન્ બનો અને ગતિમાન હો તો તીવ્ર કાર્યદક્ષ બનો; એમ પ્રેરણા આપનાર 'જાગો' શબ્દ છે. જાગો–આ જેમ ચેતવણી આપનાર છે, તેમ એની પૂર્વે રહેલો 'તો' તો અતિસૂચક છે, જેને દુનિયામાં તેર મણનો કહેવામાં આવે છે. હવે તો જાગો–આ સામૂહિક વાકય એમ ઘોષણા કરે છે કે, હદ થઈ ! ખૂબ અંતર પડી ગયું ! કેટલો બધો પ્રમાદ ! ખૂબ ઊંઘ્યા ! હવે જાગો ! પ્રમાદ છોડો. આપણામાં ઘર કરીને બેઠેલી આળસને છાંડો ને જીવનની સાધના કરવામાં તત્પર બની જાઓ. કારણ કે, જેનું મૂલ્યાંકન ન થાય એવી માનવતાવાળું, અને વિશ્વમાં સહજ પ્રાપ્ત ન થાય એવું ઉત્તમ માનવજીવન મળ્યું છે, તો એને સફળ કરો. પ્રમાદ કરશો તો આ મહામૂલું ધન હારી બેસશો. માટે જ કહેવું પડે છે કે–હવે તો જાગો !

## પૂરવાર કરો

આવું ઉત્તમ માનવજીવન જે મળ્યું છે તે સ્વાર્થના કુંડાળામાં અળસિયાની જેમ મરવા માટે નથી; પણ જીવનને અમર

બનાવવા માટે મળ્યું છે. આજે તમે કેવી પવિત્ર ભૂમિમાં જન્મ લીધો છે, એનો તો વિચાર કરો. આર્યાવર્તમાં, ઉત્તમ કુળમાં ને ધાર્મિક કુટુમ્બમાં કે જેના માટે તમે ગૌરવ લઈ રહ્યા છો. અને અમે બ્રાહ્મણ છીએ, અમે ક્ષત્રિય છીએ, અમે વણિક છીએ—એમ ગૌરવપૂર્વક બોલીને ફરો છો, પણ હું તમને જ પૂછું છું કે બોલવા માત્રથી મહત્ત્વ શું ! મહત્ત્વ છે કર્તવ્ય-પરાયણતાનું, સદાચારી વર્તનનું, અને પ્રતિભાસંપન્ન જીવનનું !

'મહાન' કહેવા માત્રથી મહાન ન બનાય. એના માટે મહાન્ કાર્ય કરવું પડે, જીવનને તેવું બનાવવું પડે. પિત્તળ પોતાને સોનું કહે તેટલા માત્રથી તે સોનું નથી થઈ જતું. એના ચળકાટ ઉપરથી એની કોઈ કિમ્મત આંકે તો એ થાપ ખાય. સોનાને તો તેજાબનો તાપ ખમવો પડે, કસોટીએ ચડવું પડે, અગ્નિપરીક્ષામાં ઉત્તીર્ણ થવું પડે, અને છતાં કાળું ન પડે તે સોનું; તેમ માનવે પણ પોતાની જાતને અગ્નિપરીક્ષામાં મૂકી, કસોટીએ ચઢાવવી જોઈએ અને તેમાં ઉત્તીર્ણ બને તો જ એ જાતિવાન કહેવાય અને મહાન ગણાય. એમાં શક્તિ-હીન થાય એ શી રીતે પાલવે ? કર્તવ્ય કરી મહત્તા સિદ્ધ કરવી પડશે અને જગતમાં પડકાર કરવો પડશે કે—જીવનના પ્રત્યેક પ્રકારના વાતાવરણમાં પણ કર્તવ્ય માટે અમે તૈયાર છીએ ! ગમે તેવા સમયે અમે ચારિત્રથી ડગીશું નહિ, ધ્યેયથી ચ્યુત થઇશું નહિ, અમારા આદર્શને પ્રાણાન્તે પણ છોડીશું નહિ! —આ રીતે મહત્તા સિદ્ધ કરવા તમારી તૈયારી નહિ હોય તો ભલે ઊંચ જ્ઞાતિઓનાં નામ બોલતા ફરો પણ માનવા કોઇ તૈયાર નહિ થાય. માણસ સારો કે ખરાબ;

ઊંચ કે નીચ એ શબ્દથી નહિ, આચરણથી સિદ્ધ થાય છે; તમે પણ ઉચ્ચ હો તો સારા આચરણથી અને પવિત્રતાથી તમને પોતાને તમે મહાન પૂરવાર કરો.

## વિહંગાવલોકન

આપણે ન જાગવાને કારણે ઘણું ગુમાવ્યું છે. બે હજાર વર્ષનો ઈતિહાસ તપાસશો તો જણાશે કે આપણે કેટલાં ગબડી ગયા છીએ. એક વાર વિહંગાવલોકન કરી જુઓ તો પરિસ્થિતિ સમજાશે. એક દિવસ રોમની સંસ્કૃતિ પણ આપણી સંસ્કૃતિ પાસે ઝાંખી લાગતી. આ સંસ્કૃતિ માટે રોમમાં પણ ગૌરવ હતું, દેશ પરદેશના પ્રવાસીઓ આ સંસ્કૃતિના મુક્તકંઠે ગુણગાન કરતા, તે જ સંસ્કૃતિ આજે મૃત-પ્રાય અને જાણે છેલ્લો શ્વાસોશ્વાસ લેતી હોય એમ લાગે છે. આજે તમે કઈ દશામાં આવી પહોંચ્યા છો ? કાળી ચામડીમાં ભયંકર ગોરા ! આર્યોના શરીરમાં અનાર્યોનો આત્મા પેઠો. સંત-મહન્તોની ગૌરવવન્તી આ ભારત-ભૂમિમાં આજે જીવનની કિમ્મત નથી, ધર્મની કંઈ ગણના નથી, તત્ત્વજ્ઞાનની પડી નથી–આ શું કહેવાય ! આપણા યુવાનોને યુરોપનાં પર્વત, નદી ને તળાવો વગેરે કંઠસ્થ ખરાં; પણ ગંગા યમુના કે સરસ્વતીનું પ્રભવસ્થાન કે વિલીન થવાનું સ્થાન ક્યાં એ ખબર ન મળે. અરે, બહારના બધા તત્ત્વચિન્તકોનાં નામ બોલી જનારને એના પોતાના આસપાસમાં થયેલા જીવનદ્રષ્ટાઓનાં નામ પણ ન આવડે આ કેટલી શોચનીય સ્થિતિ ગણાય ! તમે આખા વિશ્વનું જ્ઞાન મેળવો પણ ઘરનું જ્ઞાન પહેલા મેળવો એ મારું કહેવું છે. ઘરનું જ્ઞાન ન મેળવવાને કારણે

આપણા જ યુવાનો દ્વારા આપણી સંસ્કૃતિ ભૂંસાતી જાય છે ને બહારની સંસ્કૃતિ નવપલ્લવિત થાય છે! માટે કહેવું પડે છે કે ખૂબ ઊંઘ્યા! બહુ ઊંઘનારો ઊંઘમાં પણ લવારો કરે છે, એવી જ આપણી પણ દશા છે. ઊંડો વિચાર કરાય તો સમજાય કે, સંસ્કૃતિ અંગે તમારું બોલવું પણ બકવાદ રૂપ છે. તમારા આગેવાનો કેટલીક વાર આર્યાવર્તનાં ગુણગાન કરે છે, પણ તે પૂર્ણ રીતે સમજ્યા વગર અને જીવનમાં ઉતાર્યા વગર માત્ર ઉપર ઉપરથી શબ્દોના સાથિયા પૂરી જાય છે— જેની કિમ્મત ઊંઘમાં થતા લવારા કરતાં જરાયે વધારે ન આંકી શકાય. માટે જાગો! આપણને મળેલા આધ્યાત્મિક ને સાંસ્કૃતિક વારસાની કિમ્મત સમજો તો જ મળેલા આ ઉત્તમ માનવજન્મની મહત્તા અંકાશે.

## બ્રહ્મચર્ય

આજના પ્રવચનની પ્રાગ્‌ભૂમિકા આપણે વિચારી ગયા. હવે મુખ્ય વિષયનો વિચાર કરીએ. આ દેશ બ્રહ્મચર્યના પુંજરૂપ હતો, સંયમની ચર્ચા ઘર ઘર થતી. બ્રહ્મચર્ય એ જ ધન અને સર્વસ્વ મનાતું કારણ કે આ બધા સદ્‌ગુણોનું બ્રહ્મચર્ય એ મૂળ છે! એના ખોવાથી અને વિલાસ અને મોજ–શોખના સેવનથી આર્યદેશ પતન પામ્યો છે. આ દેશનું ક્ષાત્રતેજ વગેરે સર્વત્ર આદર્શરૂપ હતાં. એ બળ, એ દીર્ઘાયુષિતા, એ શૌર્ય, એ વીરતા અને એ દીર્ઘચિન્તન આદિ આજે એમાંનું શોધ્યુંય મળતું નથી. એનું કારણ આપણે સંયમને છોડયો અને અસંયમને સ્વીકાર્યો તે છે.

વિષય, વિલાસ, વિનોદ ને વિકારનાં સાધનો આજે ઘણા પ્રમાણમાં અહીં પેસી ગયા છે. વ્યસનો અને

કુટેવો માટે તો કહેવું જ શું ! હું તમને પૂછું છું કે, આ દેશમાં ચાહની શી જરૂર ? ઇંગ્લાંડ આદિ ઠંડા પ્રદેશમાં તો (સમજ્યા કે) (Strong) સ્ટ્રૉંગ ચાહની ઉષ્મા માટે કદાચ જરૂર પડે, પણ આ સમશીતોષ્ણ દેશમાં એની શી જરૂર? ચાને લઇને આ હિંદમાં કેટલી બેકારી વધી ? માત્ર રૂપિયો કમાવનાર માણસ પણ ત્રણ–ચાર આના ચામાં વાપરે, આ કઈ દશા ? આજના ક્રાન્તિકારી યુવાનને, ચા વિના ઊંઘ ન ઊડે ! મોં પર સુરખી ન આવે, જાણે ચા દેવીનો માનીતો ગુલામ ! ભલે તમે કદાચ ચા પીતા હો, પણ એના વિના ચાલે જ નહિ, ઊંઘ ન ઉડે, ટાંટિયા ઘસવા પડે–એ કઈ સ્થિતિ કહેવાય ? આપણા બાપ–દાદા ચા વિના ઘોર્યા જ કરતા હતા અને આપણે ચા પીને જાગીએ છીએ એમ તો નથી ને ?

તમે શાન્તિથી, હું જે કહું છું તેના પર વિચાર કરો, આજે વ્યસનોને લીધે કેવી સંયમહીન સ્થિતિ થઈ છે તેનો વિચાર કરો. મનનો, વાણીનો કે ચક્ષુનો એકેનો પૂર્ણ સંયમ છે ખરો ? તમે તમારી જાતને ભલે સ્વતન્ત્ર માનતા હો પણ વાસ્તવિક રીતે સ્વતન્ત્ર છો ખરા ? ઇન્દ્રિયોનો ગુલામ એ આઝાદ નહિ પણ બંદીવાન છે. વિષયોનો દાસ એ સ્વતન્ત્ર નહિ પણ પરતંત્ર છે. વિકારો પાછળ ઘસડાઈને સંયમહીન જીવન બનાવવું એ ઉન્નતિ નથી પણ અવનતિ છે. પણ તમે તમારા અન્તરને પૂછો કે તમે આજે માલિક છો કે ગુલામ ! વાસનાઓના દાસ બની સ્વતન્ત્રાની વાતો કરવી એ કેટલું હાસ્યાસ્પદ ગણાય !

સ્વાતન્ત્રતાનો હક્ક વાતોથી નહિ, પણ ગુણ અને લાયકાતથી મેળવવો જોઇએ, પાશ્ચાત્ય સંસ્કૃતિ એમ કહે છે

કે, હક્ક એ માનવીને જન્મસિદ્ધ છે! પણ પૌર્વાત્ય સંસ્કૃતિ એમ કહે છે કે, હક્ક યોગ્યતાથી–લાયકાતથી પ્રાપ્ત થાય છે. આ બે વચ્ચેનું અન્તર સમજવા જેવું છે. એક જન્માંધ છોકરો પરિભ્રમણ સ્વાતંત્ર્ય માંગે તો એનો પિતા એને પરિભ્રમણ સ્વાતંત્ર્યનો હક્ક આપે ખરો? કોઈ કજિયાળો અને ગાળો દેનારો માણસ વાણીસ્વાતંત્ર્યનો હક્ક માંગે તો એને અપાય ખરો? અને અપાય તો રોજ કજિયા કેટલા થાય? નાદાન બાળકને મતસ્વાતંત્ર્યનો હક્ક અપાય ખરો? વ્યભિચારીને આચારસ્વાતંત્ર્યનો હક્ક અપાય ખરો? મૂર્ખને વિચારસ્વાતંત્ર્ય અપાય ખરું? તાત્પર્ય એ કે અયોગ્યના હાથમાં હક્કનું મહાન શસ્ત્ર ન અપાય, અયોગ્યના હાથમાં ગયેલી વસ્તુ લાભને બદલે હાનિકર નીવડે, વાનરના હાથમાં રહેલી તલવારની જેમ વસ્તુ સુંદર હોય તો પણ ઘણીવાર સંગના યોગે ભયંકર થઇ જાય છે. ઘી જેવી પોષક વસ્તુ પણ સો વખત ધોવાય એટલે ઝેર બની જાય છે. આથી પૌર્વાત્ય સંસ્કૃતિનું કહેવું છે કે સ્વતંત્રતાનો હક્ક યોગ્યને હોય, અયોગ્યને નહિ! ઇન્દ્રિયો પર સંયમ ન રાખો અને સ્વતન્ત્રતાની વાતો કરો એમાં શું વળે? સંયમ વગર તો સ્વતંત્ર માણસો પણ પરતન્ત્ર બની ગયા. પૃથ્વીરાજ સ્વતન્ત્ર મટી પરતન્ત્ર બન્યો, શાથી? સંયમ ગુમાવ્યો ને સંયુક્તાના મોહમાં ઘેલો બન્યો તેથી!

## ભૂમિકા શુદ્ધ હોવી જોઇએ.

બ્રહ્મચર્ય એ એવો ગુણ છે કે એની પાછળ બધાં ગુણો તણાઇને આવે છે. જીવનશુદ્ધિ એનાથી થાય છે. સાધના એનાથી

સધાય છે. દૂરની વાત તો જવા દો, પણ આ દુનિયામાં પણ નૈષ્ઠિક બ્રહ્મચારીને જોઈને સૌ કોઈ નમી પડે છે. બધા એના પર વિશ્વાસ રાખે છે, લોકો એને વન્દનીય ને પૂજનીય ગણે છે. બ્રહ્મચર્ય એ મહાન શક્તિ છે. એ વિના જીવન ચેતનાહીન કહેવાય. એક વિદ્વાને કહ્યું છે કે: Strength is life and weakness is death બ્રહ્મચર્યની શક્તિ એ જીવન છે. અને વીર્યહીન–શક્તિહીન જીવન એ મૃત્યુ છે! વિકસિત ફૂલની ખૂશબોથી ભમરાઓ જેમ ખેંચાઈને આવે છે તેમ બ્રહ્મચર્યથી પણ બીજા ગુણો ખેંચાઈ આવે છે. સૂર્ય ઉગે એટલે લોકો કામે લાગી જ જાય છે, તેમ બ્રહ્મચર્યરૂપી તેજસ્વી સૂર્ય ઉગે એટલે બીજા સદ્‌ગુણો એની મેળે આપણા જીવનમાં પ્રવેશી કામ કરવા મંડી પડે છે. તમારે સદ્‌ગુણોને જીવનમાં વસાવવા હોય તો ભૂમિ શુદ્ધ કરો. આજે હું અહિ ભૂમિ શુદ્ધ કરવા આવ્યો છું. ઝાડું લઇ કચરો વાળવા આવ્યો છું! કયો કચરો? વિષય અને વિલાસનો કચરો. તેને આજે મારે સંયમના ઝાડુથી કાઢવાનો છે. તમને કાંઇ વાંધો તો નથી ને? (જે હૉલમાં વ્યાખ્યાન ચાલતું હતું એ હૉલની ભોંય સામે આંગળી ચીંધી મહારાજશ્રીએ કહ્યું.) આ હોલમાં કચરો કાઢયા વિના તમે જાજમ બિછાવો ખરા? પહેલાં તમે કચરો સાફ કરાવ્યો પછી ઉપર જાજમ પાથરી. પણ એમની એમ અશુદ્ધ ભૂમિ ઉપર જાજમ નાખી હોય તો શું પરિણામ આવે? ધૂળ જ ઊડે ને? દુનિયામાં કોઈ સારો માણસ ઉકરડે ખાટલો નાખીને સૂશે? નહિ જ, ભલે તળાઈ રેશમની હોય, પણ ત્યાં ન સૂવાય, કારણ કે દુર્ગન્ધ મારે, તેમ પ્રમાણિકતા, સજ્જનતા

ભ્રાતૃત્વ આદિ ગુણોને લાવવા માટે પ્રથમ સંયમ જોઈએ. એ ગુણોના નિવાસ માટે ભૂમિકા શુદ્ધ જોઇએ.

કાળી, મેલી, ખાડા–ટેકરાવાળી ભીંત પર ચિત્રકાર પાસે ચિત્ર દોરાવીને કહીએ કે ચિત્ર સારું નથી. એમાં એનો દોષ નથી. દોષ ભૂમિનો છે. દીવાલ ચોખ્ખી જોઈએ. ખરાબ ભીંત પર તો સારો ચિત્રકાર પણ ચિત્ર ન દોરી શકે. તેલથી ખરડાયેલાં મેલાં વસ્ત્રો પર રંગારો પણ સારો રંગ શી રીતે કરી શકે? તાત્પર્ય એ કે દીવાલ સુંદર હોય તો ચિત્ર સુંદર થાય. વસ્ત્ર ચોખ્ખું હોય તો રંગ ચઢે, જીવન વિશુદ્ધ હોય તો સદ્‌ગુણો વિકસે!

## બ્રહ્મચારી સત્યકામી હોય

જેનામાં બ્રહ્મચર્ય નહિ હોય તેનામાં બીજા ગમે તેવા ગુણો હશે તો પણ તે નિષ્ફળ જવાના. સુવર્ણવસંતમાલતી પોષક છે. સાઠ કે સીત્તેર રૂપિયે તોલાના ભાવની છે; પણ મરવા પડેલાને તે અપાય? અને એઆની ભાર આપો તો બે મીનીટ મોડો મરવાનો હશે તે ઉલટો વહેલો મરશે, કેમકે એનામાં પચાવવાની શક્તિ નથી. લાયકાત વિના સારી વસ્તુ પણ વિપરીત પરિણામને લાવનારી નિવડે છે. યુવકો અને યુવતિઓ માટે આ વાત અતિ જરૂરની છે. બ્રહ્મચર્યના ખમીર વિના સદ્‌ગુણની એ ગમે એટલી વાતો કરે, તો પણ એ વાતો નિષ્ફળ અને વંધ્ય છે. વાચ્યડી અને વ્યર્થ છે.

એક દિવસ એવો હતો કે આર્યાવર્તનું પ્રત્યેક ઘર બ્રહ્મચર્યના બ્રહ્મધ્વનિથી ગુંજતું હતું. વાતાવરણ સંયમમય

હતું. પણ આજે કમનશીબે હાલત જુદી છે. બ્રહ્મચર્યનાં નીર ઓસરતાં જાય છે. રસ્તે દૃશ્યો કેવાં? બ્રહ્મચર્યનું ખૂન કરી નાખે તેવાં! સ્કૂલ-કૉલેજનું વિલાસથી ભભકતું વાતાવરણ જોઈને સંયમી વિદ્યાર્થીને તો ત્રાસ જ છૂટે! સહશિક્ષણ અને અતિસંપર્કનું જે કટુ પરિણામ દેખાય છે તે મારે તમને કહેવાની જરૂર ખરી? તમે પ્રત્યક્ષ નથી જોયું? છાપામાં નથી વાંચ્યું? સાઠ વર્ષનો ગુરુ-અધ્યાપક શિષ્યાને પરણી બેઠો? મને થયું જગતમાં આ શું થવા બેઠું છે? અધ્યાપક એટલે કેવો પવિત્ર પુરુષ! એ પવિત્ર પુરુષ-અરે, સમાજનો એક જવાબદાર માનવી, શિષ્યાને પરણી બેસે તો પછી છોકરીઓનાં મા-બાપો આધ્યાપકો પર વિશ્વાસ કેમ રાખી શકે? રક્ષક જ ભક્ષક બને અને અધ્યાપક જ અપહારક બને, આ સ્થિતિ તમને શોચનીય નથી લાગતી?

આજના છબીઘરોમાં નટ-નટીનાં હાવભાવો, સિનેમાના રૂપેરી પરદા પર ભજવાતાં ભયંકર દૃશ્યો અને નફ્ટાઈની હદ આવે ત્યાં સુધી પહેરાતી વેષભૂષાઓ, બ્રહ્મચર્યને પાડનાર નથી તો બીજું શું છે? પુસ્તકના વાચનથી જ્ઞાન મળે પણ આજનાં પ્રગટ થતાં પુસ્તકો તો જાણે પ્રણયત્રિકોણનાં ચિત્રો! નૉવેલો એટલે વિલાસની પ્યાલીઓ! આવું સાહિત્ય ઊગતાં યુવાનો અને યુવતિઓ વાંચે તો એના સંયમમાં તો પૂળો જ મૂકાય ને? આગળ વધો. તમારા ઘરમાં ચિત્રો કેવાં છે? નવયૌવનાઓનાં વસ્ત્રો ચોરાતા હોય એવા ચિત્રો. એવું ચિત્ર દેવનું હોય તો પણ સદાચારનું પતન કરનારું છે. હોય તો ફેંકી દો. નટ-નટીનાં ચિત્રો ટાંગ્યા હોય તો ફગાવી

દેજો. ફોટા રાખો તો સંતના, જ્ઞાનીના, ધ્યાનીના કે કોઈ તપસ્વીના રાખો. આ તો નટ-નટીના! પ્રભાતે ઉઠીને દર્શન કોનાં કરવાનાં? નટ અને નટીઓનાં ને! માટે કહું છું કે ભૂમિકા એવી રાખો કે જેનો પડઘો પડે. બ્રહ્મચર્ય હશે તો સાચા આઝાદ બનાશે. આમ ભૌતિક રીતે આઝાદ થયા છીએ પણ આઝાદીની ખરી લહેજત ક્યાંય દેખાય છે? મુખ પર ગ્લાની શાથી? બ્રહ્મચર્ય હોય તો મોં પર તેજ ચમકતું હોય અને બીજા ગુણો સહજ ભાવે આવી વસે. આ વાત યાદ કરો.

પાંડવ-કૌરવોના યુદ્ધમાં ભીષ્મપિતા કૌરવોના પક્ષમાં હતા. યુદ્ધના આરંભકાળે ધર્મરાજાએ ભડવીર ભાઈ ભીમને ભીષ્મપિતામહ પાસે આશીર્વાદ લેવા જવાનું કહ્યું, ભીમે આશ્ચર્યપૂર્વક કહ્યું: "ભાઈ! આપ આ શું કહો છો? એ તો કૌરવોના પક્ષમાં છે: એ કંઇ વિજયનો આશીર્વાદ આપણને આપે! પરાજિત થાઓ એમ જ કહે ને" ધર્મ-રાજાએ કહ્યું: 'ના, એમ નથી: સાચો બ્રહ્મચારી સત્યકામી હોય છે, અસત્યકથી નથી હોતો, માટે તું એમની પાસે જા, અને આશીર્વાદ માંગ.' ભીમ ભાઈના વચન પર વિશ્વાસ રાખી ત્યાં ગયો ને પગે પડ્યો, કૌરવોએ આ દૃશ્ય જોયું અને માન્યું કે હમણાં જ પરાજયનો આશીર્વાદ લઈને જશે. પણ બધાના આશ્ચર્ય વચ્ચે નૈષ્ઠિક બ્રહ્મચર્યવાન્ ભીષ્મપિતાએ ભીમને કહ્યું: "સત્ય તમારા પક્ષમાં છે માટે વિજય તમારો છે!" આ સાંભળી કૌરવો ભોંઠા પડી ગયા. આવું પ્રગટ સત્ય બોલાવનાર હોય તો તે બ્રહ્મચર્ય છે-સંયમ છે! આવા

આજીવન બ્રહ્મચારી ભીષ્મ પિતામહ જેવા પુરુષો અને નેમિનાથ જેવા તીર્થંકરો જે ભૂમિમાં થયા એ ભૂમિના માણસો બ્રહ્મચર્યથી કેટલા પાછળ હટી ગયા છે! માટે જ કહેવું પડે છે કે હવે તો જાગો!

## આદર્શ માટે ખપી જાઓ!

જે દેશમાં આવા નરવીર પાક્યા ત્યાં બ્રહ્મચર્યનો ઉપદેશ દેવો પડે એ દુઃખનો વિષય નથી? આ દેશની નારીઓ પણ કેવી પવિત્ર હતી! મહાન્ સતી સીતાને યાદ કરો. ત્રણ ખંડનો ધણી રાવણ એના ચરણોમાં પડતો હતો, પણ એ મહાદેવીએ એનાં પ્રલોભનોને ઠોકરે માર્યાં. રાવણ એટલે કોણ? એને ત્યાં કેવા વૈભવો! અચ્છા અચ્છા રાજાઓ જેની સેવા કરે, ઈન્દ્ર જેની પાસે હાજર રહે અને જેની સત્તા સાર્વભૌમ ગણાય એવા રાવણે સીતાને કહ્યું: "તું શા માટે ભટકતા રામડા પાછળ પાયમાલ–બરબાદ થાય છે? એની સાથે વનમાં ભટકવાનું, જમીન પર સૂવાનું અને સૂકાં ફળ ખાવાનાં, એના કરતાં મારી ઈચ્છાને તાબે થા તો હે માનિની! હું તને મારી પ્રિય પટ્ટરાણી બનાવું અને તારી તમામ ઇચ્છાઓને પૂર્ણ કરવાનું આ ખતપત્ર તારા ચરણોમાં ધરું!" વિચારો! એક બાજુ રખડતો રામ અને જંગલ; બીજી બાજુ ચરણોમાં નમતો રાવણ અને સંપત્તિથી છલકાતું રાજ્ય! પણ સીતાએ, શિયળવતી સીતાએ, એ સંપત્તિ ઠોકરે મારી કહ્યું: "નરાધમ! આવું બોલતાં લાજતો પણ નથી? શરમ છે, રાવણ, તને શરમ છે! ધિક્કાર હો તારા ત્રણખંડના વૈભવને! તારી સંપત્તિ વિશાળ છે, વિરાટ છે, પણ તારો આત્મા વામણો છે. રામની સંપત્તિ તને થોડી દેખાતી હશે પણ એનો આત્મા મહાન છે,

વિરાટ છે! રામ તે રામ છે, એની સાથે તારી જાતને સરખાવતાં તને શરમ કેમ નથી આવતી? ક્યાં સાગર ને ક્યાં ખાબોચિયું! તારું મોં પણ મારે નથી જોવું, અને તારી વાતેય મારે નથી સાંભળવી!" સંયમનું આ કેવું આદર્શ દૃષ્ટાન્ત છે! પુનર્લગ્ન અને છૂટા-છેડાની વાતો કરનારાઓને જરા કહેજો કે રામાયણમાં એક શાન્ત નજર ફેરવી આવે! ભીષ્મ-પિતામહ અને સીતા જેવા એ માનવીઓ કોઇ ઉચ્ચ આદર્શ માટે ખપી જનારા સાચાં રત્નો હતાં, બર્નાર્ડ શૉએ પણ ઠીક જ કહ્યું છે:—

The secret of happiness is Being used up for a purpose recognized by yourself as a mighty one. કોઇ મહાન હેતુ માટેની વીરત્વભરી જીવન સાધનામાં જ સુખનું રહસ્ય છે, સાચો આનન્દ જોઇતો હોય તો સંયમની સાધનામાં લાગી જાઓ. વિલાસ-પ્રધાન વૃત્તિઓનો પરિત્યાગ કરો. **उत्तिष्ठत! जाग्रत!** પ્રમાદની ઊંઘમાંથી જાગો અને ઊભા થાઓ!

## હૈયાના વિચારોનું દૃશ્ય ઝડપાય તો!

જીવનમાં સદ્‌ભાવના ન હોય, સંયમ ન હોય, ઇન્દ્રિયો પર કાબૂ ન હોય તો એ જીવન નરક જેવું દુર્ગન્ધી છે.

નર-નારીના દેહમાં, હાડ ચામ ને માંસ,
શું એને સુંદર કહો, જેમાં દુર્ગન્ધ ખાસ.

હાડ, ચામ ને માંસ તો નરમાંય હોય ને નારમાંય હોય, એ બેમાં ફરક શો? શ્રેષ્ઠતા છે સંયમી જીવનની. સંયમી જીવન મહાન છે. સંયમ વગર શરીર હાડ-માંસનો કોથળો

છે. ઉદરપૂર્તિ તો શ્વાન પણ કરે છે. આ સંસારમાં માનવીની મહત્તા કાંઈક અધિક છે તે સંયમથી ! જગતને શાન્તિ–ચેન પણ એનાથી જ છે. સંયમ વિના દુનિયાને ત્રાસ પમાડનાર તો ભયંકર છે.

સંયમ વગરનું જીવન મીઠા વિનાના અનાજ જેવું મોળું છે. જીવનમાં વાસ્તવિક રીતે સદ્‌ગુણની સુવાસ આવે પછી ગભરામણ કંઈ નથી.

સંયમ એ ગુલાબનું ફૂલ છે. એ તમારી પાસે હશે તો તમનેય સુગન્ધ આપશે ને તમારા સમાગમમાં આવનારનેય સુગન્ધ આપશે, આ વાતનો મનની સાથે એકાન્તમાં વિચાર કરી જોજો. આ કાંઈ કોઈને કહેવાની વાત નથી, હૃદયની વાત છે.

વિજ્ઞાને બધી જાતની શોધ કરી, ફોટા પાડવાના કૅમેરા શોધ્યા પણ મનના ફોટા પાડવાની શોધ હજુ સુધી થઇ નથી. હૃદયના વિચારો ઝડપવાનો કેમેરો જો કે હજુ શોધાયો નથી, પણ માનો કે એવો કેમેરો નીકળે અને તમારા ગુપ્ત વિચારોના ફોટા લેવાય તો તમને લાગે છે કે તમારી પાસે કોઈ બેસે ? અરે, સગો ભાઈ પણ પાસેથી ભાગી જાય ભાગી ! તમારા અનિચ્છનીય વિચારો એ ફોટામાં પ્રિન્ટ થાય તો સગો બાપ પણ એમ કહે કે આના આવા ભયંકર વિચારો ! અરે, સારું છે કે એવા કેમેરા હજુ સુધી નિકળ્યા નથી. જેમ આંતરડાના ફોટા લેવાય તેમ વિચારોના ફોટા લેવાય તો દુનિયા એક વગર પૈસાનું પ્રસિદ્ધ નાટક બની જાય !

બીજી એક વાત. માણસની છાતીમાં છે તો માંસના લોચા; પણ માનો કે છાતીમાં વીશવીશ તોલા સોનું ભર્યું હોય અને

જાહેર થાય કે જેમ, છીપમાં મોતી, હાથીના કુંભસ્થળમાં મુક્તાફળ, મૃગની ડૂંટીમાં કસ્તૂરી છે, તેમ માણસના કલેજામાં સોનું છે તો એનું પરિણામ કેવું આવે? તમે જ કહો, મારે બોલવું નથી. માણસ એકલો ફરી શકે ખરો? રાત્રે બહાર નીકળી શકે ખરો? માણસ માણસને જીવતો રહેવા દે ખરો? આ તો સારું થયું કે કલેજામાં સુવર્ણ મૂકયું નહિ, નહિતર આજની સંયમહીન ભાવનાવાળા વાતાવરણમાં તો જુલમ થઇ જાત!

## દિલ એ આરીસો છે

આજે જગતમાં કલેશ, અવિશ્વાસ આદિ દુર્ગુણો દેખાય છે, તે આપણી ભાવનાઓનો પડઘો છે. આપણા હૃદયમાં વિશ્વના પ્રાણીઓ માટે કલ્યાણબુદ્ધિ હોય તો વિશ્વના પ્રત્યેક માનવીને આપણા માટે સદ્બુદ્ધિ હોય. પણ આપણા હૃદયમાં મમ–મારાપણાની જ વૃત્તિ રમતી હોય તો બીજા લોકો આપણા માટે કલ્યાણ કેમ ઈચ્છે? ભાવનાઓનો પડઘો પડયા વિના રહેતો નથી. આ સિદ્ધાન્ત પર તમને એક પ્રસંગ સંભળાવું:

ધર્મરાજાના વખતની આ વાત છે. એક ખેડૂતના ખેતરમાંથી એક ચરૂ નીકળ્યો. ખેડૂત હતો તો ગરીબ પણ પ્રામાણિક! આવો ચરૂ નીકળે તો આજે પ્રામાણિકતા કેવી જળવાય? પણ આણે તો વિચાર્યું: “જમીનનો માલિક રાજા ગણાય તો ખેતરમાંથી નીકળેલ ચરૂનો માલિક પણ રાજા ગણાય, હું તો જમીન ખેડું એટલે ખેતીથી પાકેલ અનાજનોજ માલિક.” એમ વિચારી એ રાજાને ચરૂ આપવા ગયો. ધર્મરાજાને નમીને એણે કહ્યું: “મહારાજ! મારા ખેતરમાંથી સોનામહોરથી ભરેલો આ ચરૂ નીકળ્યો છે અને તે આપનો ગણાય. આપ એનો

સ્વીકાર કરો. ધર્મરાજાએ એનો અસ્વીકાર કરતાં કહ્યું: “ ના, ભાઈ! એ ખેતર તો તને વેચાયેલું છે માટે એનો માલિક તું ગણાય. ” પછી તો રાજા સાથે ખેડૂતે ઘણીય ચર્ચા કરી પણ ધર્મરાજા એ લે ? પણ ખેડૂત તો એ ચરૂ ત્યાં જ મૂકીને ચાલતો થયો. એમ કરતાં દિવસો ગયા, પખવાડિયાં ગયાં ને મહિનાઓ ગયા, પણ ચરૂ તો ત્યાં જ! આવી ગરીબીમાં આવો ચરૂ જોઇ ભલભલા ચળી જાય પણ આ તો પ્રામાણિકતાથી જરા પણ ન ડગ્યો. પણ આજે આવો સોનામહોરથી ભરેલો ચરૂ મળે તો ? અરે, પણ મળે જ શાનો ? ભાગ્ય વિના એવું કાંઇ મળતું નથી. એક કવિએ કહ્યું છે:

**पदे पदे निधानानि योजने रसकूपिका ।**
**भाग्यहीना न पश्यन्ति बहुरत्ना वसुन्धरा ॥**

ડગલે ડગલે ધન છે. યોજને યોજને રસકૂપિકા છે; પૃથ્વી તો બહુ રત્નોવાળી છે પણ ભાગ્યહીનને ન મળે; ન દેખાય:

ધર્મરાજા રોજ એ ચરૂને જુએ. છ મહિના સુધી એ ચરૂ ખૂણામાં પડયો રહ્યો. એક રાત્રે રાજાને વિચાર આવ્યો: “ મેં ભૂલ કરી કે ચરૂ મેં ન લોધો. ખેડૂતે તો કહ્યું હતું કે, માલિક તમે છો. વાત પણ ખરી છે. પૃથ્વીનો માલિક હું એટલે ક્ષેત્રનો માલિક પણ હું. સવારે ચરૂ ભંડારમાં મૂકાવી દઈશ. ” તે જ સમયે ખેડૂતને પણ વિચાર આવ્યો. “ મેં ભૂલ કરી કે હું ચરૂને મૂકી આવ્યો. ભલા રાજાએ તો કહ્યું જ હતું કે જેના ખેતરમાંથી જે વસ્તુ નીકળે તેનો માલિક તે. પણ હું ભૂલ્યો. ચાલ, સવાર થવા આવ્યું છે, જઈને એ ચરૂ

ઉપાડી આવું." એમ વિચાર કરી એ લઈ ગયો. સવારે રાજસભામાં રાજા જુએ તો ચરૂ ન મળે? પૂછયું, તપાસ કરી, એટલે જાણવા મળ્યું કે ખેડૂત લઇ ગયો છે. એટલે ખેડૂતને બોલાવ્યો અને લઇ જવાનું કારણ પૂછયું. ખેડૂતે સાફ સાફ શબ્દોમાં કહી દીધું: "મહારાજ! આપે તો તેજ દિવસે લઈ જવાનું કહ્યું હતું પણ મેં મૂર્ખાએ ત્યારે નહોતું માન્યું, પણ પછી વિચાર કરતાં આપની વાત ખરી લાગી. ખેતર મેં વેચાતું લીધું છે માટે માલિક હું છું. અને તેથી હું લઇ ગયો છું." પછી રાજાની તમામ દલીલોને તોડી એ ચાલતો થયો.

અન્તે ધર્મરાજાને વિચાર કરતાં સમજાયું કે મારી જ બુદ્ધિ ભ્રષ્ટ થઈ એનું જ છે આ પરિણામ! પ્રજાનો માલ હડપ કરવાની મારા દિલમાં ઈચ્છા થઇ એટલે આનો વિચાર પણ પલટાયો—આની ભાવના પણ બદલાણી. કેમકે ભાવનાનો પડઘો પડયા વિના રહેતો નથી. દિલ એ તો આરીસો છે.

## આત્મા પરમાત્મા કયારે બને?

આજે તો આ દૃષ્ટાંતનું ચિત્ર પ્રત્યક્ષ છે. પ્રાયઃ પ્રધાનથી માંડીને સામાન્ય પ્રજાજન, તમામ, એક બીજાને ઉતારી પાડવાની, છેતરવાની, ઠગવાની, પોતાની જાળમાં ફસાવવાની અને શીશામાં ઉતારવાની રમત રમી રહ્યા છે. આ સ્થિતિમાં પુરુષોમાં સાચું પુરુષત્વ અને સ્ત્રીઓમાં સાચું સ્ત્રીત્વ લાવવું હોય તો નૈતિક ભાવનાનો ઉદય માંગે છે. બર્નાડ શૉએ પાશવતા તરફ ખેંચાતા જગતને પડકાર કર્યો છે.

The beginning of manhood and womanhood is the dawning of passions in him.

મનુષ્ય કે સ્ત્રીમાં સાચું પુરુષત્વ કે સાચું સ્ત્રીત્વ ત્યારે જ આવે છે કે જ્યારે આધ્યાત્મિક ભાવના એનામાં ઉદય થાય છે. જેનામાં આ ભાવનાનો ઉદય ન થાય તેના માટે તો કવિએ કહ્યું: **मनुष्यरूपेण मृगाश्चरन्ति** મનુષ્યને જ્યારે મૃગની સાથે કવિએ સરખાવ્યા, ત્યારે મૃગલાંઓએ પણ વાંધો લીધો: અમે એવા નથી. પશુ વિફરે તો શું કરે? એકાદ બેને જરા ઈજા કરે, પણ માનવી વિફરે તો? માનવી તો યોજનાપૂર્વક બુદ્ધિપૂર્વક સામાનું કાસળ કાઢે. દુનિયામાં કાંઈ બાકી ન રહેવા દે. ખેદાનમેદાન કરી નાખે.

મનુષ્ય જો સંયમી હોય તો તે મહાન છે: ભાવિનો ફિરસ્તો છે: વિશ્વનો ઉદ્ધારક છે. પરમાત્માનું પ્રતીક છે.

પણ આજની હવા એ આ દેશવાસીઓનાં હૈયાં પણ કાળમીંઢ પથ્થર જેવાં બનાવી મૂકયાં છે. ન મળે પ્રેમ: ન મળે મમતા: ન મળે હમદર્દી: સામાનાં દુ:ખ–દર્દ જોઈ હૈયામાં આંસુ આવવા જોઈએ, પણ આજે તો પડોશીને કે સગા ભાઈને ખાવાના સાંસા હોય અને પોતે દૂધપાક–પૂરી ઉડાવતો હોય! આ કઇ દશા તે વિચારી લો! કેવી ઊંઘ! જરા વિચારી જુઓ! તમને કેવી કુંભકર્ણની નિદ્રા વળગી છે! કુંભકર્ણ માટે કહેવાય છે કે ઢોલ વાગતા ત્યારે એ છ મહિને જાગતો. ત્યારે મારે પણ તમારી આગળ ચાર કે છ મહિના ઉપદેશના ઢોલ વગાડવાના ને? ઠીક છે, આજ જાહેર–રજા છે, દુકાનો બંધ છે, મહારાજ ઠીક બોલે છે, સાંભળવાથી વકતૃત્વકળા ખિલશે, વરસાદમાં કયાં જવું, એમ વિચારીને તો આ હજારો માણસો નથી આવ્યા ને? એમ માનીને ન આવશો. યાદ રાખો તમારે તમારું જીવન પલટાવવાનું

છે, જીવનમાં સંયમનો રંગ લાવવાનો છે. મહાન નેતા, પયગમ્બર વગેરે થયા છે તે સંયમથી થયા છે. આપણે આપણા આત્માને પરમાત્મા બનાવવાનો છે, પણ આપણો આત્મા પરમાત્મા ક્યારે બને ? નિષ્ઠાપૂર્વકનો સંયમ આવે તો !

## સ્થિર બનો

આજ તો વાત એ છે કે સાંભળવું કોઈને નથી. દરેકને પોતાના વિચારો બીજાને ઠસાવવા છે. માટે જ તો આજે અળસિયાની જેમ વાદે વાદ નીકળી પડયા છે. વાત ત્યાં સુધી વધી છે કે સામો જો પોતાના વિચારો ઝીલવા-સાંભળવા તૈયાર ન થાય તો હાથ ઉપાડતાં પણ વિચાર ન કરે: ધારાશાસ્ત્રી ન્યાયાધીશને પોતાના વિચારો જણાવે, પણ કાંઈ સ્ટેજ (stage) ઉપર જઈને ? બોચી પકડીને ? પણ હું જાણું છું કે આજના વાદના હિમાયતીઓના વિચારો સ્થિર નથી. ઊંડા ચિંતનમાંથી પ્રગટેલા નથી. માત્ર પુસ્તકો વાંચીને ભાડૂતી ઉછીના લીધેલા જ છે ! અને એ ભાડૂતી વિચારો પરાણે ઠસાવવાનો પ્રયત્ન થાય છે. પણ તમારા વિચારો જો મૌલિક અને સુંદર હોય તો જગતના ચોકમાં મૂકો. સુંદર હશે તો એનો સ્વીકાર જરૂર થશે. પણ ન સ્વીકાર થાય તો ઉશ્કેરાઈ જવાની કંઇ જરૂર નથી. ઊંડા ઉતરીને વિચાર કરો કે મારા વિચારમ શું દોષ છે કે લોકો સ્વીકારતા નથી. પણ આ વસ્તુ ક્યારે બને ? જો મન પર સંયમ હોય તો, ચિત્તની સ્થિરતા હોય તો. એ વિના એટલી ધીરજ ન આવે અને સાર-અસારનો વિચાર પણ ન આવે.

કાંટો સ્થિર હોય તો માપ (તોલ) નીકળે, પણ કાંટો હાલતો ચાલતો ચંચળ હોય તો માપ ન નીકળે, તેમ ચિત્ત સ્થિર હોય તો મહાપુરુષોનાં વચન સાંભળવામાં રસ અને આસ્વાદ આવે, તેની અસર થાય, અને પોતાના વિચારમાં રહેલી ત્રુટીઓ પણ જણાય, માટે ચિત્તની સ્થિરતા કેળવો. અને ચિત્તની સ્થિરતા લાવવા માટે પૂર્વભૂમિકા રૂપે બ્રહ્મચર્યને બરાબર પાળો.

## અસંયમ ને પતન

બ્રહ્મચર્ય પળાય એટલે ભૂમિકા શુદ્ધ થાય. પછી પ્રામાણિકતા વગેરે ગુણો આવી એમાં પ્રતિબિંબિત થાય. ભૂમિકા અશુદ્ધ હોય ત્યાં સદ્‌ગુણોનો વાસ હોય ખરો કે? આજની સ્થિતિ તપાસો. કાયમ એક ધ્યાનથી પૂજા વગેરે કરનારનું પણ ત્યાંથી બહાર નીકળ્યા પછીનું જીવન તપાસો. ચોવીશ કલાકનું (Time table) ટાઈમ ટેબલ તપાસો. દુનિયામાં લગભગ બધે અપ્રામાણિક તરીકેની એની છાપ હશે! પણ પહેલાંના સમયનો અમેરીકાનો એક દાખલો આપું:—

એક છાપાનો ફેરીયો દોઢસો છાપાં લઈને વેચવા નીકળ્યો. એને અણધાર્યું ઘરનું કામ આવી પડયું અને ઘરે જવું પડે તેમ હતું. હવે જો તેમ કરે તો છાપાં વેચાય નહિ. સમય ગયા પછી કોણ લે? એટલે એ (Table) ટેબલ ઉપર એ દોઢસો છાપાં મૂકતો ગયો. પાસે પૈસા માટે (Box) બોકસ પણ મૂકયો. ગ્રાહકોને સૂચના માટે છાપાની કિંમત લખી, એક ચિઠ્ઠી મૂકી ગયો. ઘેર જઈ કામ પતાવી આવ્યો ત્યારે તમામ છાપાં ખપી ગયેલાં. ગ્રાહકો એ લઇ ગયેલા

અને બોકસમાં પૈસા પણ પૂરેપૂરા નાખી ગયેલા! કેવી ભવ્ય પ્રામાણિકતા! હિંદુસ્તાનનો કોઇ ફેરિયો જો આવો અખતરો કરે તો શું પરિણામ આવે? મારે નથી કહેવું, તમે જ કહો. છાપાં તો ઠીક, પણ ટેબલ કે બોકસ પણ રહેવા દે ખરા! ત્યાં સદાચારના સંસ્કાર અહિંથી ગયા. તેઓ અનાર્ય મટી આર્ય થયા: અહિંથી સદાચારના સંસ્કાર પલાયન થયા. આપણે હજુ આર્ય મટી અનાર્ય થયા નથી, પણ આપણે પૂરજોશથી એ તરફ ધસી રહ્યા છીએ. અને એ પૂરને અટકાવનાર હોય તો તે માત્ર સંયમ જ છે. પશ્ચિમના ભૂલવા લાયક સંસ્કારોનું આપણે અનુકરણ કર્યું, અને સ્વીકારવા લાયક ગુણોનું અપમાન કર્યું. તેનું કેવું ભયંકર પરિણામ આવ્યું તે એક દાખલાથી તમને સમજાવું.

હિંદનો એક વિદ્યાર્થી જાપાન ભણવા ગયો. ત્યાં એક પુસ્તકની જરૂર પડી. પુસ્તક ત્યાંની એક પ્રસિદ્ધ લાયબ્રેરિમાં (Libray) હતું. પણ એ ઘણું કિંમતી હતું. આ વિદ્યાર્થી એ પુસ્તક લાયબ્રેરિમાંથી લઇ આવ્યો અને વાંચ્યું. તેમાં મહત્વનાં ચાર ચિત્રો હતાં. એના મનમાં હતું કે તેવાં ચિત્રો બનાવી લઇશું, પણ બનાવવાં એ અશકય લાગ્યાં. અને એનાથી એ ન બનાવી શકાયાં. મનમાં થયું કે ચિત્રનાં ચાર પાનાં તફડાવવા દે ને! ઇન્કમટેકસ (Incometax) ખાતાને છેતરવા, નવા ચોપડા કરવા, ચોપડામાં ઘાલમેલ કરવી; એ બધું થાય છે ને! એવાઓનો જ આ પુત્ર હતો ને! એટલે એને વિચાર આવ્યો: "ચૌદસો પાનાના ગ્રંથમાંથી ચાર પાનાં તફડાવવામાં શું વાંધો? કોણ જુએ છે?" એણે પાનાં ફાડી લીધાં અને ગ્રંથ પાછો પુસ્તકાલયમાં આપી આવ્યો. પણ પાપ છુપાય?

પાપ છુપાય ના છૂપે, છુપે તો મોટા ભાગ;
દાબી દૂબી ના રહે, રૂઈ લપેટી આગ.

રૂથી લપેટાયેલી આગને ગમે એટલી દબાવી રાખે તો પણ ભડકો થયા વિના રહે જ નહિ. પાંચ દસ મીનીટમાં જ ભડકો. પાપરૂપી આગ પણ આવ્યા વિના રહેતી નથી. એ વિદ્યાર્થી ગ્રંથ આપી આવ્યા પછી ત્રણ માસ પસાર થઇ ગયા. એક દિવસ એનો જાપાનીસ મિત્ર એને ત્યાં આવ્યો. પેલો કાંઈ કામે બહાર ગયો અને આ મિત્ર પોતાના મિત્રને ત્યાં શું સુંદર સાહિત્ય છે, તે ફેંદવા લાગ્યો. ફેંદતાં ફેંદતાં એણે પેલાં ચાર ચિત્રો જોયાં, ખ્યાલ કર્યો. આની પાસે આ કયાંથી? આ તો પેલા પ્રસિદ્ધ પુસ્તકનાં ચિત્રો! અને એ પુસ્તક તો આ પુસ્તકાલય સિવાય કયાંય ન મળે, એમ વિચારી ચિત્રો ત્યાં મૂકી, એણે લાયબ્રેરિમાં તપાસ કરી, તો જણાયું કે ત્રણ માસ પહેલાં એનો મિત્ર પુસ્તક લઇ ગયેલો અને એમાંથી ચિત્રો ફાડી લીધેલાં. તેણે પુસ્તકાલયના અધિકારીને આ વાત જણાવી અને અધિકારીએ તપાસ કરી એ ચિત્રો પાછાં મેળવ્યાં. પણ તમે આ જાણીને ખુશી (?) થશો કે ત્યાં એવો એક ધારો થયો કે, Strike prohibition for Indians હિંદુસ્તાનના કોઇ પણ વિદ્યાર્થીને આ પુસ્તકાલયમાંથી પુસ્તક આપવું નહિ. કેવો નિયમ! સંયમ વિના પ્રામાણિકતા આટલી હદે પલાયન થઇ છે. માટે કહેવું પડે છે કે, હવે તો ચેતો.

## વિશ્વના કચરાને ઘરમાં ઘાલવો છે?

તમે જગતને સુધારવાની મોટી મોટી વાતો કરી સમયને

બરબાદ ન કરો. હમણાં એક વર્ષને માટે, માત્ર એક જ વર્ષને માટે, તમે બીજાને સુધારવાનું માંડી વાળો-અને માત્ર તમારી જાતને જ સુધારો. પછી જુઓ કે પરિણામ કેવું આવે છે! All are good if we are good. જાતને સુધાર્યા વિના બીજાને સુધારવા જશો તો તમે ય બગડશો ને તમારા સમાગમમાં આવનારને પણ બગાડશો. માટે તમે તમારા સ્થાન પર સ્થિર થાઓ. ગ્રીસવાસી આર્કિમીડીઝ કહેતો કે, "મને ટેકા માટે હાથમાં એક દંડ મળે અને ઉભા રહેવા માટે પૃથ્વી બહાર કોઇ સ્થિર સ્થાન મળે તો હું આખા વિશ્વનું પરિવર્તન કરી શકું" અરે, રે, આ માણસને આખા જીવનમાં એવું સ્થિર સ્થાન મળ્યું નહિ તે માટે મને એના પર દયા આવે છે! પણ હું તમને કહું છું કે, તમને તો એવું સ્થિર સ્થાન આજે પણ મળી શકે તેમ છે અને તે તમારો આત્મા! આત્માના સ્થિર સ્થાન પર સંયમનો દંડ હાથમાં લઇને, ઉભા થઇ જાઓ. જાઓ, હું તમને કહું છું કે, સંયમના આધારથી તમે આખા જગતને ફેરવી શકશો! પછી કોઇની તાકાત નથી કે તમને કોઈ હલાવી શકે કે ડોલાવી શકે! સર્વનો માલિક આત્મા છે. ભાઇઓ! આ ગપ્પ નથી, કલ્પના નથી પણ હકીકત છે. ભગવાન્ મહાવીરે સંયમના દંડથી જગત આખામાં પરિવર્તન આણ્યું અને મૌલિક જીવનની દૃષ્ટિ આપી! પણ આ કામ એમણે ક્યારે કર્યું? કેવી રીતે કર્યું? પહેલાં એમણે પોતાની જાતનો કચરો દુર કર્યો, પછી મહોલ્લાનો, પછી ગામનો, પછી દેશનો અને પછી વિશ્વનો! પણ આજે

તો પોતાની જાતનો વિચાર કર્યા વિના આંતરરાષ્ટ્રિય દુનિયાનો કચરો કાઢવાની ધૂન સૌને લાગી છે. એ વિશ્વનો કચરો કાઢીને પોતાના દેશમાં ઘાલવો, દેશનો કચરો તાલુકામાં, તાલુકાનો કચરો ગામમાં, ગામનો કચરો મહોલ્લામાં અને મહોલ્લાનો કચરો પોતાના ઘરમાં: કહો કેવી ભવ્ય વ્યૂહ–રચના! ઘરનો કચરો દરિયામાં નાખવાને બદલે વિશ્વનો કચરો ઘરમાં નાખનારને બાહોશ માનવા કે બેહોશ? Charity begins at home!

## વાણી નહિ, વર્તન

જાતને સુધારવા માટે ઘણું સહન કરવું પડશે, અંતરમાં ડૂબકી મારવી પડશે, પોતાની સુંવાળી વૃત્તિને ખસેડવી પડશે. પળેપળ સાવધાન રહેવું પડશે અને ઊંચામાં ઊંચાં પ્રલોભનો ચરણોમાં આવી પડે તો પણ એને ફગાવી દેવાં પડશે. માત્ર વાતો કરે કાંઈ નહિ વળે. બોલનાર તો મેં ઘણા ય પ્રવચનકારોને જોયા છે, એવાઓને માટે આ વાત નથી. અહિ તો જીવનમાં ઉતારનાર જોઈએ. શ્રી સયાજીરાવ મહારાજાની અધ્યક્ષતામાં એક ભાઈ, એક જાહેર સભામાં "અહિંસા". એ વિષય પર દોઢ કલાક સુધી ઘણું સારું બોલ્યા. એ વક્તવ્ય સાંભળી સભા સ્તબ્ધ થઇ ગઈ. સભા એના પ્રવચનથી પ્રભાવિત થઈ ગઈ. ઉનાળાનો દિવસ હતો, વક્તાના શરીરે પસીનો પસીનો થઈ ગયો. પસીનો લુવા માટે ખીસામાંથી એણે રૂમાલ કાઢયો. ત્યાં રૂમાલ સાથે ખીસામાં રહેલું ઇંડું પણ તરત ઉછળી બહાર આવ્યું. અને પડયું વ્યાસપીઠ પર! શ્રી સયાજીરાવ ગાયકવાડ વિચક્ષણ

*હતા. એમને ઉપસંહાર કરવાનો હતો. એમણે કહ્યું, "આ* ભાઈ અહિંસા પર સારું બોલ્યા છે. બોલવાની છટા અને શક્તિ સારાં છે, પણ હિંદુસ્તાનની બરબાદી આવા વક્તાઓએ કરી છે! જે બોલે છે તેની સામી દિશામાં જ એમનું જીવન હોય છે!" આ સાંભળી વક્તા ને સભા સૌ ઠરી ગયાં. મતલબ કે આવા વક્તાઓ અસર ન ઉપજાવી શકે, સ્થાયી સુવાસ ન ફેલાવી શકે. જીવનમાં આચાર જોઈએ, સંયમ જોઈએ. ઊંચા ઊંચા મંચ પર હજારોની મેદની પાસે ત્યાગની વાણી ઉચ્ચારનાર પચાસ હજારની મોટરમાં બેસી હંકારી જતો હોય તો એની સ્થાયી અસર કેટલી થાય તે તમે જ સમજી શકો તેમ છો.

આપણે આજના વ્યાખ્યાનમાં બે વાત કરીઃ બ્રહ્મચર્ય અને સદાચાર પૂર્વકની પ્રામાણિકતા! પ્રામાણિકતા એ પ્રસિદ્ધ છે. એના પર અધિક વિવેચનની જરૂર નથી. પણ બ્રહ્મચર્ય–સંયમ એ માનવજીવનનો પાયો છે. સંયમ હશે તો પ્રામાણિકતા એની મેળે આવશે, માટે મૃત્યુને ન ઇચ્છતા હો અને અમરતાને ચાહતા હો તો ઝેરવાળા અન્નની જેમ અસંયમને છોડો ને સંયમને સ્વીકારો. આજે કેટલાં કહે છે કે "Religion is humbug ધર્મ ગપ્પ છે" પણ હું એમને કહું છું કે You are hnmbug, because you do not know what religion is! તમે ગપ્પ છો. કારણ કે ધર્મ શું છે એ તમે જાણતા નથી. ધર્મ શું છે એ જાણ્યા વિના કહેવું કે ધર્મ જુઠ્ઠો છે એના જેવું ગપ્પ બીજું કયું હોઈ શકે?

કારણ કે ધર્મ એ બીજું કાંઈ નથી પણ સંયમ એ જ

ધર્મ છે. સંયમપૂર્વકનો ધર્મ તો ભવ્ય છે, આદર્શ છે, સુખ-શાન્તિને દેનાર છે, દુઃખ-દારિદ્રયને કાપનાર છે અને જીવનમાં સુવાસને ફેલાવનાર છે !

આવા મહાન ધર્મને તમારા હૃદય-મંદિરમાં પધરાવવો હોય તો પાયાને મજબૂત કરો, ભૂમિકાને શુદ્ધ કરો.

આજના વ્યાખ્યાનમાં યુરોપ કે જાપાનનાં કેટલાંક દષ્ટાંતો આપ્યાં છે, એ ઉપરથી તમે એમ ન માનતા કે મને ભારતવાસીઓમાં અશ્રદ્ધા છે. મને તો માનવજાતમાં પૂર્ણ શ્રદ્ધા છે. વીરની વાણી કહે છે કે એકવીશ હજાર વર્ષ સુધી ધર્મની પતાકા ભરતાદિકમાં ફરકવાની છે ! એટલે માનવીના ઉજ્જવળ ભાવિ માટે મારી તીવ્ર ઝંખના છે. એટલે જ પૂર્ણ શ્રદ્ધાથી હું કહું છું કે સંયમની જાગૃતિ એ જ સાચી જાગૃતિ છે. વ્યક્તિનો, સમાજનો, દેશનો કે વિશ્વનો ઉદ્ધાર કરવો હોય તો સંયમ પહેલાં જોઈશે-તો તમે અત્યારથી જ સંયમની સાધના માટે આત્માને સંયમિત કરી તમારી પવિત્ર સાધનામાં લાગી જાઓ.

સંયમનો પ્રકાશ આપણા અનન્તના પંથને અજવાળો એવી ભાવનાપૂર્વક આજનું વ્યાખ્યાન પૂર્ણ કરવામાં આવે છે.

# માનવતાનાં સોપાન

: ૧ :

માનવભવ એ એક એવું સ્થાન છે કે એને એકે છેડે પશુતા છે અને બીજે છેડે દેવત્વ. માણસ વિવેક પૂર્વક પ્રસ્થાન કરે તો એ દેવ બને અને વિવેક ભૂલે તો પશુ! માણસ પશુતા ભણી ન લપસી જાય, એ માટે જીવનદ્રષ્ટાઓએ માનવતાનાં અમુક સોપાન નિશ્ચિત કર્યાં છે. માણસ જાગૃતિપૂર્વક એ સોપાને ચઢે તો એ સોપાનદ્વારા પ્રકાશને પામી શકે, માટે આજના પ્રવચનનો વિષય માનવતાનાં સોપાન રાખવામાં આવ્યો છે.

સોપાન એટલે પગથિયાં. સોપાન કોનાં? માનવતાનાં, પશુતાનાં નહિ. પશુતાનાં સોપાન ન હોય, એનો તો ખાડો હોય, પતન હોય; ઉત્થાન તો માનવતાનું હોય. તો પછી એ માનવતાનું મૂલ્યાંકન કરતાં તો આપણને આવડવું જોઈએ ને? એનુ મૂલ્યાંકન કરતાં ન આવડે તો આ માનવભવનો ફેરો નિષ્ફળ જાય, આ ભવનો ફેરો નિષ્ફળ ન જાય અને સફળ થાય એ માટે માનવભવની નીસરણીનાં સોપાન ચઢવાની જરૂર છે. માનવતાનું એક પછી એક સોપાન

જે માનવી ચઢયો નથી, એવો માનવી બાહ્યદૃષ્ટિએ માણસ દેખાવા છતાં અન્તરમાં તો પશુતાનું પ્રદર્શન જ ભરીને બેઠો હોય છે. પશુતાંનું પ્રદર્શન પોતાના જીવનમાં ન ભરાઈ જાય એ માટે માણસે સતત જાગૃતિપૂર્વક પોતાના જીવનનું અને કર્તવ્યોનું અવલોકન કરવું જોઈએ. માણસે માણસાઈના ગુણો વડે આ દુનિયાને માનવતાથી ભરેલી બનાવવાની છે, દૈત્યોની દુનિયા બનાવવાની નથી. માનવ જ્યાં વસતો હોય ત્યાં તો હવામાં પણ ફૂલની જેમ માનવતાની સુવાસ હોય; પણ આજ આપણા કમભાગ્યે જગતમાં માનવતાના અંશો ઓછા થઈ રહ્યા છે. ભગવાન મહાવીરની અહિંસાથી ભરેલા જગતના ચિત્ર સાથે આજના વિજ્ઞાનથી ઘાતક બનેલા જગતના ચિત્રને સરખાવી જોજો ! માણસાઇના દીવા જો બળતા હશે તો આ ચિત્ર જોતાં જ હૃદય ધ્રૂજી ઉઠશે.

## જગતનું ચિત્ર

આજના જગતનું દૃશ્ય કેટલું બિહામણું છે? કેટલાક શ્રીમન્તો ઐહિક સુખમાં જ મગ્ન બની, જીવનના ઉદ્દાત તત્ત્વને ભૂલી બેઠા છે; સત્તાધીશો સત્તાના ઘેનમાં મૂર્ચ્છિત થઇ ઉદ્ઘાટન ક્રિયામાંથી ઊંચા આવતા નથી, કેટલાક ધર્મ-ગુરુઓ પોતાને માટે મઠ–મન્દિર બનાવવાની ધૂનમાં જ્યાં ત્યાં ભમી રહ્યા છે; મધ્યમવર્ગ જીવનનિર્વાહની ચક્કીમાં પિસાઈ રહ્યો છે; વિજ્ઞાનનાં બિહામણાં સાધનો લાખો માનવીઓને મૃત્યુના મોંમાં ધકેલી રહ્યાં છે; અશાન્તિ ડાકણની જેમ આંખો કાઢી માનવી સામે ઘૂરકી રહી છે; આવા વિષમ સમયમાં માનવ-તાનાં તત્ત્વોને વિકસાવે એવા ઉપદેશની ને એ ઉપદેશને જીવન માં

વણનાર જિજ્ઞાસુ શ્રોતાઓની, કોઇપણ સમય કરતાં આજે વધારે-માં વધારે જરૂર છે. જો કે આજકાલ વ્યાખ્યાનો ચારે બાજુ થાય છે, પ્રવચનસપ્તાહ પણ ગોઠવાય છે, લોકો હજારોના પ્રમાણમાં સાંભળે પણ છે; પણ ઘણીવાર તો સાંભળનાર અને સંભળાવ-નારનો હેતુ દિલને ડોલાવવાનો, મનને બહેકાવવાનો, જગતમાં ખ્યાતિ મેળવવાનો અને વાણીના જાદુથી માણસોને મૂર્ચ્છિત કરવાનો હોય છે એમ આજના પ્રવાહ પરથી તમને નથી લાગતું? સાચા ઉપદેશકો અને સાચા જિજ્ઞાસુ શ્રોતાઓ આટલા બધા હોય તો જગતનું ચિત્ર આવું હોય? આવી સ્વાર્થની આંધી હોય ખરી? એટલે જ પ્રશ્ન થાય છે કે ઉપદેશને જીવન સુધારવા માટે સાંભળનારા સાચા જિજ્ઞાસુ શ્રોતા કેટલા? કેટલાક આગમો અને શાસ્ત્રોનો અભ્યાસ કરે છે પણ તે જીવન સુધારવાની બુદ્ધિથી કરે છે કે પછી એમાંથી પણ વિજ્ઞાનના મારકણા પ્રયોગો કરવા માટે કરે છે, તે મને કહેશો? કહેવાય છે કે શાસ્ત્રો જર્મનીમાં ગયાં, ત્યાં વંચાણાં, શોધાણાં અને એમાંથી અણુવાદ અને પરમાણુવાદ સિદ્ધ કર્યો, અંતે એમાંથી નીકળ્યો તો ઍટંબૉમ્બ (Atombomb) ને? શાસ્ત્રોનો પણ કેવો ઉપયોગ? જે સર્જનહાર હતું તેને જ સંહારક બનાવ્યું! કારણ કે માનવ માનવતાના સામે મોરચે જઈને ઉભો છે. સામા મોરચે ઉભેલા માનવને માનવતાના નિકટમાં લાવવાનાં સાધનો જીવન-દ્રષ્ટાઓ આપણને ચિંધી ગયા છે. એ સાધનોનો વિચાર આ પ્રસંગે કરવાનો છે. ક્રમેક્રમે એ સોપાનદ્વારા, એ સાધનદ્વારા માનવતાના સિંહાસન પર આરુઢ થવાનું છે. માનવતાના

સિંહાસન પર ચઢવાના આ ચાર સોપાન છે; શૂર, પંડિત, વક્તા અને દાતા !

આ ચાર નામ સાંભળી તમે મલકાઈ ન જતા. મનમાં એમ ન માનતા કે બે ચારને મારી શકું છું માટે હું શૂરો છું, થોડું ભણ્યો છું એટલે પંડિત છું, બોલતાં આવડે છે માટે વક્તા છું અને થોડું દાન પણ દઉં છું એટલે દાતા છું અને મહારાજે કહેલાં ચારે સોપાન હું ચઢી ગયો છું, એટલે માનવતાના મહાસિંહાસનને માટે હું યોગ્ય છું.

न रणे विजयाच्छूरोऽध्ययनान्न च पण्डितः,
न वक्ता वाक्पटुत्वेन, न दाता चार्थदानतः ।
इन्द्रियाणां जये शूरः धर्मं चरति पण्डितः
सत्यवादी भवेद् वक्ता, दाता भूतहिते रतः ॥

રણમાં જિતી જાય ને શૂરો નહિ, ભણી જાય એટલાથી તે પંડિત નહિ, ભાષણ કરવામાં કુશળ હોય એટલા માત્રથી વક્તા નહિ અને જે માત્ર દાન જ દઈ જાય એટલા માત્રથી દાતા નહિ. પણ જે ઈન્દ્રિયોને જિતે તે શૂરવીર; ધર્મને આચરે તે પંડિત; સત્યથી પવિત્ર બનેલી વાણીને ઉચ્ચારે તે વક્તા અને પ્રાણીઓના હિતમાં જે આસક્ત હોય–અભયદાન આપતો હોય–તે દાતા; આ ચાર ગુણોમાંથી કયા ગુણમાં આપણે પ્રગતિ કરી છે તે હવે અહીં વિચાર કરવાનો છે.

इन्द्रियाणां जये शूर :

જગતને જિતવું સહેલું છે, જગત પર પશુબળથી સામ્રાજ્ય ચલાવવું એ પણ સહેલું છે; પણ ઇન્દ્રિયો પર વિજય મેળવવો, ઇન્દ્રિયો પર આત્માનું સામ્રાજ્ય ચલાવવું એ કઠિન નહિ, પણ અતિ દુષ્કર છે. સાચો વિજયી, તે દેશને જિતનારો નહિ, પણ ઇન્દ્રિયો અને મનને જિતનારો છે. ઇન્દ્રિયો જેના કાબૂમાં નથી, મન જેના હાથમાં નથી એને વિજયી કેમ કહેવાય? એ તો પરાજિત, પરતંત્ર ગણાય. માણસ માને છે કે હું ભોગોને ભોગવું છું; પણ ખરી રીતે તો ભોગો માણસને ભોગવી રહ્યા હોય છે. માણસ ચા પીતો હોય છે ત્યારે ચાને અમૃત માની ગર્વથી કહે છે કે–'હું ચા પીઉં છું.' પણ પચ્ચીસ વર્ષ પછી શક્તિ ક્ષીણ થતાં ખબર પડે છે કે, હું ચા નહોતો પીતો પણ ચા મને પી રહ્યો હતો. ત્યારે એને ખબર પડે છે કે ચા મારે આધીન નહોતો પણ હું ચાને આધીન હતો. બીડી પીનારા પણ ઘણીવાર તાનમાં આવી કહે છે કે–અમે બીડીની મઝા માણીએ છીએ. બીડી એ તો સ્વર્ગની સીડી! આવું બોલનારાઓનું વૃદ્ધાવસ્થામાં હૈયું ખવાઈ જાય છે અને આખી રાત ખૂં ખૂં કરી ઊંઘે પણ નહિ અને પાડોશીને ઊંઘવા પણ દે નહિ, ત્યારે એને ખબર પડે છે કે, બીડીની મઝા હું નહોતો માણતો પણ બીડી મારા કાળજાની મઝા માણતી હતી!

આજ સ્વતંત્રતાના નામની બાંગ પોકારનારા તો ઘણા

છે પણ સ્વતંત્રતા એ કયા પંખીનું નામ છે એ તો મને સમજાવો! જીવન પર જરાય કાબૂ રાખવો નહિ ને છાતી ઠોકીને સ્વતંત્રતાની વાત્તો કરવી છે? તમારી આંખો અપવિત્ર રૂપ અને લાવણ્યને માટે તલસતી હોય; જીભ ભક્ષ્ય-અભક્ષ્યનો વિચાર કર્યા વિના જુદી જુદી વાનીઓ ચાખવા તલસાટ કરતી હોય; કાન ન સાંભળવા લાયક વાતો અને નિન્દાઓ સાંભળવા તૈયાર હોય; ચામડી અપવિત્ર ને સુંવાળા સ્પર્શો માટે ઝંખના કરતી હોય; મન બીજાનું ભુંડું ચિંતવતું હોય; નાકને સુંદર સુવાસ આપવા માટે કુદરતનાં દીધેલાં કોમળ પુષ્પોનો કચ્ચરઘાણ કઢાતો હોય; નાદિરશાહે માણસનાં માંથાં કાપી જેમ થાંભલામાં મઢયાં, તેમ તમે પણ સુંદર ફૂલોને તોડી ફૂલદાનીમાં મંઢતા હો; ગરીબોથી દુર્ગંધ કહી દૂર ભાગતા હો; તો કઈ રીતે માનવું કે તમે ઇન્દ્રિયોને જિતી છે અને સ્વતંત્ર બન્યા છો?

આ તો સારું છે કે માણસના હૈયામાં સામાના વિચારોને જોવાની બારી નથી, એવી બારી હોત તો કેવું પરિણામ આવત? માણસ છપ્પન ઇંચનો ડગલો પહેરી શાહ થઈ આગળ બેસી શકે છે, તે બેસી શક્ત ખરો? માણસના વિચારો એ બારી દ્વારા બીજા માણસને દેખાત તો માણસ માનવ લાગત કે દાનવ? આ દૃષ્ટિએ તો હૈયામાં વિચારો જોવાની બારી ન કરીને કુદરતે માનવ જાતની લાજ રાખી છે ને? માણસ કેવો ક્રૂર બન્યો છે એનો એક દાખલો તમને આપું. હમણાં થોડા દિવસ પર હું એક ભાઈને બંગલે

આહાર લેવા ગયો હતો. એના બંગલાના દિવાનખાનાની દિવાલ પર હરણ અને રોઝનાં શિંગડાં શોભા માટે ટાંગ્યાં હતાં. આ જોઇ મને થયું માણસ કેવો ક્રૂર બન્યો છે! પોતાના ઘરને શણગારવા માટે હરણ અને રોઝ જેવાં નિર્દોષ પ્રાણીઓને મારીને પણ એનાં શિંગડાંથી ગૃહશોભાને વધારે છે અને પોતાની જાતને કલારસિક કહેવડાવે છે! માણસે વિવેક શક્તિ ખોઈ, સ્વાર્થી બની ઈન્દ્રિયોના પ્રવાહમાં તણાઈ અને આત્માની અનંત આનંદમય શક્તિ પર પાણી ફેરવ્યું.

આત્માના સામર્થ્યને હણનાર વાસના છે. વાસનાનાં વસ્ત્રોએ આત્માના પ્રકાશને ઢાંકયો છે અને આત્મા એ પહેરી એમાં ઢંકાયો છે. આ જ કારણે વાસનાના સામ્રાજ્યમાં આત્માને ઘણા પિછાનતા પણ નથી, પિછાનતા હોય તો પણ એ માટે સચિન્ત નથી. આત્માને નિરખે, એના સામર્થ્યને પારખે, તો એને સમૃદ્ધિથી છલકાતા રાજાધિરાજનો વૈભવ પણ તુચ્છ લાગે. એ શ્વાનની જેમ સત્તાધીશોની અને શ્રીમંતોની ખોટી ખુશામત ન કરે. તમને ખબર હશે કે બર્નાર્ડ શૉએ ભગવાન મહાવીરના કલ્યાણક વખતે કહ્યું હતું:–

Give me that man, who is not passions' slave and, I will wear him in my hears core.'

મને એવો માણસ આપો કે જેણે ઇન્દ્રિયોને જીતી હોય, વાસનાનો–વિષયોનો ગુલામ ન હોય, તેને હું મારા હૈયાના ઊંડામાં ઊંડા ખુણામાં પધરાવીશ. શૉનું આ વાકય

કેટલું ભવ્ય છે! એ કહે છે કે મારા હૈયાના દિવાનખાનામાં શહેનશાહની છબી નહિ ટાંગુ, પણ ઇન્દ્રિયોને જિતનારની છબી ટાંગીશ. વાહ! કેવી માંગણી! હું તમને પૂછું: તમે તમારા દિલના દિવાખનાનામાં કોની છબી ટાંગી છે? રામની કે રમાની? ધર્મની કે ધનની? વાત્સલ્યની કે વાસનાની? જવા દો. એ તમે નહિ કહો તોય ચાલશે. પણ એ વાત ચોક્કસ છે કે દિલનું દિવાનખાનું છબી વિના ખાલી તો કદી નહિ જ રહે. તમે વિકાસની છબી નહિ ટાંગો તો વિનાશની છબી એની મેળે ટિંગાઈ જશે. વિનાશની છબી પસંદ ન હોય તો વિકાસની છબી લાવો અને વિલાસની છબી લાવવા માટે વાસના પર વિજય મેળવો!

સિકંદરના દિલમાં ઉપસેલી વિનાશની ભયંકર છબીને ભૂંસી નાખવાનો વિચાર ઈ. સ. પૂર્વે ૩૨૫ માં ઍરિસ્ટોટલને આવેલો મેસિડોનીઆના મહાન વિજયી સિકંદરે દિગ્વિજય કરવા પ્રયાણ કર્યું અને ભારત ભણી કૂચ આદરી ત્યારે તેના ગુરુ ઍરિસ્ટોટલે, એને જીવનની મહત્તાનું ભાન કરાવવા એની પાસે એક માંગણી કરી.

यदि जो हो शके राजन ! तो जैनी गुरुको ले आना ।
ज़िनोने ज्ञानको पाकर गहरे तत्त्वको जाना ॥

યુદ્ધને અન્તે પંજાબથી પાછા ફરતા સિકંદરે ઍરિસ્ટોટલે માંગણી કરેલા જૈન સાધુની શોધ કરાવી. શોધ કરવા એના સૈનિકો ચારે તરફ ફરી વળ્યા. ઘણી શોધ પછી એક નદી કિનારે બેઠેલા અને આત્મસમાધિમાં ડૂબેલા એક મસ્ત

સાધુ મળી આવ્યા. સૈનિકોએ કહ્યું : 'મહારાજ ! ચાલો, જલદી કરો; દિગ્વિજયી સિકંદર તમને યાદ કરે છે; તમારું તો કામ થઈ ગયું ! અરે, તમારો તો ઉદ્ધાર થઈ ગયો. જલદી કરો, જલદી."

તમે વિચાર કરી જુઓ, સિકંદર સંતનો શું ઉદ્ધાર કરવાનો હતો ? પણ આ તો રહ્યા દાસ ! એ તો એમ જ માને કે સિકંદર જેને પ્રેમથી યાદ કરે તેનું ભાગ્ય ઉઘડી ગયું. તમને પણ અહિંના પ્રધાન આ રીતે બોલાવી માન–પાન આપે તો ખુશ ખુશ થઈ જાઓ ને ? અને બધે કહેતા ફરો ને કે, મારે તો પ્રધાનો સાથે દોસ્તી છે ! હું આમ કરું ને તેમ કરું. પણ આ તો રહ્યા સંત. ઍરિસ્ટોટલે જાણીને જ આવા જૈન સાધુને લાવવાની માગણી કરી છે. ઘડીમાં રીઝે ને ઘડીમાં ખીજે તો તે સંત કેમ કહેવાય ? એ તો મેરુ પર્વતની જેમ અડોલ હોય. મેઘ ગંભીર વાણીમાં સંતે કહ્યું : 'સિકંદર કોણ છે, તે હું જાણતો નથી. તમે કહો છો કે, એ દિગ્વિજયી છે તો આનંદની વાત છે; પણ મહાન વિજયતાને મારો એક નમ્ર પ્રશ્ન પૂછજો 'તમે દિગ્વિજય તો કર્યો પણ ઇન્દ્રિયવિજય કર્યો ? ઈન્દ્રિયોનો વિજય કર્યો હોય તો તમારા ચરણોમાં આવવા હું તૈયાર છું. પણ જો માત્ર જગતને જ જિત્યું હોય, તો હું આવવા તૈયાર નથી.'

સિકંદરને આત્મા શું વસ્તુ છે એની ખબર ન હતી. એને તો વિશ્વવિજયની ધૂન લાગી હતી. એ ધૂનમાં જ એ પાગલ બન્યો હતો. આવા ધૂનીને આત્મચિન્તા માટે કે આત્મજાગરિકા

માટે સમય ક્યાંથી હોય ? ભૌતિકતાના રંગે રંગાયેલા સિકંદરને સંતે પૂછાવેલો પ્રશ્ન સાવ જ નૂતન લાગ્યો. એને તો એમ જ થયું કે, પોતાનું નામ સાંભળી ભલભલા યોદ્ધાઓ પણ ઝૂકી પડે, ત્યાં આ વળી કોણ કે જે સામે થઈ પ્રશ્ન પૂછે ? રાજાઓ મળ્યા, મહારાજાઓ મળ્યા, વીર પણ મળ્યા અને ધીર પણ મળ્યા, પણ આવો પડકાર કરનાર તો હજુ સુધી કોઈ નહોતું મળ્યું. પ્રશ્ન કરનારનું કેવું સામર્થ્ય ? અને આનો પ્રશ્ન ? એ તો વળી સાવ જ વિચિત્ર ? અને છતાં કેટલો ઊંડો, ગંભીર ને હૃદયસ્પર્શી ? એટલે, એ જાતે જ મુનિ પાસે પહોંચ્યો, મુનિનો પ્રેમાળ ધર્મલાભ સાંભળતાં જ એના હૃદયમાં ભાવનાનું પૂર આવ્યું.

'સંત ! આપ મારી સાથે પધારો. અતિ માનથી હું આપને મારા દેશમાં લઈ જઈશ. વિજયયાત્રાના પ્રસ્થાન કાળે મારા ગુરુ ઍરિસ્ટોટલે જૈન સંતને સાથે લાવવાની માંગણી કરી હતી, તો આપ પધારો. સુંદર વાહનો, ભવ્ય મહેલો, આનન્દથી ઉભરાતાં ઉપવનો, હીરા, માણેક, મોતી....જે જોઈએ તે આપને માટે તૈયાર છે. માત્ર તમે મારી સાથે ચાલો...." વિજયના ગર્વથી છલકાયેલો યોદ્ધો એક પછી એક શબ્દ ઉચ્ચારવા લાગ્યો. કેટલાક શ્રીમન્તો અને સત્તાધીશો એમ જ માને કે પૈસાથી ને સત્તાથી બધું ખરીદી શકાય છે. એમાં સંતો થોડા જ બાકી રહે છે ? એ લોકોની વાત શું કરવા કરીએ ? તમારી જ માન્યતાનો વિચાર કરો ને ? તમેય એમ જ માનો છો ને કે–ધનથી ધર્મ ને સ્વર્ગ બધું મેળવી શકીશું, માટે ધન ભેગું કરો. આહ ! મોહના સામ્રાજ્યે જગત ઉપર

કેવો ઘેરો ઘાલ્યો છે? પણ અહિ તો મુનિએ પોતાનો ધર્મ સમજાવ્યો. ધન, વાહન, વૈભવ, વનિતા વગેરેનો સ્પર્શ પણ ન કરાય એવી શ્રમણધર્મની મર્યાદા સમજાવી, અને પોતાના ધર્મક્ષેત્ર અને કાર્યક્ષેત્રને છોડી ત્યાં ન આવવાની મક્કમતા જણાવી. પણ સિકંદર જેનું નામ! એ શેનો માને? એનો ગર્વ છંછેડાયો, આજ્ઞા આગળ ધર્મ કેવો! ને મર્યાદા કેવી! ધરતીને ધ્રૂજાવી નાંખે એવા સત્તાવાહક શબ્દોમાં સિકંદર પ્રગટ્યો. "મહારાજ! ધર્મ ને મર્યાદા એ તો નિર્બળોનું આશ્વાસન છે. એ ઉપદેશ કોઈ શક્તિહીનને આપજો. અત્યારે હું મર્યાદા અને ધર્મ સાંભળવા નથી આવ્યો. પણ તમને લેવા આવ્યો છું. તમારે આવવું જ પડશે. મારી આજ્ઞાનો અનાદર કે પ્રતિકાર કરનાર રાજાધિરાજ પણ ધૂળમાં મળી ગયા, એ તમે જાણો છો? તમે મને ના કહેશો તો તમારી શું સ્થિતિ થશે તેનો વિચાર તમે કર્યો છે?...." એનો હાથ સોનાના મૂઠાથી ચમકતી તલવાર પર ગયો અને તેજસ્વી તલવાર મ્યાનમાંથી બહાર નીકળી.

ચાન્દની જેવું શાન્ત ને મધુર સ્મિત કરી આત્મશ્રદ્ધાથી ઝળહળતા શબ્દોમાં મુનિએ કહ્યું: "સિકંદર! દિગ્વિજયી સિકંદર! જરા શાન્ત થાઓ. આ સમરાંગણ નથી, પણ સમતાંગણ છે! અને તલવાર તો રાજન્! શરીરને છેદે, પણ તારી સામે તો આત્મા છે. આત્મા શસ્ત્રોથી છેદાતો નથી, પાણીથી ભીંજાતો નથી, પવનથી સુકાતો નથી ને પ્રચંડ અગ્નિની જ્વાળાઓથી પણ દાઝતો નથી. આત્મા તો અમર છે. નાશ પામે એ તો આ શરીર છે. રાજન! શાશ્વત આત્માને અશાશ્વત તલવાર કઈ રીતે કાપી શકે?"

જીવનમાં કદી નહિ સાંભળેલી સંતની અજેયવાણી સાંભળતાં સિકંદરનું હૃદય આત્માની અલૌકિક દુનિયામાં વિહરવા લાગ્યું. આત્માની પ્રચંડ શક્તિનું ભાન એને થવા લાગ્યું. મૃત્યુના ગુરુ જેવા આ સંતના શબ્દો સાંભળતાં, એના હાથમાંથી તલવાર સરી ગઈ. સમરાંગણમાં મોરચા પર એણે મરણિયા થઈ ઘૂમતા લાખો વીર યોદ્ધા જોયા હતા; પણ મૃત્યુના મંડપમાં પણ આ સંતના મુખ ઉપર અમરતાની જે કાન્તિ ઉપસી આવી તે તો સાવ જ અલૌકિક હતી. આની સાથે જાણે કોઈનીય સરખામણી ન થાય !

આ શબ્દો ગંભીરતાથી વિચારવા જેવા છે. આવા મરણોપસર્ગના વિષમ સમયે પણ મુનિ કેવો નિર્ભય ઉપદેશ આપે છે? કારણ કે એમણે ઇન્દ્રિયોના વિષયોને જિતી, આત્મ સ્વરૂપ જાણ્યું છે. ઇન્દ્રિયોના વિજયતાને મરણ ધ્રૂજાવી શકતું નથી, એથી તો, મરણ પોતે જ ધ્રૂજે છે. મરણનો ભય વધ્યો છે, મરણનું નામ સાંભળી માણસ કંપે છે; કારણ કે અમરતાની વાત ભૂલાણી અને કાયાની માયા વધી. કાયાની મમતાએ માણસને પામર બનાવ્યો છે, સત્ત્વહીન બનાવ્યો છે અને હિંસક ભાવનાથી તરબોળ બનાવ્યો છે. જેણે અમરતાનાં ગીત ગાયાં છે, એ તો વિષમ વિપત્તિમાં પણ નિર્ભય ને વાત્સલ્યભર્યો હોય. ચંડકૌશિક નાગ જ્યારે ચારે બાજુ પોતાની વિષદૃષ્ટિ ફેંકતો હતો ને પ્રાણીઓનો સંહાર કરતો હતો ત્યારે પ્રેમદૃષ્ટિ લઇ પ્રભુ મહાવીર ત્યાં પહોંચ્યા. એમને જોતાં જ વિષધર ધસી આવ્યો. ફૂંફાડો મારી, પ્રભુના ચરણે જોરથી ડંખ મારી દૂર ભાગ્યો. એના મનમાં એમ જ હતું

કે, હમણાં મારા કાતિલ ઝેરથી મૂર્ચ્છિત થઈ આ માણસ મારા પર ગબડશે. પણ ત્યાં તો પ્રભુએ એમની અમીભરી પ્રેમદૃષ્ટિ એ વિષધર પર વર્ષાવી અને બોલ્યા: "ઓ ચંડકૌશિક! જરા સમજ! બૂઝ! તું કોણ હતો તેનો તો તું વિચાર કર. તું તો એક વખત પવિત્ર સાધુ હતો, પણ ક્રોધ કરવાથી, અને પ્રેમની દૃષ્ટિ ખોવાથી તું મરીને નાગ થયો. મૈત્રીની દૃષ્ટિ ખોઈને ઝેરી દૃષ્ટિ કેળવી, એટલે તું સંત મટી સર્પ થયો!...." ભ૦ મહાવીરની પ્રેમના પ્રકાશથી ભરેલી અમરવાણી સાંભળી સર્પને પણ આત્મજ્ઞાન થયું. એણે ઝેરને વમી અમૃતનો માર્ગ લીધો, સર્વ સમર્પણ કરી, અનશન સ્વીકારી, અમરત્વને પામ્યો.

આહ! પ્રેમનો કેવો પ્રભાવ! પ્રેમના સામ્રાજ્યમાં કોઈ વૈરી નથી, કોઈ ઝેરી નથી, કોઈ અધમ નથી, કોઈ ઉત્તમ નથી. કોઈ ઉચ્ચ નથી. કોઈ નીચ નથી! ત્યાં તો કેવળ નિભર્યતા અને વાત્સલ્યનો પ્રકાશ વિલસે છે!

મુનિએ કહ્યું: સિકંદર! માનવી મૃત્યુથી ગભરાય છે. કારણ કે એણે ઇન્દ્રિયવિજય કર્યો નથી. જો એણે ઇન્દ્રિયોને જિતી જ હોય તો તો એ એમ જ કહે:—

અનન્તના પ્રવેશ દ્વારે, મૃત્યુ તો પરિચારિકા,
જે જીર્ણ વસ્ત્રો પરિહરીને, નવીનને પહેરાવતી;
એ મૃત્યુથી હે માનવી! તું કાં ડરે? તું શા ડરે?

મૃત્યુ આવે તો આવવા દો. એ નવાં નવાં વસ્ત્રો પહેરાવનારી સુંદર સેવિકા છે. એને જોઈ ગભરાઓ છો શા

માટે? પણ આ સુંદરી તેને જ નવાં ને સુંદર વસ્ત્રો પહેરાવે છે કે જેણે જીવનમાં કંઇક સારાં કાર્યો કર્યાં હોય, જેણે સંયમ પાળ્યો હોય, પ્રેમની હવા ફેલાવી હોય, વાત્સલ્યનો પ્રકાશ પાથર્યો હોય. એવો માણસ તો મૃત્યુ કુમારિકાને જોતાં આનન્દ પામવાનો. પણ જેણે ઇન્દ્રિયોને જિતી નથી, વેર-ઝેરનો દાવાનળ પ્રગટાવ્યો છે, એવો માણસ તો મૃત્યુનું નામ સાંભળતાં જ કંપી જવાનો-ધ્રૂજી ઉઠવાનો! તમે મરણથી ગભરાઓ છો કે નિર્ભય છો? જો ગભરાતા હો તો એ ભયનું *કારણ શોધી કાઢો. સદ્કર્તવ્યોનો અભાવ અને ઇન્દ્રિયગણની* સ્વચ્છન્દતા તો મૃત્યુના ભયનું કારણ નથી ને? એ સિવાય બીજું શું હોઇ શકે?

સંતના આ પ્રભાવશાળી વીર વચનો સાંભળી, સિકંદર એમના ચરણોમાં ઢળી પડયો. એણે કહ્યું: "હવે મને સમજાય છે કે મારા ગુરુએ જૈન સાધુની માંગણી કેમ કરી હતી! મારા અભિમાનને ગાળવા જ એમણે આ ભલામણ કરી હતી. આત્મા માટે દેહને ફૂલ કરનારા વીરો પણ આ વિશ્વમાં છે-*એમ આપના દર્શન પહેલાં મને કોઇએ કહ્યું* હોત તો હું ન માનત. પણ આજ આપના દર્શનથી તો એ સત્યની મને ખાત્રી થઇ છે. આપના મિલનથી મને સમજાણું કે જગતને જિતનાર કરતાં પણ ઇન્દ્રિયોને જિતનાર મહાન્ છે-શૂરવીર છે! ધીર ને વીર તે જ કહેવાય કે, જે વાસનાનો ગુલામ નહિ, પણ જે સંતોષનો સંતાન છે. આપ મને કંઇક એવો સંદેશ આપો જે લઇ હું મારી માભોમ તરફ જાઉં અને એ અમર સંદેશ મારા જીવનમાં ઉતારી, એ દિવ્ય સંદેશ મારા દેશ બાન્ધવાઓને પહોંચાડું!......."

જોયું, ત્યાગનો પ્રભાવ કેવો છે? સિકંદર જેવો ઘમંડી પણ ત્યાગ આગળ ઝૂકી પડયો. વિશ્વની એવી કોઈ તાકાત નથી, જે ત્યાગ સામે પડકાર કરે! સૂર્યનો ઉદય થતાં જેમ અન્ધકારના ડુંગરા પણ ઓગળી જાય, તેમ ત્યાગનો મહિમા પ્રગટતાં, ભોગીઓ એની આગળ ઓગળી જાય! અને તેથી જ કોઈને ય નહિ નમનારો અક્કડ સિકંદર નમ્ર બની સંતના ચરણમાં ઢળી પડયો. એના આત્માનાં દ્વાર ઉઘડી ગયાં અને ઉપદેશ ગ્રહણ કરવા યોગ્ય બન્યો. તમારે પણ ઉપદેશ સાંભળવા માટે આવી નમ્રતા અને જિજ્ઞાસા કેળવવી જોઈએ ને? નમ્રતા અને જિજ્ઞાસા વિનાના શ્રોતાને ઉપદેશ સંભળાવવો એ તો ઊંધા ઘડા પર પાણી રેડવા જેવું છે. એથી બન્નેને નુકશાન. પાણી નિષ્ફળ જાય ને ઘડો ખાલીને ખાલી રહે. જો કે આ તો વિવક્ષાએ વાત છે. નહિતર વક્તાને તો એકાન્તે લાભ છે જ. એ તો એક કલાક નિર્જરા જ કરતો હોય. પણ સાધારણતઃ વ્યાખ્યાનકારે પણ સભા નિરક્ષણ તો કરવું જ રહ્યું કે—આમાં કોની કેટલી પાત્રતા છે? પાત્રતાનો પ્રભાવ કોઈ અજબ છે. પાણી એકનું એક જ છે. પણ પાત્રના ભેદથી પરિણામ જુદું આવે છે. સ્વાતિ નક્ષત્રનું પાણી છીપમાં પડે તો મોતી થાય, ફળદ્રૂપ ભૂમિમાં પડે તો સારું અનાજ થાય, ને સર્પના મોંમાં પડે તો ઝેર થાય.

पात्राऽपात्र विवेकोऽस्ति, धेनुपन्नगयोरिव ।
तृणात् संजायते क्षीरं, क्षीरात् संजायते विषम् ॥

પાત્ર અને અપાત્રનું કેટલું અંતર છે તે બતાવવા માટે આ એક સુભાષિત જ બસ છે. ગાયને તૃણ—ઘાસ ખવડાવો

તોય તેનું દૂધ થાય. અને સર્પને દૂધ પાઓ તોય તેનું હલાહલ ઝેર થાય! પાત્રનો કેવો પ્રભાવ!

મુનિએ પણ સિકંદરમાં હવે નમ્રતા અને જિજ્ઞાસાદ્વારા પાત્રતા જોઇ, અને કહ્યું: "તમે જે આપી ન શકો તે તમારે લેવું નહિ....!" મુનિનું આ રહસ્યપૂર્ણ વાકય એમને ન સમજાણું, એટલે સિકંદરે કહ્યું: "હું આ મહાવાકયનો અર્થ સમજી શકયો નથી એટલે કૃપા કરી આપ મને વિસ્તારથી સમજાવો...."

કરુણાપૂર્ણ સંતે કહ્યું:–રાજન! કોઇનું લૂંટેલું ધન તમે એને પાછું આપી શકો છો, કોઈનું ઝૂંટવેલું રાજ્ય પણ તમે પાછું અર્પી શકો છો; પણ કોઇના લીધેલા પ્રાણ તમે આપી શકો ખરા? જે પ્રાણ દેવાનો અધિકાર તમને નથી તે પ્રાણ તમને લેવાનો અધિકાર પણ નથી. માણસ બધી વસ્તુઓ આપી શકે છે, પણ એ જીવન કોઇને ય આપી શકતો નથી. તો પછી બીજાનાં જીવન યુદ્ધનાં પડદા નીચે લેવાનો હક્ક તમને કોણે આપ્યો....?" સંતના આ વચનો સાંભળી એ નાચી ઉઠયો. યુદ્ધવિરામ અને અહિંસાનો મહામંત્ર એને આ વચનોમાં દેખાણો. અને અહિંસક જીવન જીવવાની પ્રતિજ્ઞા લઇ મુનિને પ્રેમ અને બહુમાનથી નમન કરી. એ પોતાના દેશ ભણી ઉપડયો!

ઍરિસ્ટોટલે સિકંદરને પૂછ્યું "કેમ મેં મંગાવેલી વસ્તુ લાવ્યા? ન લાવી શકયા ને? ભાઇ! મારે એ સંતને અહિ લાવવા નહોતા, પણ મારે તો તમારું ઘેન ઉતારવું

હતું. સત્તા ને શ્રીમન્તાઇથી જગતની બીજી કોઇ પણ વસ્તુ ખરીદી શકાતી હોય તો પણ, ત્યાગ તો નથી જ ખરીદી શકાતો. સત્તા ને શ્રીમન્તાઇ આગળ બીજી કોઇ પણ વસ્તુ પીગળી શકે પણ, ત્યાગ જ એક ઉન્નતને અણનમ રહી શકે છે. સર્વ વસ્તુને ભય છે પણ ત્યાગ જ એક અભય છે. ઍરિસ્ટોટલની આ વાત સાંભળી સિકંદર એમને ભેટી પડયો.

*

## વાચાની મર્યાદા

મિત્રો ! બોલતાં આવડે તો જરૂર બોલજો. જગતને નૂતન સંદેશ આપવા જેવો તમારી પાસે છે, એમ તમારા આત્માને લાગે તો ન બોલતા હો તો પણ જરૂર બોલજો. પણ તમારા બોલવાથી માત્ર જગતમાં શત્રુઓ જ ઊભા થવાનાં હોય, તો બોલતા હો તો પણ ન બોલશો. આથી માનવ જાતનું હિત કદાચ તમારા હાથે નહિ થાય તો પણ અહિત તો નહિ જ થાય.

ચિત્રભાનુ

# માનવતાનાં સોપાન

: ૨ :

## धर्मं चरति पण्डित :

સંત અને સિકંદરના આ પ્રસંગ દ્વારા ઇન્દ્રિયોને જિતે તે શૂર, આ વાત આપણે વિચારી ગયા. હવે આવે છે પંડિત. પંડિત કોણ? શાસ્ત્ર ભણે, શ્લોકો પોપટની જેમ બોલી જાય કે ભડભડ સંસ્કૃત બોલવા માંડે એટલા માત્રથી તે પંડિત ન કહેવાય. પંડિત તે જ કહેવાય કે જે ધર્મને વિવેક પૂર્વક આચરતો હોય, પોતાની ફરજ જે સમજતો હોય, અને અત્યારે પોતાનું પ્રાપ્ત કર્તવ્ય શું છે એનો વિચાર કરી, અયોગ્યને છોડી, યોગ્યનો આદર કરતા હોય; તે પંડિત કહેવાય. આવો પંડિત આ દુનિયાના ભોગમાં રાચે ખરો? એ વિલાસનાં સાધનો મેળવી નાચે ખરો? એ જગતની સંપતિમાં માચે એમ તમે માનો છો? ત્યારે સાચો પંડિત આ દુનિયાને શું માને? કહો જોઇએ? સાચો પંડિત આ દુનિયાને એક વિશાળ મુસાફરખાનું માને. આ મુસાફરખાનામાં રોજ લાખો આવે છે, અને લાખો જાય છે. માણસ માને છે: હું કંઈક છું. એ હું–પદના ઘમંડમાં ડોલનારા પણ ધૂળમાં મળી ગયા. જેઓ એક ફૂંક મારી જગતની રાખ કરી શકતા હતા,

એમની રાખ આજે શોધીયે જડતી નથી. જગતના ગમે એવા સત્તાધીશ કે ધનવાન માણસને પણ આ જગતમાંથી જવાનું એ તો નક્કી છે ને?

માણસ મોટો છે માટે કંઇ મૃત્યુ એની વાટ જોઈને ઉભું રહેવાનું નથી. મૃત્યુની ગાડી તો રાતદિવસ ચાલી જ જાય છે. અને જે એના ઝપાટામાં આવે, તેને ઉપાડતી જ જાય છે. જગતની ગાડી તો મોટા માણસની શરમને લીધે કદાચ થંભાવી શકાય, પણ આ મૃત્યુની ગાડીને ગમે એવો સત્તાધીશ પણ થંભાવી શકે એમ તમને લાગે છે? શું તમારો પૈસો મૃત્યુની ગાડીને એક સેકન્ડ (Second) પણ નહિ રોકી શકે? એમ માથું ડોલાવે નહિ ચાલે. જરા સ્પષ્ટ શબ્દોમાં કહો તો આ સામાન્ય માણસોને પણ ખબર પડે કે આ શેઠ આટલા શ્રીમંત હોવા છતાં પણ કહે છે કે, અમારો પૈસો ને અમારી આવડત અમને બચાવશે તો નહિ, પણ એનો સદુપયોગ ન થયો તો અમને ખેંચીને નર્કમાં લઇ જશે. કેમ આ વાત ખરી છે ને? 'જી' વાહ, રંગ રાખ્યો. આમ જોરથી બોલો તો આ માનવ મેદની પણ સાંભળી શકે. સુખી માણસોએ તો વળી આ વાત ઉપર ખૂબ વિચાર કરવો જોઇએ કે, સંસાર એ મુસાફરખાનું છે. અહિં ગમે એટલું ભેગું કરીશું તોય છોડયા વિના છૂટકો નથી. હું આ વૈભવને નહીં છોડું તો એ મને છોડશે. હસતાં હસતાં નહિ ત્યજું તો રડતાં રડતાં ત્યજવું પડશે. બાપડા થઇને છોડવા કરતાં બહાદૂર થઇને છોડો ને! કે જેથી લોકો પણ તમારી પાછળ એમ કહે કેઃ—ખરો ભડનો

દીકરો નીકળ્યો. ભોગોએ એને નથી છોડયો પણ એણે ભોગોને લાત મારી. ધન્ય છે આના ડહાપણને! સંસારમાં રહ્યો પણ એમાં ફસાણો નહિ. ધન મળ્યું પણ એમાં મુંઝાણો નહિ. સંસારને મુસાફરખાનું માની નીકળી ગયો!

## રઘુકુલનો ત્યાગ

શ્રી રામના વનવાસની વાત તો જગપ્રસિદ્ધ છે ને? રામાયણનો એ કરુણ છતાં સોહામણો પ્રસંગ વિચારવા જેવો છે. આખી અયોધ્યામાં આનન્દની હવા જામી છે. શ્રી રામચંદ્રજીના રાજ્યાભિષેકની તૈયારી ઘણા જ ઉત્સાહ પૂર્વક પૌરજનો કરી રહ્યા છે. આ ઉત્સવ એકલા રાજાનો નહિ, પણ પ્રજાનો પણ ખરો. કારણ કે આવા ભલા રાજાના રાજ્યાભિષેકથી પ્રજાને શાન્તિ ને સુખ મળવાનાં છે. એટલે આજની જેમ કેવળ રાજ્યને જ ખર્ચે એ ઉત્સવો નહોતા થતા, પણ પ્રજાનાં તન–મન અને ધન પણ એમાં મળતાં; એટલે એ ઉત્સવનો આનન્દ કોઈ ઓર જ આવતો! આ સમયે શ્રીરામ શૃંગારગૃહમાં વસ્ત્રાલંકાર પહેરી રહ્યા છે. હાથમાં હીરાથી જડેલો મુગટ લેતાં એ વિચાર કરે છે કેઃ–આ મુગટના ભારને વહન કરવા હું સમર્થ છું ખરો? આજ હું નાગરિક છું, આવતી કાલે હું રાજા થઇશ અને આખી અયોધ્યાની જવાબદારીનો બોજો મારા શિરે આવશે. તો આ વિશાળ જવાબદારીના ભારને ઉપાડવા હું સમર્થ છું ખરો? રાજ્યાભિષેકના આનંદભર્યા પ્રસંગે, ગંભીર બની, શ્રીરામ વિચાર કરે છે. આવા પ્રસંગે પોતાની જવાબદારી ને લાયકાતનો વિચાર કરનારા

કેટલા? આજકાલ પોતાની લાયકાતનો વિચાર કર્યા વિના સત્તાની પડાપડી માટે જે દોડાદોડ કરે છે, એનું જ આ ક્લેશમય પરિણામ છે. સૌને સત્તા જોઈએ છે, શક્તિનો કે સંયમનો વિચાર કોઈનેય કરવો નથી. જ્યાં સત્તાની જ ભૂખ જાગે ત્યાં કેવું કારમું પરિણામ આવે, તેનો જ અહિ વિચાર કરવાનો છે. જે સમયે શ્રીરામ પોતાના કર્તવ્યની વિચારણા કરી રહ્યા છે, તે જ પ્રસંગે કૈકયી પોતાના તુચ્છ સ્વાર્થનો વિચાર કરે છે. શ્રી દશરથજી પણ આજે આનંદમાં છે, પોતાના લાયક પુત્રનો રાજ્યાભિષેક થવાનો છે. પોતે આજ દિવસ સુધી ઉપાડેલી રાજ્ય ધૂરા પોતાના યોગ્ય ઉત્તરાધિકારીને ખાંધે મૂકાય છે, એની ખુશાલીમાં એ મનમાં મલકાય છે, પોતે મુક્ત બને છે અને યોગ્યના હાથમાં રાજ્યનો દોર સોંપાય છે. રાજ્યની દૃષ્ટિએ જીવનનો આ છેલ્લો પ્રસંગ શાન્તિથી પતી જાય તો પોતે હવે જીવનના ઉત્તરાર્ધમાં કંઈક આત્મસાધના કરી શકે, એમ એ ભાને છે. એટલે જ એ સુંદર વસ્ત્ર પહેરી મહેલમાંથી બહાર નીકળવા જાય છે. ત્યાં બારણામાં જ કૈકયી આવી ઊભાં રહ્યાં. આ ચતુર સ્ત્રીએ આજે સોળે શણગાર સજ્યા છે. માણસને મત્ત બનાવી દે એવો એનો શૃંગાર છે. સ્વાર્થની મદિરાથી એની મસ્ત આંખો ઘૂમી રહી છે. આકર્ષણ વૃદ્ધ ઉપર પણ શું કામ કરે છે તે તમે વિચારી જોજો. જ્ઞાનીઓ કહે છે કે, પ્રલોભનકારી પદાર્થોથી દૂર રહો. એનો મારકણો સ્વભાવ જતો નથી, ઝેર તે ઝેર છે. તે વૃદ્ધનેય મારે ને યુવાનનેય મારે, ભણેલાનેય મારે અને અભણનેય મારે. જે ખાય તે મરે! ઘણા કહે છે ને કે

અમે તો હવે વૃદ્ધ થયા, ઘરડા થયા, અમારી ઈન્દ્રિઓ શિથિલ થઈ. હવે અમને વિષયની ભૂખ ન જાગે. અમે તો હવે અનાસક્ત છીએ–પણ હું કહું છું કે, જવા દો એ દંભને! તમે કેવા અનાસક્ત છો તે જ્ઞાનીઓ અને માનસશાસ્ત્રીઓથી અજાણ્યું નથી. પાંચ ઇન્દ્રિયોના ત્રેવીશ વિષયો અને બસો ને બાવન વિકારોમાં મગ્ન રહેવું અને પાછી અનાસક્તિની વાતો કરવી!

કેટલાક વૃદ્ધો માટે તો કહેવાય છે કે શારીરિક શિથિલતાને લીધે બાહ્ય દૃષ્ટિએ શાન્ત દેખાતા હોય પણ સીનેમામાં કે નાટકમાં જાય એટલે નટીઓને જોઇ વેંતવેંત ઊંચા થઇ જાય! જોઇ ને આ બુઢાઓની અનાસક્તિ! વૃદ્ધ થવા છતાં વાસના ન જાય તો એ આખા કુળને કુમાર્ગે લઇ જાય. જેમ વાળ ધોળા થતા જાય તેમ તેમ હૈયું પણ ધોળું થવું જોઇએ.

શ્રી દશરથજી ઉપદેશ સાંભળ્યા પછી વિરાગી બન્યા છે. એમણે પોતાના હૈયાને હવે કેળવ્યું છે. એટલે એ વિચાર કરતા આવે છે કે–હવે રાજ્યનો ભાર ઉતારી હું હળવો બનું ને સંયમની સાધના કરું—એ જ પ્રસંગે બારણામાં જ ઉભેલાં કૈકયીને જોઇ એમણે પૂછ્યું: 'કાં બારણામાં કેમ? આજે તમે ઉદાસ કાં જણાઓ છો? આજ તો આનન્દનો દિવસ છે, જે જોઇએ તે માંગો. આજે કંઇ જ મોંઘું નથી.' ત્યારે કૈકયીએ કહ્યું: 'શું માંગુ? મારે બીજું માંગવાનું શું હોય? તમારી જેમ મારો ભરત પણ ત્યાગના રંગે રંગાણો છે. મારા હાથમાંથી તો પતિ ને પુત્ર બંને જાય છે. એટલે પુત્રને રોકવાનો માર્ગ એક છે. રામને બદલે ભરતનો રાજ્યાભિષેક કરો, અને તમે

લગ્ન કાળે આપેલું વચન પાળો; એ જ પ્રાર્થના'–કૈકયીના આ વચનો સાંભળતાં શ્રી દશરથજીને પોતાની છાતી પર મોટી શિલા પડી હોય એવો કારમો આઘાત થયો. આનન્દ ઉડી ગયો. લોહી થીજી ગયું. એકદમ મૂર્ચ્છા આવી ને ધરણી પર ઢળતાં કહ્યું. " તથાસ્તુ...." મોહનું સામ્રાજ્ય કોઇ અજબ છે. મોહ એ વૈરાગ્ય વાસિત હૈયાઓના બંધને પણ તોડી નાંખે છે. નાવિક સાવધાન ન રહે તો કિનારે આવેલી નૌકાને પણ મોહના મારકણા વાયરા મધ દરિયે ખેંચી જાય !

શ્રી દશરથજીની મૂર્ચ્છાના દુઃખદ સમાચાર અન્તઃપુરના માણસે શ્રી રામચન્દ્રજીને આપ્યા. આ સમાચાર સાંભળતાં વિનયી શ્રીરામ સ્તબ્ધ બની ગયા. આ વખતે શ્રી રામચન્દ્રજીને એક જ વિચાર આવ્યો: મારું કર્તવ્ય શું ? મારો ધર્મ શું ? પુત્ર તરીકેની મારી ફરજ શું ? પિતાજીની ઇચ્છા એ જ મારી ઇચ્છા. પિતાજીના વચનનું પાલન કરવું એ જ સુપુત્રનો ધર્મ ! પિતાના વચનનો ભંગ કરે તે પુત્ર નહિ પણ પથ્થર! એ સપૂત નહિ પણ કપૂત! પંડિતાઇભર્યો આ દીર્ઘ વિચાર કરી, એમણે તેજથી ઝળાંહળાં થતો રત્નમુકૂટ હાથમાંથી નીચે મૂકયો. અને વિચાર કર્યો કે–" હું જ્યાંસુધી અયોધ્યામાં હોઉં, ત્યાંસુધી શ્રી ભરતનો રાજ્યાભિષેક થાય નહિ, અને એ રાજ્યને સ્વીકારે પણ નહિ. અને એ રાજ્ય ન સ્વીકારે તો પિતાજીના વચનનું પાલન કઇ રીતે થાય ? અને વચનભંગ જેવું બીજું પાપ કયું ? વચનભંગ જેવો બીજો ભયંકર દ્રોહ કયો ? એ વચન ભંગના પાપમાં હું નિમિત્ત બનું ? એ કદી ન બને.

બસ, ત્યારે રાજ્ય છોડી વનમાં જાઊં અને ભરતનો માર્ગ નિષ્કંટક બનાવું. પિતાજીની પ્રતિજ્ઞા અખંડ રહો."

કરુણાર્દ્ર વીર માતા શ્રી કૌશલ્યાજીના પવિત્ર આશીર્વાદ લઈ શ્રી રામચંદ્રજી ચાલી નીકળ્યા. આગળ શ્રી રામ, પાછળ પુણ્યવતી શ્રી સીતાજી અને એની પાછળ શ્રી લક્ષ્મણજી—આ ત્રિમૂર્તિને જંગલની વાટે જતી જોઈ અયોધ્યાનાં નરનારીઓ રુદન કરવા લાગ્યાં. આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી. આનન્દભર્યા સૂરને છેડતી શરણાઈઓ બંધ પડી. શોકનું વાતાવરણ જામતું ગયું. પ્રજાના હૃદયના બંધને તોડી નાખે એવી વિયોગની વાંસળી વાગવા લાગી. પ્રજા શ્રી રામની પાછળ ચાલી નીકળી. ત્યારે શ્રી રામે સૌને પ્રેમથી સમજાવીને પાછા વાળ્યા અને એ વન ભણી ચાલી નીકળ્યા.

ધર્મ કોણ આચરી શકે ? પંડિત હોય તે ! પંડિત ધર્મનો—કર્તવ્યનો વિચાર કરે છે, જ્યારે મૂર્ખ હક્કની માથાકૂટ કરે છે. શું શ્રી રામ ધારત તો રાજ્યના માલિક ન બની શકત ? એ આજના લોકોની જેમ કહેત કે " ચાલો ચુંટણી કરો. મતદાન કરાવો. બહુમત કોને મળે છે ? મને કે ભરતને ? મેં પ્રજાનો પ્રેમ કેટલો સંપાદન કર્યો છે એની મારે કસોટી કરવી છે " એમ કહી શ્રી રામે ચુંટણી જંગમાં ઝંપલાવ્યું હોત તો ? તો શું ? આજ ચુંટણીવાળાઓ પ્રત્યે જે નજરથી પ્રજા જુએ છે એ જ નજરથી શ્રી રામને પણ જોત ! બીજી એક વાત વિચારો શું શ્રી રામ એમ ન કહી શકત કે—"આ ડોસાની બુદ્ધિ તો હવે ભ્રષ્ટ થઈ છે. એણે શું કરવા બીજી પત્ની કરી ? અને

શું કરવા આવું વગર વિચાર્યું વચન આપ્યું ? એણે આપ્યું છે તે એ જાણે. મારા હક્કના રાજ્યને ભરતને આપનાર એ કોણ ? એ બૂઢાના વચનને પાળવા કંઇ હું બંધાયો નથી.” આવી દલીલ કરી હોત તો ? પણ એ જમાનામાં આજનાં જેવા સ્વાર્થી વકીલો નહોતા, એ જમાનામાં આજના જેટલી હક્કની મારા–મારી નહોતી. સૌને પોતાના ધર્મની પડી હતી. સૌને પોતાનું કર્તવ્ય યાદ આવતું. એટલે શ્રી રામચંદ્ર તો એક જ વાત સમજતા હતા કે ત્યાગ કરવો એ મારો ધર્મ છે. પિતાના વચનને અભંગ રાખવું એ મારું કર્તવ્ય છે. અને એની જ અસર શ્રી સીતાજી પર પણ પડી, અને એટલે જ એમણે પણ પોતાના પતિના કાન ન ભંભેર્યા અને એમણે વિચાર્યું: પતિને પગલે ચાલી નીકળવું એ સતીનો ધર્મ ! પતિના સુખે સુખી ને પતિના દુઃખે જે દુઃખી થાય તે સતી ! સતી તરીકે મારે અત્યારે બીજું કઈ જ કરવાનું ન હોય. પતિનો માર્ગ એ જ મારો માર્ગ !

શ્રી લક્ષ્મણજીને થયું વડિલ ભાઇ વનમાં જાય ને હું અહિ પડયો રહું ? એ ઘોર અરણ્યમાં ભાઈ–ભાભીની સેવાનો લાભ લેવાનો અપૂર્વ અવસર ફરી નહિ મળે ! ગુણિયલ ભાઇનો વિયોગ કેમ વેઠાય ? અને શ્રી લક્ષ્મણજી પણ ચાલી નીકળ્યા. જોયું ? સૌએ પોતપોતાનો ધર્મ બજાવ્યો. તમે તમારી દુકાન આ રીતે ભાઇને આપી ચાલી નીકળો તો તમને તમારી પત્ની શું કહે ? તમારે ઘેર પત્ની તો હશે ને ? જો કે તમારો સ્વભાવ જોતાં તમે કંઈ આવું અર્પણ કરો એમ લાગતું નથી. છતાં પણ ધારો કે આ

ઉપદેશ સાંભળ્યા પછી તમે કંઈક એવું અર્પણ કરી બેસો તો એ સમાચાર સાંભળી તમારી સ્ત્રી પ્રસન્ન થાય કે થયેલા રોટલા પણ ચુલામાં ફેંકી મોંઢું ચઢાવી બેસી જાય? આ પ્રસંગ ચાલે છે ત્યારે સૌએ પોતાના ઘરની સ્થિતિ પણ વિચારવી તો જોઇ ને?

શ્રી ભરતજી માતાજીને પ્રણામ કરવા જાય છે. પુત્રને આશીર્વાદ આપતાં કૈકયીએ આનન્દથી કહ્યું: વત્સ! તારી માતા તારા હિતની કેટલી ચિન્તા કરે છે! આજની વાત સાંભળતાં તું હર્ષથી નાચી ઉઠવાનો! આજ મેં મારા વરદાનની માંગણી તારા પિતા પાસે કરી લીધી છે. હવે રાજ્યાભિષેક રામનો નહિ, પણ તારો થવાનો."

શ્રી ભરતે કહ્યું: "મા, મા! તું આ શું બોલે છે? ઇક્ષ્વાકુકુળમાં આ સ્વાર્થાન્ધતા! તને હજુ મારામાં અને શ્રી રામમાં ભેદ લાગે છે? મા, હું માનતો હતો કે તું મારી કલ્યાણકારી માતા છે, પણ આ જ મેં જાણ્યું કે તું માતાના વેષમાં પૂર્વનું વેર લેવા આવેલ કોઇ વેરણ છે! આહ! આ ઉત્તમ કુળમાં સ્વાર્થ અને સત્તાની દુર્ગન્ધ! મા, તું તારો ધર્મ ચૂકી! સ્વાર્થમાં અન્ધ બની, તેં મારા જીવનમાં ઝેર રેડવા પ્રયત્ન કર્યો! ધિક્કાર હો આ સ્વાર્થાન્ધતાને!" આટલું કહેતાં કહેતાં તો એ મૂર્છા પામ્યા. દાસદાસીઓ દોડી આવ્યાં. ચંદનનું વિલેપન અને ગુલાબજળનું સિંચન એમના પર કરવા લાગ્યાં.

આ પ્રસંગ ચાલે છે ત્યારે, આપણા હૈયાને પણ તપાસવાની જરૂર છે. આવા સુખદ સમાચાર આજની કોઈ

માતાએ આજના કોઈ યુવાનને આપ્યા હોય તો યુવાન શું કહે ? આવી વાત સાંભળી માતાને ઠપકો દેવાની વાત તો દૂર રહી, પણ સાંભળીને નાચવા જ માંડે ને ? " હું અયોધ્યાનું રાજ્ય મને મળશે ? " આમ બોલતાં જ એની ડાગળી ચસકી જાય ને ? રાજ્યાભિષેકની વાત દૂર રહે અને ગાંડાઓના દવાખાના ભેગા કરવાની ધમાલમાં ઉતરવું પડે ને ? કારણ કે આજે સૌને સત્તાની લાલસા જાગી છે ! અન્યનું પડાવીને ભોગવવાની લાલસાવાળાને પહેલાં તો મળે નહિ, અને કદાચ મળે તો ટકે નહિ, અને ટકે તો ભોગવી શકે નહિ !

આજ જગતમાં જોશો તો થોડીશી સંપત્તિ માટે સગાભાઈઓ કોર્ટે ચઢે છે, વર્ષો સુધી લડે છે, વકીલો, સોલિસીટરો અને બેરીસ્ટરોનાં ઘર ભરે છે. પોતે ફના થઈ જાય પણ નમતું જરાય ન આપે ! આનું કારણ એ જ કે સૌ પોતપોતાનો ધર્મ ભૂલ્યા છે. ધર્મને આચરે તે પંડિત અને ધર્મને ચૂકે તે મૂર્ખ.

શું ભરતને ભાષાનું નાટક ભજવતાં નહોતું આવડતું ? એ પ્રજાને એમ ન કહી શકત કે, " પ્રજાજનો ! હું શ્રી રામચંદ્રના વિયોગથી અતિ દુઃખી છું. મારે રાજ્યની કંઈ પડી નથી, પણ શું કરું ? મારી માતાએ આવી ફરજ પાડી છે, એટલે રાજ્યનો આ કાંટાળો મુગટ મારે અનિચ્છાએ પણ વહન કરવો પડે છે ? "

આવી ભાષાની ભવાઈ શું એ ન કરી શકત ? અને

રાજ્ય ન પચાવી શકત ? પણ ભરતજી ધૂર્ત નહોતા. ધૂર્ત હોય તે જ આવી રમતો રમે ! એક કવિએ કહ્યું છેઃ—

मुखं पद्मदलाकारं वाचा चंदनशीतला ।
हृदयं कर्तरीतुल्यं त्रिविधं धूर्तलक्षणम् ॥

દંભીઓ કેવું નાટક ભજવે છે તે આમાં કહ્યું છે. મોં કેવું ઠાવકું રાખે તો કે' સૌમ્ય કમળ જેવું રાખે, અને વાણી તો ચંદનથીય શીતળ; પણ હૃદય ? હૃદય તો કે' કાતર જોઈ લો કાતર ! જ્યાં જાય ત્યાં ધીમે રહીને કાપવાની જ વાત કરે. એકના બે કરે, બેના ચાર કરે અને ચારના આઠ કરે ! ભાગલા સિવાય વાત જ નહિ ! છતાં મોંથી તો સંપ અને ઐકયતાની જ વાત કરતા હોય ! કોઇ સભામાં તમે ગયા હો તો તમને ખ્યાલ હશે; સભાનો પ્રમુખ કહે છે, ' હું આ ઉચ્ચ સિંહાસન માટે લાયક નથી, પણ તમે મને આ જવાબદારી ભર્યું સ્થાન સોંપ્યું છે, તો મિત્રોના આગ્રહને હું કેમ નકારી શકું ? ' આમ બોલનાર વ્યક્તિને એ સભાનો પ્રમુખ ન બનાવ્યો હોય તો, એ સભાનું કેવું દુઃખદ પરિણામ આવે એ માટે મારે કહેવાની જરૂરિયાત ખરી ? તમે જ કહો. તમે તો આવી ઘણી સભાઓ જોઇ છે. રણસંગ્રામમાં યોદ્ધાની જેમ મ્યાનમાંથી ચમકતી તલવાર નીકળે તેમ એના મુખમાંથી પણ તીખી ને તમતમતી ઝેરી વાણી જ નીકળે ને ? વાણીની તલવાર એવી વીંઝે કે સભાના કાર્યના ટૂકડે ટૂકડા થઇ જાય ને ? ઘણીવાર તો આવા દંભીઓ, ' મારામાં કંઈ નથી ' એમ કહી જગતને છેતરે છે ! અને આડકતરી રીતે એમ સૂચવે છે કે, જે છે તે અમારામાં છે અને અમારામાં

જે નથી તે જગતમાં કયાંય નથી ! પણ ભરતજી આવા ન હતા. એ તો મહાપુરુષ હતા.

મૂર્ચ્છા ઊતરી એટલે શ્રી ભરતે પૂછ્યું: 'શ્રી રામ કયાં છે ?' ઉત્તર મળ્યો: 'એ તો વનમાં ચાલ્યા જાય છે!' આ શબ્દો સાંભળતાં એમનું હૃદય ધ્રૂજી ઉઠયું, અને શ્રી રામને મળવા, એ અયોધ્યાની ઉભી શેરીએં દોડવાં લાગ્યા. લોકોની આંસુભીની આંખો, ઉઘાડા પગવાળા અને વિખરાયેલા વાળવાળા ભરતને જોઈ જ રહી. શું એમનો ભાઇ પ્રત્યેનો શુદ્ધ પ્રેમ ! શું એમનો ત્યાગ ! સૂની શેરીઓમાંથી એક જ અવાજ આવતો હતો: આનું નામ ભ્રાતૃભાવ ! સગાભાઈ ન હોવા છતાં કેવો અદ્ભુત પ્રેમ ! શ્રી ભરત તો શ્રી રામની પાછળ દોડયા જ જતા હતા. દૂરથી શ્રી ભરતને જોતાં જ શ્રી રામનું હૃદય ભરાઈ આવ્યું. वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि તે આનું નામ. કર્તવ્યને પંથે કઠોર રીતે ચાલનાર કૃતનિશ્ચયવાળા રામનું હૃદય, ભાઇના સ્નેહ આગળ મીણ જેવું બની ગયું. ભરતે પોતાનું માથું જેવું શ્રી રામનાં ચરણે મૂકયું, તે જ પળે શ્રી રામ ભરતને ઉંચકીને હૈયે હૈયું દબાય એ રીતે ભેટી પડયા. બંને ભાઈઓના આંખમાંથી આંસુનાં ઝરણાં વહેવા લાગ્યાં. બંને દિલોમાં એક બીજા માટે અદ્ભૂત લાગણીઓ છલકાતી હતી ! આ પવિત્ર ઊર્મિઓના સાગરને ઝીલવા તો સમર્થ કવિનું પાત્ર પણ નાનું પડે ! એ મીલનમાં શું ભાવનાના તરંગો ઉછળે ! અરસ્પરસ એમ જ થાય કે, અમે એક બીજામાં સમાઈ જઇએ. આ પ્રેમભીના દૃશ્યને જોનાર શ્રી લક્ષ્મણ અને શ્રી સીતાજીની આંખો પણ ધન્ય બની હશે ને ? શ્રી લક્ષ્મણજી મનમાં એમ બોલ્યા હશે ને કે:—

જાઓ ભૈયા, પ્યારે ભૈયા, રહેગા નામ તુમ્હારા,
જબ તક ચમકે ચાંદ સિતારે, ચમકે નામ તુમ્હારા.

કહો, તમે જ કહો, શ્રોતાજનો! આ વિરલ દૃશ્યને જોતાં માતા ધરતીને કેટલો આનન્દ થયો હશે? આ ઘરડી ધરતી માતાના હૈયામાં પોતાના કુપાત્ર સંતાનોના વેર ઝેરના કેટ-કેટલા દાવાનળો બળતા હશે, એમાં આ વાત્સલ્યભીના દૃશ્યે માતા ધરતીને કેવી અપૂર્વ શાન્તિ આપી હશે? કહો, ધરતી ત્યારે કેવી હરિયાળી ને નવપલ્લવિત બની હશે? ભાઇ ભાઇ વચ્ચેના વાત્સલ્યનો આ આનન્દજામ પીને તો આ વૃદ્ધ ધરતી પણ ત્યારે નવયૌવના બની ગઈ હશે ના? એને પણ એમ થયું હશે કે, ના, ના; મારા બધા સંતાનો કુપાત્ર નથી, આવા સુપાત્ર પણ છે!

આંખનાં આંસુ લૂછીને શ્રી ભરતે કહ્યું: "બન્ધો! આપ આ શું કરો છો? મને અહિ એકલો મૂકી આપ વનમાં જશો? તમારા વિયોગે હું કઇ રીતે રહી શકું? આપ વનમાં તડકામાં ભમતા હો ત્યારે હું મહેલની શીળી છાયામાં આનંદ કરું? આપ જંગલમાં સુકાં ફળફૂલ પર આજીવિકા ચલાવતા હો ત્યારે હું ઉત્તમ રસવાળાં ભોજન કરું? આપ જમીન અને ઘાસ પર આળોટતા હો ત્યારે હું પલંગમાં અને શય્યામાં પોઢું? ભાઈ, ઓ પ્યારા ભાઈ! આવું કદી બન્યું છે? શું તમે મને આટલો હલકો માન્યો? શું તમે મને રાજ્યનો લોભી માન્યો? ભાઇ, તમારા વિના આ અયોધ્યાનું તો શું પણ ત્રણ ભુવનનું રાજ્ય મળે તો પણ હું એને તુચ્છ

માનું! મારું મન તો સંયમના રંગે રંગાયું છે, આ રાજ્યના કીચડમાં મને કાં નાખો? માટે કૃપા કરી આપ અયોધ્યામાં પધારો અને મને મારા માર્ગે જવાની અનુજ્ઞા આપો!" એ પછી શ્રીરામે એમને ઘણી રીતે સમજાવ્યા પણ એ ન માન્યા, એ વખતે શ્રી રામના હૈયામાં કર્તવ્ય અને લાગણીઓનું યુદ્ધ જામ્યું હતું. એક બાજુ ભાઈનો નિર્મળ પ્રેમ, માતાની મીઠી મમતા, સ્નેહીઓની લાગણી ભરી હૂંફ—આ સૌ ખેંચી રહ્યાં હતાં. બીજી બાજુ કર્તવ્યનો કઠોર પંથ હતો. પ્રેમ, મમતા અને લાગણીઓ....સૌને કચડી કર્તવ્યના કઠોર પંથે જવાનું હતું. શ્રીરામ સમજતા હતા કે આજ હું પોતે જ જો કર્તવ્યનો પાઠ નહિ ભણું તો પછી ભવિષ્યમાં મારા કુટુમ્બીઓને કર્તવ્યનો પાઠ કઈ રીતે ભણાવી શકીશ?

મમતાથી આર્દ્ર બનેલા હૈયા પર કુમળી લાગણીઓનાં બાણોની અસર તીવ્ર થાય છે. પણ જેને કર્તવ્યનું બખ્તર પહેર્યું હોય છે, એ તો આવા આકરા ઘા પણ સમતાથી સહી લે છે, અને કર્તવ્યને પંથે આગળ વધે છે. પણ જે અસમર્થ છે એ તો કુમળી લાગણીઓમાં ખુંચી જાય છે અને એમાંજ અટવાઇ પડે છે. કર્તવ્યને કઠોર બની સ્વીકારે છે તેનો વિકાસ થાય છે અને જે તરંગોમાં તણાય તેનો વિનાશ!

શ્રી રામે કર્તવ્યનો કઠોર પંથ સ્વીકારતાં કહ્યું, 'ભાઈ, વહાલા ભરત! તારાથી વિખૂટા પડતાં મને કેટલું દુઃખ થાય છે, એ હું અત્યારે નહિ વર્ણવું. હું તો તને અત્યારે કઠોર

બની આજ્ઞા કરું છું. નાના ભાઈએ મોટા ભાઈની યોગ્ય આજ્ઞા માનવી જોઈએ, આ રઘુકુળની મર્યાદા છે; તો હું આજ્ઞા કરું છું કે પિતાજીનાં વચનને અખંડ રાખવા માટે તારે આ માર્ગ સ્વીકાર્યા વિના આરો નથી. હું પાછો ન આવું ત્યાંસુધી, મારી ગેરહાજરીમાં, તારે અયોધ્યાનું સિંહાસન સાચવવું અને રાજ્યધૂરાને તારે વહન કરવી, એ મારી આજ્ઞા છે." આટલું બોલતાં તો શ્રી રામના હૈયાના બંધ તૂટી રહ્યા હતા. એમની આંખના ખૂણાઓમાં બે આંસુ છલકાયાં અને શ્રી ભરતના મસ્તક પર પડ્યાં. વન ભણી જવા ડગલાં ઉપાડતા શ્રી રામના ચરણોમાં માથું મૂકી શ્રી ભરતે કરુણ સ્વરે કહ્યું, "ભાઈ, પ્યારા ભાઈ! હું રઘુકુળની મર્યાદા જાણું છું. અને आज्ञा गुरूणामलङ्घनीया એ નીતિ વચનને પણ જાણું છું. પણ સ્નેહને આધીન બનેલું હૈયું કાબૂમાં રહેતું નથી."

માનવીના મનનું માપ આવા પ્રસંગે જ નીકળે છે. વાતોમાં તો સૌ ભાઈ ભાઈઓના માટે શુભેચ્છાઓ વ્યક્ત કરતા હોય છે, પણ જ્યારે ત્યાગનો આવો કોઇક વિષમ પ્રસંગ આવે છે, ત્યારે એના ભ્રાતૃપ્રેમની કસોટી થાય છે. હમણાં અહીં ટીપ કરીએ અને એમાં માત્ર રૂપિયા નોંધાવાના જ હોય અને ભરવાના ન હોય તો ટીપ કેટલે પહોંચે? લાખ, ક્રોડ કે અબજ કંઈ માપ રહે? કારણ કે રૂપિયા લખાવવામાં કોણ કંજુસ બને? ભરાવવા હોય તો ચિંતા. તેમ ભ્રાતૃભાવ, વિશ્વવાત્સલ્ય, નિર્દોષ પ્રેમ વગેરે શબ્દો વાપરવા સહેલા છે, પણ જ્યારે કસોટી પર ચઢે છે ત્યારે જ એની કિમ્મત થાય છે. આજે શબ્દો સોંઘા બન્યા છે, કર્તવ્ય મોંઘું બન્યું છે;

કર્તવ્યનો દીવડો પ્રગટશે તો જ પ્રકાશ મળશે. કર્તવ્ય વિનાનાં ભાષણોથી તો છે એના કરતાં અંધારું વધશે એમ આજના યુગનાં આંદોલનો પરથી લાગે છે!

હૃદયના ઊંડાણમાં કોતરાઈ જાય એવી ગંભીર વાણીથી શ્રી રામે કહ્યું: "ભાઈ! હું જાણું છું કે પ્રેમ બળવાન છે. પણ એ તું કેમ ભૂલી જાય છે કે પ્રેમ કરતાં પણ કર્તવ્ય મહાન છે! કર્તવ્યની વેદી પર પ્રેમનું બલિદાન આપવું એમાં જ માનવની મહત્તા છે!

> ધર્મ સમરમેં કભી ભૂલકર, ધૈર્ય નહીં ખોના હોગા,
> વજ્રપ્રહાર ભલે શિરપર હો, કિન્તુ નહીં રોના હોગા,

માટે કહું છું કે શોક કર્યા વિના કર્તવ્યના પંથે લાગી જા."

આ વચનો સાંભળતાં શ્રીભરતથી ન રહેવાયું. એમનો આત્મા મમતાથી દ્રવી ગયો. એમણે કહ્યું. "ભાઈ! આ વાત હું જાણું છું પણ માનવીનું મન એ નિર્બળતાના પરમાણુઓથી ઘડાયેલું છે. એટલે કો'કવાર એ દ્રવી જાય છે. છતાં હું આપની આજ્ઞા શિરોવંદ્ય ગણું છું. આપ મને આ રાજ્યધૂરા વહન કરવાની આજ્ઞા કરો છો તો હું પણ પ્રતિજ્ઞા કરું છું કે આ અયોધ્યાના મહાન સિંહાસન પર હું નહિ બેસું પણ શ્રી રામની પાદુકાઓ બિરાજશે. રાજ્યાભિષેક ભરતનો નહિ પણ શ્રી રામના ચરણની ચાખડીઓનો થશે. આજથી ભરત એક રાજા તરીકે નહિ, પણ શ્રી રામના ચરણોની

પાદુકાઓની આજ્ઞા ઉઠાવનાર સેવક તરીકે રહેશે." એમ કહી આંસુ નીતરતી આંખે શ્રી ભરતે શ્રીરામના પગની ચાખડીઓ ખેંચી લીધી. (અહિં સભામાં તાળીઓનો જોરદાર ગગડાટ થતાં પ્રવચનકારે કહ્યું) તમે શાન્ત થાઓ. તાળીઓ ન પાડો. શાન્તિથી સાંભળો. આ તો તમને લાગણીઓનો ઉછાળો આવ્યો છે, એટલે તમે તમારો હર્ષ વ્યક્ત કરો છો. પણ આ પ્રસંગ ઉપર તો તમારે તાળીઓ પાડવા કરતાં, ઊંડો વિચાર કરવાની જરૂર છે. આપણા જીવનમાં આવો ભ્રાતૃભાવ અને સાચો ત્યાગ આવી જાય તો આજ સંસાર જે સળગતો લાગે છે એને બદલે એ સ્વર્ગનું નંદનવન બની જાય.

કલહના અંગારા ઝરતા આ સંસારમાં પ્રેમધર્મનાં આવાં સુધાબિન્દુઓ વર્ષવા માંડે તો સંસાર કેવો મધુર અને ભવ્ય લાગે? પણ વિષય અને સત્તાના કીડાઓએ આ સંસારમાં અર્થ ને કામના અંગારા ભરીને આ સંસારને દાવાનળ જેવો બનાવી દીધો છે. જીવન દ્રષ્ટાઓ કહે છે કે, તમે આ સંસારમાં નન્દનવન જોવા ઇચ્છતા હો તો આ સંસારને એક મુસાફરખાનું સમજીને જીવો. રહો ત્યાંસુધી સૌ સાથે મૈત્રી ને પ્રેમ ભર્યા સમ્બન્ધોથી રહો અને જવાની પળ આવે તો ગભરાઓ નહિ અને મૃત્યુને પણ કહો કે, "દોસ્ત! કંઈજ વાંધો નથી. હું તૈયાર જ છું. ચાલો, હવે વિલંબ કરવાની કંઇ જ જરૂર નથી." બોલો, મૃત્યુ માટેની આવી તૈયારી છે? નથી. કારણ? કારણ કે માણસ જીવનનો ધર્મ સમજ્યો નથી. ધર્મ સમજ્યો હોય તો એ કહે કે, મરણ એ તો પ્રકૃતિ છે, અને જન્મ

એ જ વિકૃતિ છે. મૃત્યુ કે જે પ્રકૃતિ છે, સ્વભાવ છે, એથી ગભરાવું શા માટે? જે અનિવાર્ય છે તેથી ડરે શું વળે? મૃત્યુ ન જોઈતું હોય તો જન્મને અટકાવો. અને જન્મને અટકાવવા માટે જીવનનો ધર્મ સમજો. જે માણસ મનુષ્ય બનવા છતાં પોતાનો ધર્મ સમજતો નથી તે કેવો કહેવાય? સભામાંથી અવાજ આવ્યો: "પશુ જેવો" અને પશુમાંય ભયંકર સિંહ જેવો જ કહો ને! સિંહ સાથે માણસની સરખામણી કરું તો તમે બહાર જઈને મારે માટે શું કહો? કહો ને કે "માણસ જેવા માણસને જંગલી સિંહ સાથે સરખાવ્યો." પણ તમે ગમે તે કહો તેનો મને વાંધો નથી. આજ તો હું તમારે જ મોંઢે કબુલ કરાવવાનો છું કે ધર્મને ભૂલે તો માણસ સિંહ જેવો ક્રૂર ખરો કે નહિ!

માણસે સિંહને ત્રણ હલકાં વિશેષણો આપ્યાં: જંગલી, હિંસક અને ક્રૂર. અને એના જ પ્રતિસ્પર્દ્ધિ ત્રણ શ્રેષ્ઠ વિશેષણો પોતાની જાત માટે વાપર્યાં: શહેરી, અહિંસક અને સૌમ્ય. પણ આ વિશેષણો કોના માટે કેટલાં સાર્થક છે એનો વિચાર તો કરવો જ રહ્યો ને? સિંહ શિકાર ક્યારે કરે? ભૂખ્યો થાય ત્યારે. ભૂખ ન હોય તો એ કોઈનોય શિકાર ન કરે. એની બાજુમાં થઈને એક નાનું બાળક પસાર થાય તોય એની સામે એ મીટ પણ ન માંડે. કારણ કે એનું પેટ ભરેલું છે. પેટ ભરેલું હોય તો વ્યર્થ શિકાર શા માટે કરે? કારણ કે એને સંગ્રહ કરવાની જરૂર નથી. હવે તમે મનુષ્યનો વિચાર કરો. મનુષ્ય શિકાર ક્યારે કરે? ભૂખ્યો હોય તો જ એ શિકાર કરે કે પેટ ભરેલું હોય તોય એ જગતને લૂંટ્યા જ કરે?

આજે લોકોને નીચોવનારા, કાળાબજાર કરનારા, વસ્તુઓનો અપરિમિત સંગ્રહ કરનારા, બજારને ઊંચો–નીચો કરનારા શું બધા ભૂખ્યા છે? લોકોને ચૂસીને કરોડોના માલિક બન્યા છતાં લૂટ અટકતી નથી. જેમ ધન વધતું જાય તેમ શિકારીવૃત્તિ વિકસતી જાય. આનું કારણ શું? કારણ કે, માણસને પેટ નથી ભરવું પણ મોટા પટારા ભરવા છે. છતાં માણસ શહેરી અને સિંહ જંગલી! સંતોષમાં મગ્ન રહેનારો સિંહ જંગલી ગણાય અને અસંતોષથી જગતને લૂટનાર શહેરી ગણાય!

હવે બીજી વાત પર આવો. સિંહ શિકાર ક્યારે કરે કે ભૂખ લાગી હોય ત્યારે. પણ એ શિકાર કરે કોનો? નાનકડા ઉંદર કે શશલાનો એ શિકાર કરે એમ માનો છો? ના, ના. એ નાના ક્ષુદ્ર પ્રાણીઓનો શિકાર કદી ન કરે. એ પોતાના સમોવડિયા હોય એવા પ્રાણીઓનો જ શિકાર કરે. મદોન્મત્ત હાથી કે એવા મોટા પ્રાણીઓને જ એ પકડે. હવે, મનુષ્ય કોનો શિકાર કરે? શું પોતાના જેવા સમૃદ્ધ માણસને એ છેતરી શકે ખરો? એ તો કોઈ ભોળા, નિર્દોષ અને ઓછું ભણેલાને છેતરવાનો. પોતાથી મોટા માણસનો શિકાર કરવા જાય તો એનાં દાંત ખાટા થઈ જાય! એવા મોટાના તેજમાં તો માણસ પતંગિયો થઈને પડતો હોય છે. એવાનો શિકાર કરવા જાય તો એ પોતે જ એનો શિકાર થઈ જાય. માણસ તો પોતાથી ઉતરતો હોય, એને શીશામાં ઉતારવાનો અને ભોળાંને છેતરી મનમાં મલકાવાનો, છતાં માણસ અહિંસક અને સિંહ હિંસક. હલકા જંતુ પર ત્રાપ નહિ મારનારો સિંહ

ભયંકર ગણાય અને નાના માણસોને જ છેતરવામાં બહાદૂરી માનનારો માણસ દયાળુ ગણાય!

હવે ત્રીજી વાત. સિંહ શિકાર ક્યારે કરે, એ જાણ્યું. શિકાર કોનો કરે, એ પણ જાણ્યું. હવે શિકાર કઇ રીતે કરે, એ વિચારીએ. સિંહ અણધાર્યો કોઇનાય પર ન ત્રાટકે. ત્યારે એ કઈ રીતે ત્રાટકે ? પહેલાં એ ગર્જના કરે, ત્રાડ નાખે, પૂછડું પછાડે, સામાને ચેતવણી આપે, અને સાવધાન કરી એ ત્રાટકે ! ત્યારે માણસ, સામા માણસને છેતરતો હોય ત્યારે ચેતવણી આપે ખરો ? એ ઘરાકને એમ કહે ખરો કે—" અમારે ત્યાં અસત્ય બોલાય છે, નવો માલ બતાવી જૂનો માલ અપાય છે, કાળાબજાર કરાય છે; અમારે ત્યાં આવનારે સાવધાન થઇને આવવાની જરૂર છે." એમ કહેનારો વેપારી તમને કોઈ મળ્યો ? મને તો હજુ સુધી કોઈ મળ્યો નથી. જો કે નહિ હોય એમ ન કહેવાય, પણ હોય તો એવા કેટલા ? એવો કોઈ આ સભામાં છે ખરો ? નથી ? ત્યારે વેપારી પોતાની દુકાન પર શું રાખે ? પ્રામાણિકતાનાં પાટિયાં, સંત–મહાત્માઓના ફોટા, મહાન નેતાઓની છબીઓ—આ બધું શા માટે ? અહિંસામાં જરાય ન માનતો હોય, અહિંસાના એક પણ સિદ્ધાન્તને ન પાળતો હોય છતાં ખાદી પહેરીને ફરતો હોય છે; આ બધું શા માટે ? લોકોના દિલ પર પ્રામાણિકતાની છાપ બેસાડવા માટે ને ? અને પ્રામાણિકતાની છાપ પડ્યા પછી માણસ, માણસની સાથે વાત કરતો હોય ત્યારે મોંઢામાંથી સાકર ઝરતી હોય એવું બોલતો હોય છે. માદકતાની એવી ભૂરકી છાંટે કે

સામો માણસ એ વાણીના ઘેનમાંથી જાગી જ ન શકે. માણસ પોતાના ઘરાકને સમજાવતાં શું કહે છે ? અરે, ભાઇ ! હું તે જૂઠું બોલું ખરો ! ભાઈ, જૂઠું બોલીને કેટલા ભવ કાઢવા છે ? આપણે તો સાચું જ બોલીએ, એક જ ભાવ અને હું ખોટું કહેતો હોઉં તો ભાઇના ગળાના સમ!" એમ કહી ઘરાકના ગળે હાથ નાંખે, પણ એને ક્યાં ખબર છે કે ભાઇ મરી જાય તો આ ભાઇને તો નાહવા-નીચોવવાનુંય નથી. એને તો માત્ર સમ જ ખાવા છે ને ? આ રીતે માણસ મનમાં કંઇક ઘાટ ઘડતો હોય, વચનમાં વળી કંઈ જુદું બોલતો હોય અને કાયાથી વળી ત્રીજું જ કરતો હોય; છતાં દંભ કરનાર માણસ સૌમ્ય અને ચેતવણી આપી શિકાર કરનારો સિંહ ક્રૂર ! આ સરખામણી કરીને હું શું કહેવા માગું છું, એ તમારા ધ્યાનમાં આવ્યું જ હશે ? હું આખી માનવ જાતને સિંહ સાથે નથી સરખાવતો, પણ જે ધર્મ ભૂલ્યા છે એવાઓની જ આ વાત છે. જે પોતાના ધર્મને સમજે છે, જેમને પોતાના કર્તવ્યનું ભાન છે, તે તો માનવ કોટિમાં દેવ છે. પણ જે ધર્મને ભૂલે છે, કર્તવ્યને યાદ કરતા નથી, વિવેકને છોડે છે તે તો આ સિંહ કરતાં કોઇ રીતે શ્રેષ્ઠ નથી જ. ભલે એ શહેરી, અહિંસક કે સૌમ્ય કહેવાતા હોય. વિશેષણોની મહત્તા નથી પણ વિશેષણોને અનુરૂપ જીવન જીવનારની જ મહત્તા છે.

આમ જુઓ, આ ઘડિયાળ ટકોરા મારીને કહી રહી છે કે-સમય થઇ ગયો છે, એટલે હું આજના પ્રવચનનો ઉપસંહાર કરું છું. આજના પ્રવચનમાં આપણે માનવતાનાં ચાર સોપાનમાંથી બે સોપાનનો વિચાર ઘણા જ વિસ્તારથી

કરી ગયા. પહેલું સોપાન તે ઇન્દ્રિયવિજય. ઇન્દ્રિયોને જિતનાર તે શૂર. અને જે શૂર બને છે તે બીજા સોપાન પર ચઢી પંડિત બને. પંડિત વાતોડિયો ન હોય પણ ધર્મનું આચરણ કરનારો હોય. હજારો મીઠાઇઓ ગણાવવા કરતાં એક સુકા રોટલાને પીરસવામાં માનનારો હોય તે પંડિત ! પંડિત વાણી–વિલાસમાં ન માને પણ આચરણને માને ! માનવતાનું ત્રીજું સોપાન તે વક્તા. સત્યથી પવિત્ર થયેલી વાણીને વદે તે વક્તા. ચોથું સોપામ તે દાતા. દાતા કોણ ? પ્રાણીઓના હિતને ચિન્તવતો હોય, જીવ માત્રના કલ્યાણમાં જેનું મન રમતું હોય અને અભયદાનને આપતો હોય તે દાતા.

ઇન્દ્રિયો પર કાબૂ મેળવો, મનોમલને દૂર કરો. ધર્મનું આચરણ કરો અને આ સંસારમાં માનવતાની સૌરભ મહેકાવો એ જ શુભેચ્છા.

★

## ફૂલનાં આંસુ

કરમાતાં કરમાતાં રડી પડેલા પુષ્પને મેં પૂછ્યું: ‘સોહામણા ફૂલ ! વિદાય વેળાયે રડે છે શા માટે ?’ એણે ઉત્તર વાળ્યો: ‘ભાઈ ! દેવના મસ્તકે ચઢવાનું સદ્ભાગ્ય તો મને ન મળ્યું, પણ કોઇના પગ નીચે કચડાઇ જવાની તક પણ મને ન મળી. કોઇનાય ઉપયોગમાં આવ્યા વિના મારે કરમાઇ જવાની પળ આવી, એટલે મને લાગી આવ્યું અને મારી નાજુક આંખમાં આંસુ આવી ગયાં !

—ચિત્રભાનુ

# માનવતાનાં સોપાન

: ૩ :

## સત્ય

ગિરિરાજના કોઈ ઉન્નત શિખર ઉપર ચઢવું હોય તો એકદમ કૂદકો મારી ઉપર ન જવાય પણ ક્રમેક્રમે સોપાનદ્વારા ઉપર પહોંચાય, તેમ માનવતાના ઉન્નત શિખરે પહોંચવા માટે પણ જ્ઞાનીઓએ ચાર સોપાન નક્કી કર્યાં છેઃ શૂર, પંડિત, વક્તા ને દાતા. જેનામાં શૌર્ય હોય તે શૂર, જેનામાં પાંડિત્ય હોય તે પંડિત, જેનામાં વક્તૃત્વ હોય તે વક્તા અને જેનામાં દાતૃત્વ હોય તે દાતા. ગયા રવિવારે આપણે વિચારી ગયા કે રણમાં જિતે તે શૂર નહિ, પણ ઇન્દ્રિયોને જિતે તે શૂર; શાસ્ત્રો ભણી જાય તે પંડિત નહિ, પણ ધર્મને આચરે તે પંડિત; તેવી જ રીતે વાણીનો વિલાસ કરનારો એ વકતા નહિ પણ સત્યને ઉચ્ચારે તે વકતા.

સત્યના સિદ્ધાન્તની સભા.

ઇંગ્લેન્ડમાં એક સંસ્થા છે. ( Pedlock Society ) આ મંડળમાં ઉમરાવ કુટુમ્બથી માંડીને ગરીબ કુળમાં જન્મેલો માણસ પણ સભ્ય થઈ શકે છે. એ મંડળની વિશિષ્ટતા એ છે કે : એના નિયમોને નહિ પાળનાર વડાપ્રધાનને પણ માન ન મળે, જ્યારે એના નિયમોને પાળનાર એક સામાન્ય વ્યક્તિને પણ માન મળે, એવું એનું બંધારણ છે. અને એના બંધારણીય સિદ્ધાન્તો અનુસાર જે વર્તે તે જ એનો સભ્ય ગણાય. એના સભ્યો તો મુઠ્ઠીભર જ છે, પણ જે છે તે ખરેખરા છે! એમાં દાખલ થનારે આટલી પ્રાથમિક વિધિ કરવાની હોય છે. ત્યાં એક ચાંદીનું તાળું ને સોનાની કૂંચી છે. સભ્ય થનારે એ તાળાને ત્રણ વાર ઉઘાડવાનું ને ત્રણ વાર બંધ કરવાનું હોય છે. આ રીત આપણને કેટલી વિચિત્ર લાગે ? પણ આપણે જો ઊંડા ઉતરીશું તો આપણને ખબર પડશે કે આ ઉઘાડવાસ કરવાની પાછળ કેવો ભવ્ય ઉદ્દેશ છે !

તાળું વાસનારો આવો સંકલ્પ કરે છે કે: આજથી હું મનથી કોઈનું ય બૂરું ચિન્તવવાનું બંધ કરું છું, વચનથી કોઇનું ય ખરાબ બોલવાનું બંધ કરું છું ને કાયાથી કોઇનું ય ખરાબ નહિ કરવાની પ્રતિજ્ઞા લઉં છું. ચાંદીના તાળાને સોનાની ચાવીથી બંધ કરું છું. એટલે ચાંદી જેવા ઉજ્જવળ મુખને હું પ્રતિજ્ઞાની સુવર્ણકૂંચીથી બંધ કરું છું. આ તાળું ત્યારે જ ઊઘડશે કે જ્યારે આમાંથી સત્યની કે પ્રશંસાની વાણી ટપકશે; અસત્ય કે નિન્દા માટે તો આ મુખ હવે

પછી બંધ છે. મારાં નયનો સત્યને જોશે, અસત્યને નહિ; મારા કાન સત્યને સાંભળશે, અસત્યને નહિ; મારી જીભ સત્યને ટપકાવશે, અસત્યને નહિ ! મનથી, વચનથી, કાયાથી કોઇનું ભલું થશે તો કરીશ; ભલું ન થાય તો કંઇ નહિ; પણ કોઇનું બૂરું તો નહિ જ કરું.

આ જ વાતને ભારતના તેજસ્વી સંતો હજારો વર્ષોથી પોતાના જીવનદ્વારા કહેતા આવ્યા છે.

> વચન-રતન મુખ કોટડી, ચૂપ કર દીજે તાળ;
> ઘરાક હોય તો ખોલીએ, વાણી વચન રસાળ.

વચન એ તો રત્ન છે. મુખ એ આ મહામૂલાં રત્નોને રાખવાની તિજોરી છે. રત્ન કંઇ જેમ તેમ અને જ્યાં ત્યાં રખાય ? એ તો બંધ તિજોરીમાં જ શોભે. પણ સદાકાળ કંઇ તિજોરી બંધ રખાય ? ઘરાક આવે, કોઇ ખરીદનાર આવે, કોઇ સારો પારખુ આવે તો તિજોરી ખોલવી જ પડે. પણ ખોલ્યા પછી તો એ રત્નો એવી રીતે સચ્ચાઇથી બતાવવાં કે જોનાર પણ ડોલી ઊઠે. એ વચન-રત્નમાં પ્રિયતાના પાસા હોય, હિતચિન્તનનો આકાર હોય, સત્યનાં પ્રકાશિત કિરણો હોય, તો જોનાર પણ વાહ વાહ ! પોકારી જાય ! હું કહું છું કે સત્ય, તથ્ય ને પથ્યથી ભરેલું આપણું વચન હોય તો, એની આગળ કોહિનૂર પણ કંઈ જ હિસાબમાં નથી !

ઘણા વખત પહેલા આગમ-સાહિત્યમાં વાણીના આઠ ગુણો મેં વાંચ્યા હતા. મને થયું કે આ આઠ ગુણોથી યુક્ત આપણાં વચન હોય, તો તો આ સંસારમાં ય શાન્તિનું સ્વર્ગ

ઊભું થાય ! તે આઠ ગુણોને હું આપની આગળ-મૂકું છું. વાણીનો પહેલો ગુણ તે मधुरम्.

આપણું બોલવું એવું હોવું જોઈએ કે જેમાંથી મધુરતા ટપકે, મીઠાશ ઝરે, વાણીમાંથી સૌન્દર્ય નીતરે, સાંભળનારના કાન પણ એ પ્રિય વચન ફરી ફરી સાંભળવા તલસે. વાત એકની એક જ હોય પણ એક માણસ એવી મીઠાશથી રજૂ કરે કે સાંભળનાર આનંન્દથી ડોલી જાય, જ્યારે એ વાત બીજો એવા કટુ શબ્દમાં મૂકે કે સાંભળનાર હસતો હોય તો રડી પડે. મધુર શબ્દોમાં માતાને કહ્યું હોય કે : 'કેમ છો મારી મા ?' તો માતા ખુશ થઈને કહેશે કે 'આવને મારા ભા.' પણ એ જ વાત કટુ શબ્દમાં કહી હોય કે : 'કેમ છો આપની વહુ ?' તો ઉત્તર મળશે કે "તારું કાળજું ખાઉં ?" શબ્દોમાં કેવો જાદુ છે ? એક જ વાત રજૂ કરવામાં પણ કેટલું અંતર ? કવિએ કહ્યું છે:

શબ્દ શબ્દ તું કયા કરે ? શબ્દકો હાથ ન પાઁવ;
એક શબ્દ ઔષધ કરે. એક શબ્દ કરે ઘાવ.

શબ્દને હાથ કે પગ ભલે નથી, પણ એનામાં એવી તાકાત છે કે સુંદર રીતે એનો ઉપયોગ થયો હોય તો એ દાઝેલા હૈયાના ઘા પર મલમપટ્ટાનું કામ કરે, પણ એ જ શબ્દને અબૂઝ રીતે વાપર્યો હોય તો કોઈના દિલમાં ન હોય તો ય જખમ ઊભો કરે. એટલા માટે આપણી વાણી મધુર હોવી જોઈએ.

મધુરતાનું તો સમજ્યા, પણ મધુરતાના નામે ખુશામત

આવી જાય તો ? તો તો જુલમ થાય. એ વાણી જ પતનનું સાધન થાય. ન બોલવાને ઠેકાણે બોલે અને બોલવાને ઠેકાણે મૌન થઈ જાય તો કેવું અયોગ્ય થાય ? એટલે બીજો ગુણ છે निपुणम्.

વચન જેમ મધુર હોય તેમ સાથે સાથ નિપુણ હોવું જોઈએ. જેની વાણીમાં નિપુણતા હોય તે ખોટી ખુશામત કરે નહિ. કોઈની ખોટી શે'માં તણાય નહિ અને કોઈ બનાવવા આવે તો અવસરે એને ચેતવ્યા વિના રહે નહિ.

એક ફૂલણજી પતિ વારંવાર પોતાની પત્ની આગળ પોતાનાં કુળ, જાતિ, ગૌરવ અને કુટુમ્બનાં વખાણ કરતો, આથી સ્ત્રી કંટાળી ગઈ. એક વાર પતિએ પૂછ્યું : 'મારાં સગાંઓ પર તારો પ્રેમ કેવો છે ?' નિપુણ શબ્દોમાં પત્નીએ ઉત્તર વાળ્યો. 'પ્રાણનાથ ! આપનાં સગાંઓ પર મારો પ્રેમ કાં ન હોય ? હું તો મારી સાસુ કરતાંય ય આપની સાસુને વધારે ચાહું છું ! આ મધુર છતાં નિપુણ ઉત્તર સાંભળ્યાં પછી એના પતિને થઈ ગયું કે અહિંથી ખોટી બડાઈ કે ખુશામત નહિ મળે. આ ઉત્તરમાં મધુરતા ને નિપુણતાનું મિશ્રણ છે.

ત્રીજો ગુણ છે : स्तोकम्। સ્તોક એટલે થોડું. બોલવું ખરું પણ થોડું બોલવું. જરુર પૂરતું જ બોલવું. બહુ બોલ બોલ કરનારના વચનની કિંમત હોતી નથી. બહુ ભાષણો કરનાર, જ્યાં ત્યાં ને જ્યારે ત્યારે શિખામણ દેનાર વાચાળમાં ખપી જાય છે. એના પર લોકોને વિશ્વાસ બેસતો નથી. એ બોલે તો લોકો એને શાન્તિથી

સાંભળે નહિ અને સાંભળે તો એના પર વિશ્વાસ બેસે નહિ, માટે થોડું બોલવું. જરૂર પડે ત્યારે બોલવું અને થોડા શબ્દોમાં ઘણું કહેતાં શિખવું. એક પ્રસંગ મને યાદ આવે છે. મુંબઈમાં પૂ. આગમોદ્ધારક આચાર્ય મહારાજ શ્રી સાગરાનન્દસૂરીશ્વરજી મહારાજને વંદન કરવા એક ગૃહસ્થ આવ્યા હતા. બે માળ ચઢીને પેલા ભાઈ ઉપર આવ્યા. આવનારનું શરીર જરા ભારે હતું. એ હાંફી ગયા. વંદન કર્યા પછી સ્મિત કરી એમણે કહ્યું:–'સાહેબ આપ તો બહુ જ ઊંચે બિરાજો છો?' મહારાજશ્રીએ સ્મિત કરી માર્મિક ઉત્તર વાળ્યો: 'હા, ભાઈ! અમે ઊંચે છીએ એટલે જ તો તમે વંદન કરવા આવો છો!'

આ વાકયમાં શ્લેષ હતો. એટલે કે અમે સદ્ગુણના સિંહાસન પર છીએ એટલે તમે વંદન કરો છો. સદ્ગુણો ન હોય તો અહીં કોણ આવે? આ ટૂંકા ઉત્તરથી પણ આપણું મન આનન્દ પામે છે, કારણ કે આ ઉત્તરમાં મધુરતા, નિપુણતા ને અલ્પતાનું સપ્રમાણ સંમિશ્રણ છે!

कार्यापतितम्–ચોથો ગુણ તે ખાસ કંઇ કાર્ય હોય તો જ બોલવું, નહિ તો મૌન રહેવું. મૌનથી વાણીનું મૂલ્ય વધે છે. મૌનથી વાણીમાં ચિન્તન આવે છે. મૌનથી વચનમાં તેજ આવે છે. અને મૌન પછી પ્રગટેલી વાણીમાં કોઇ અજબ જુસ્સો હોય છે. એવી વાણી સાંભળવા ઘણાં હૈયાં તલસતાં હોય છે. પાશ્ચાત્ય પદ્ધતિને લઇને આજ કેટલાક કોઇ ઠેકાણે ખાણું લે તોય ભાષણ ઝીકે. જ્યારે રશિયામાં સ્ટેલિન જરૂર

વગર કદી ન બોલે. એનું પરિણામ એ આવ્યું કે આપણા આગેવાનોને કોઇ સાંભળવા તૈયાર નથી. ત્યારે સ્ટેલિન ક્યારે શું બોલશે એ માટે લોકો સાંભળવા તલસી રહ્યા છે! માટે કાર્ય વિના નકામી વાત ન કરવી. વ્યવહારમાં પણ આપણને ઘણા માણસો એવા જોવા મળે છે કે જેમને બોલવાનું ન મળે તો આફરો ચઢે! બોલે ત્યારે જ જંપ વળે. એ બોલે ત્યારે એની વાતમાં ન હોય માથું કે ન હોય પગ. જેમ આવે તેમ આડે ધડે ફેંકે રાખે! અન્તે સાંભળનારના મનમાં થાય કે આ બલા ક્યારે જાય? માટે જરૂર પૂરતું બોલવું.

गर्वरहितम्—આપણી વાણી ગર્વવિહોણી હોવી જોઈએ. વાતવાતમાં આપબડાઈ કરવી, પોતાની જ વાત આગળ ધરવી, પોતે શું કર્યું અને શું નથી કર્યું એનું લંબાણથી વિવેચન કરવું—આ સૌ અભિમાનનું સૂચક છે. જ્યારે માણસ આપબડાઈ કરતો હોય છે ત્યારે વિવેકી સાંભળનાર તો એના પર મનમાં હસતો હોય છે, પણ જાતપ્રશંસામાં પડેલા માણસને એ સામે ધ્યાન હોતું નથી. પોતાની પ્રશંસામાં પડેલો માણસ વિવેકશક્તિ ખોઇ બેઠો હોય છે. અને અવિવેકી માણસ સામા માણસને સમજવા જેટલો શક્તિશાળી ક્યાંથી થાય? અભિમાની માણસ કેવો વિવેકશૂન્ય બને છે તેનો તમને એક દાખલો આપું:

દાદાભાઇ નવરોજજી ઇંગ્લેંડમાં એક વાર ત્યાંના ઉમરાવો સાથે ખાણું લેતા હતા. સારા સારા બુદ્ધિશાળી માણસોએ એ પ્રસંગે હાજરી આપી હતી. વાત વાતમાં એક વાત ઉપર જરા વધારે પડતી ચર્ચા થઇ. એમાં દાદાભાઇએ પોતાનો મત

દર્શાવ્યો. ત્યાં બેઠેલ એક બાનુએ અભિમાનભર્યા શબ્દોમાં ટીકા કરતાં કહ્યું: ('What these ugly and black Indians can understand about it?') 'કદરૂપા અને કાળા હિન્દુસ્તાનીઓ આ બાબતમાં શું સમજે?' આ સાંભળી દાદાભાઈ નવરોજજીએ ખીસામાંથી આરસી કાઢી, એ બાનુના મુખ આગળ ધરી, નમ્રતાથી કહ્યું: ('You can see your face in it) 'તમે તમારું મોઢું આમાં જોઈ શકો છો!' કારણ કે, આ સ્ત્રીના મુખ કરતાં પોતાનું ઉજ્જવળ ને પ્રતિભાસંપન્ન મુખ જ એની કાળાશ ને કદરૂપતા પૂરવાર કરવા પૂરતું હતું. આથી સૌ હસી પડ્યાં.

વિવેકી માણસે તો કામ જ એવું કરવું જોઈએ કે જેથી એનું કામ જ એની પ્રશંસા કરે. માણસને તો બોલવાની ય જરૂર ન પડે, અને અભિમાન કરતાં નમ્રતાપૂર્વક મૂકવામાં આવેલી વાતને લોકો શાન્તિથી સાંભળે છે. બોલનાર નમ્ર રીતે બોલતો હોય તો એના પ્રત્યે લોકોને સહાનુભૂતિ પ્રગટે છે, અને બોલનારના શબ્દો સામાના હૈયામાં સોંસરા ઉતરી જાય છે. નમ્રવાણી એ વાચાનો અલંકાર છે.

अतुच्छम्–વાણી તુચ્છ ન હોવી જોઈએ. વાણીમાં પ્રૌઢતા, ગંભીરતા અને સહૃદયતા હોવી જોઈએ. આજ આપણાં ઘરોમાં કેવી તુચ્છ વાણી બોલાઈ રહી છે! ગાળો, તોછડાઈ ને અસભ્યતાથી છલકાતાં આજના ઘરો જોઉં છું, ત્યારે હૃદયને ક્ષોભ થાય છે. ઉચ્ચ કહેવાતા માણસોનાં ઘરો પણ આજ કેવાં સંસ્કારહીન બનતાં જાય છે! આર્યાવર્તનાં ઘરોમાં પત્ની પતિને 'આર્યપુત્ર' 'દેવ' 'નાથ' કહીને સંબોધતી

અને પતિ પત્નીને 'દેવી' કહીને સંબોધતો, એના બદલે આજ તોછડાઇભર્યા અયોગ્ય સંબોધનોથી ગૃહો ગાજી રહ્યાં છે. બાપ દીકરાને ખોળામાં બેસાડી રમાડતો હોય અને બાળકને રમાડતાં રમાડતાં લાડમાં બાપ કહે છે: 'મારો સાળો બહુ તોફાની.' હું એને પૂછું કે 'ભાઈ! આ છોકરો તારો સાળો ક્યારે થયો? કઇ રીતે થયો?' ત્યારે કહેશે કે 'હું તો અમસ્તો જ બોલું છું. આમ બોલાય છે!' પણ પોતે શું બોલે છે એનું ભાન નથી. છોકરાના કાનમાં ગ્રામીણતાનું કેવું ઝેર રેડાય છે એનો એને ખ્યાલ નથી. છોકરી પાણીનું બેડું ભરીને આવતી હોય અને ઠોકર વાગે ને બેડું ફૂટી જાય તો મા એ દિકરીને કેવા હલકા ને તુચ્છ શબ્દોથી ઠપકો આપવાની શરૂઆત કરે? હું નહિ કહું. તમે જ કહો. હવે તમે નહિ કહો તોય ચાલશે, મનમાં સૌ સમજે છે. મૂળ વાત એ છે કે—આપણા શબ્દોમાં તુચ્છતા વધી ગઇ છે. આજ સુધરેલા માણસો પણ કેવું તુચ્છ બોલે છે. તે આ પ્રશ્નોત્તર પરથી સમજાશે.

એક શેઠે નોકરને તુચ્છતાંથી કહ્યું: 'સાલા! તારામાં જરા યે અક્કલ નથી.' નોકરે નમ્રતાથી ઉત્તર વાળ્યો: 'વાત સાચી છે શેઠ! મારામાં અક્કલ નથી જ. મારામાં અક્કલ હોત તો હું તમારે ત્યાં નોકરી ન કરત પણ તમને મારે ત્યાં નોકર રાખત!'

બોલો, આમાં બોલનારે શું સાર કાઢ્યો? એના કરતાં તુચ્છ–હલકાં વચનો ન ઉચ્ચાર્યાં હોત તો તે કેવું માન રહેત? તુચ્છ વાણીથી મિત્ર હોય તો ય શત્રુ થાય, જ્યારે અતુચ્છ

અને સભ્યતાભર્યા પ્રિય વાર્તાલાપથી શત્રુ હોય તોય મિત્ર થઇ જાય.

पूर्वसंकलितम् જે બોલવું તે સંકલનાપૂર્વક ને પહેલાં વિચારીને બોલવું. વિચારના ગળણાથી ગળીને કાઢેલું વચન અતિરમણીય હોય છે અને બોલેલા વચનને ફેરવવાનો પ્રસંગ આવતો નથી. બોલતાં પહેલાં વિચાર કરવો કે આ સ્થાનમાં આ બોલવા જેવું છે કે નહિ ? આ બોલીશ તો તેનું પરિણામ શું આવશે ? મારે મારા બોલવાનો શો ઉદ્દેશ છે ? અને જે બોલું છું તેની કેટલી અસર થશે ?–આ રીતે પહેલાં તૈયારી કરીને કે વિચાર કરીને ઉચ્ચારેલ વાકય ધારી અસર કરી જાય. અરે ! એવું વચન તો રત્ન કરતાંય વધી જાય.

શબ્દ સરીખા ધન નહિ, જો કોઈ જાને બોલ;
હીરા તો દામે મિલે, શબ્દ ન આવે મોલ !

એક કવિ કહે છે કે બોલતાં આવડે તો વચનનું તેજ હીરાના તેજને ય ઝાંખું પાડે. પણ શરત એટલી કે વિચારીને બોલવું. આ રીતે વિચારીને બોલનારની વાણીમાં અધર્મ તો હોય જ કયાંથી ? એટલે વાણીનો આઠમો ગુણ તે ધર્મસંયુક્ત !

धर्मसंयुक्तम्–આપણી વાણીમાં ધર્મ હોવો જોઇએ. વાણી એ પવિત્ર વસ્તુ છે. ઇશ્વરના જેટલી જ પાવન છે. એનો દુરુપયોગ કેમ થાય ? હું તમને જ પૂછું કે તમારી વાણી આજે પવિત્ર છે ખરી ? તમે શબ્દને બ્રહ્મ જાણી ઉચ્ચારો છો ? જો તમારી વાણીમાં નિન્દા હોય, ધિક્કાર હોય, તિરસ્કાર

કે પક્ષપાત હોય તો તમારી વાણી પવિત્ર કઈ રીતે ગણાય ? ધર્મયુક્ત કઈ રીતે મનાય ?

તમને કોઈ સામે મળે તો એની પ્રશંસા કરો, એના ગુણગાન કરો, એની વાહવાહ પોકારો અને એ જાય કે તુરત એનું ખોદવાનું ચાલુ કરો એ ક્યાંનો ન્યાય ? કોઇના ય ન જોયેલા કે ન જાણેલા દોષોનું વર્ણન કરવું, એમાં રસ લેવો, એમાં સંમતિ આપવી, આ બધો વાણીનો વ્યભિચાર નથી ? આજ કોઈ બે મિત્રો મળે તો ગામની નિન્દા કરે. એમાં કોઈ ત્રીજો ભળે તો એ પણ એ બેમાં ભળી નિન્દા–મંડળ વધારે. એમ કરતાં એ ત્રણમાંથી એક ચાલ્યો જાય, તો તુરત એ બન્ને ભેગા થઈ, જનારની નિન્દા કરવા મંડી પડવાના. આ તે કેવી વાણી ? અરે, રે ! શું વાણી આ માટે મળી છે ? આમ જો અધર્મ યુક્ત વાણીનો વ્યાપાર ચાલશે તો પછી માણસના વચન પર વિશ્વાસ કોણ કરશે ? પ્રજ્ઞ માણસ તો આવો વાણીવિલાસ સાંભળી સમજી જાય કે જે માણસ બીજાની ગેરહાજરીમાં એની નિન્દા કરે છે, તે મારી ગેરહાજરીમાં મારી નિન્દા કાં ન કરે ? આવો ડાં'પણભર્યો વિચાર કરનાર માણસ આવાઓનો મિત્ર રહે ખરો ? આવા માણસને કોઇ સારો માણસ ધારી ન્યાય તોળવા બેસાડે તો એ ન્યાય કેવો આપે ? એની વાણીમાંથી એ જ નીકળે કે, મારું મારા બાપનું ને તારું મારું સહિયારું !

ધર્મયુક્ત વાણી કોને કહેવાય અને ધર્મયુક્ત વાણીવાળો માણસ કેવો નિષ્પક્ષપાતી અને નિડર હોય તેનો એક સુંદર દાખલો ઇતિહાસમાં આવે છે.

એક રાજા ધનુર્વિદ્યા શીખતો હતો. રાજાના હાથથી અજાણતાં એક બાણ છૂટયું અને એક નિર્દોષ માણસને વાગતાં એ ઘાયલ થયો. ઘાયલની માતાએ આની ફરિયાદ ત્યાંના વડા ન્યાયાધીશ પાસે કરી. તે જમાનામાં રાજ્યનું રક્ષણ જેમ ક્ષત્રિયોના હાથમાં હતું તેમ ન્યાય અને પ્રજાની સલામતીનું ખાતું પ્રામાણિક એવા ધર્માધિકારીના હાથમાં હતું. અને એ ધર્માધિકારી પુરુષ વડા–ન્યાયાધીશ ગણાતા. ન્યાયને વફાદાર એવા ન્યાયાધીશે રાજાને ન્યાયાલયમાં હાજર થવાનો આજ્ઞા–પત્ર મોકલ્યો. રાજા આવ્યો ત્યારે એને ઉચ્ચ સ્થાન પર બેસાડવાને બદલે ગુનેગારના પાંજરામાં ઊભા રહેવાની એણે સૂચના કરી. આ દૃશ્ય સૌ જોઈ જ રહ્યાં. રાજાએ પોતાનો ગુનો કબૂલ કર્યો. એણે અમુક દંડ કરી રાજાને મુક્ત કર્યો અને પછી ન્યાયાલયની બહાર આવી ન્યાયાધીશે અતિ નમ્રતાથી રાજાને નમન કર્યું. આથી રાજા ખૂબ પ્રસન્ન થયા અને પોતે સંતાડી રાખેલી નાની તલવાર બતાવી કહ્યું: " ન્યાયાલયના આજ્ઞા–પત્રને માન આપી હું અદાલતમાં હાજર થયો, પણ મને એમ લાગ્યું હોત કે ધર્મ ને ન્યાયથી તમારી વાણી વેગળી છે તો આ તલવારથી તમારો શિરચ્છેદ અહીં જ કરી નાખત. પણ તમારી ધર્મ ને ન્યાયમય વાણીથી મને આનંદ થાય છે, ને તમારા જેવા ન્યાયાધીશથી હું ગર્વ લઉં છું કે મારા રાજ્યમાં રાજા કરતાં ય ન્યાયને પ્રથમ માન આપનારા ધર્મનિષ્ઠ ન્યાયાધીશ છે! " તે જ ઘડીએ પોતે ઝબ્બામાં સંતાડી રાખેલી સોટી બતાવતાં ન્યાયાધીશે કહ્યું: " રાજન્! સારું થયું કે તમે અદાલતને માન આપ્યું

અને મારો ન્યાય માન્ય રાખ્યો. નહિ તો હું સોગન ખાઈને કહું છું કે તમે ન્યાયને ઠોકર મારી હોત તો, હું આ સોટીથી તમારા બરડાની ખબર અહીં જ લઈ લેત. સારું થયું કે આપણને બન્નેને સદ્બુદ્ધિ સૂઝી !"

વાહ આ કેવો ન્યાય ! કેવી ધર્મમય વાણી ! આ પ્રસંગ શું કહે છે ? આપણી વાણીમાં ધર્મ જોઈએ, ન્યાય જોઈએ, સત્ય ને પાવિત્ર્ય જોઈએ. કોઈને ય આપણી વાણીથી અન્યાય ન થઈ જાય એવી કાળજી રાખી વક્તૃત્વ કરનારા કેટલા ? આવા વિચારક વક્તા હોય તો પ્રજામાં કેટલી શાંતિ ને કલ્યાણકામના હોય ? એટલે આ આઠ ગુણોથી યુક્ત વાણી બોલે તે વક્તા, નહિ તો બક્તા–લબાડ તો છે જ !

માત્ર ભાષણ 'સારું' કરી જાય, વાણી શુદ્ધ બોલી જાય, એટલા માત્રથી જ્ઞાનીઓ એને વક્તા નથી કહેતા. એમ તો કાશીમાં એવા કેટલાક વિદ્વાનો છે કે જે બોલવામાં વ્યાકરણની એક અશુદ્ધિ આવે તો જીભ કાપવા હાથમાં ચપ્પુ લઈને બેઠા હોય. પણ એ જ પંડિતો ગંગાના ઘાટ પર જાય ત્યારે ગાયત્રીનો જાપ કરતા જાય ને માછલું દેખાય તો લોટામાં નાખતા જાય. એમને પૂછો કે આ લોટામાં શું ? તો કહેશે : 'જળડોડી.' આવા વાચાળ પંડિતો પોતાનું કે એના સમાગમમાં આવનારનું શું કલ્યાણ કરે ? એવી જ હાલત છે આજની વિદ્યાપીઠોના સ્નાતકોની ! આ જ્ઞાનનો વાણીવિલાસ જનકલ્યાણ માટે નથી વધ્યો પણ લોકોને છેતરવા માટે અને અભણોને આંજવા માટે વધ્યો છે ! એટલે આજે માણસ વાણીનો ઉપયોગ પોતાના વિચારોને વ્યક્ત કરવા માટે નહિ, પણ પોતાના વિચારોને છુપાવવા માટે કરી રહ્યો છે.

માણસની વાણીમાં સત્ય ન હોય અને જૂઠ હોય તો એની બીજી સજા તો થવાની હોય ત્યારે થાય, પણ પ્રત્યક્ષ સજા તો એ મળે કે—એ સાચું બોલતો હોય ત્યારે પણ લોકો એને ખોટું માને છે. એ સોગન ખાઈને કહેતો હોય તોય એના વચન પર લોકોને વિશ્વાસ ન બેસે, માટે વાણી પવિત્ર જોઈએ અને એ વાણીને પવિત્ર રાખવા માટે તપ જોઈએ.

જેમ આચારને શુદ્ધ રાખવા માટે તપ, વિચારોને શુદ્ધ ને સ્વસ્થ રાખવા માટે તપ, તેમ ઉચ્ચારને શુદ્ધ ને પવિત્ર રાખવા માટે પણ વાણીનો તપ કરવો જોઈએ.

अनुद्वेगकरं वाक्यं, सत्यं प्रियहितं च यत् ।
स्वाध्यायभ्यासनं चैव, वाङ्मयं तप उच्यते ॥

વાણી એવી હોય કે સાંભળનારને ઉદ્વેગ ન થાય, સત્ય છતાં મધુર ને હિતકર હોય, ઊંડા ચિન્તન અને અભ્યાસમાંથી પ્રગટેલી હોય—આ વાણીનું તપ! આવા તપથી માણસ એ માણસ બને છે. તપ વિનાની, ચિન્તન વિનાની, અભ્યાસ વિનાની, કર્કશ વાણી તો પશુઓ પણ બોલી શકે છે. એમાં માણસ બોલીને શું વધારો કરે છે? આ હું એકલો જ નથી કહેતો હો! ગીતા પણ કહે છે કે: માણસની વાણી પાછળ તપશ્ચર્યા હોય. તપશ્ચર્યાવિહોણી વાણી તો પશુની હોય!

એક જૂના વખતની વાત છે, જ્યારે માણસો આટલા ચાલાક ને જૂઠાબોલા નહોતા પણ ભદ્ર ને સાચાબોલા હતા. તે વખતે એક ગૃહસ્થને ત્યાં સંત પધાર્યા. પણ આ ઘરનાં માલિક—સ્ત્રી પુરુષ—બહારથી ઘણાં જ સુંદર ને ભલાં લાગતાં

હતાં પણ અંદરથી સાવ જ બેડોળ ! એક મહિનાના પરિચયથી સંત ત્રાસી ગયા. એ ઘરમાં સત્ય, ચિન્તન, સ્વાધ્યાય, મધુરતા કંઇ જ ન મળે. એકલા બાહ્ય વૈભવના આડંબરનો કોલાહલ હતો. સંતે મહિના પછી વિદાય વખતે આશીર્વાદ આપતાં કહ્યું: ' માણુસ બનજો ! '

પુરુષ ધમાલિયો હતો. એણે આ વાકય પર જરા ય વિચાર ન કર્યો, પણ સ્ત્રી ભારે ચકોર. એ પામી ગઇ. એણે પતિને પૂછયું: આપણે માણસ નથી ? શું ઢોર છીએ ? સંતે ' માણસ બનજો ' એમ કેમ કહ્યું ? આ સાંભળી પુરુષને પણ જરા વિચાર આવ્યો. વાત સાચી હતી. સંતે આમ કાં કહ્યું ? એણે મનમાં ગાંઠ વાળી. એ ફરી મળશે ત્યારે પૂછીશ.

કોઇ પણ વચન પર ઊંડાણુથી વિચાર કરીએ તો જ વકતાની વાણીનો મહિમા સમજાય, નહિ તો શ્રવણ માત્ર એક વ્યસન બની જાય. વ્યસની માણસ પ્રવૃત્તિ કરે ખરો પણ એમાંથી પ્રકાશ ન મેળવે: પ્રકાશ તો ઊંડા ચિન્તનથી જ મળે.

બે વર્ષ પછી ફરી સંત પધાર્યા ત્યારે પેલી સ્ત્રીએ પૂછયું; " મહારાજ ! માણુસ થજો એનો અર્થ શું ? શું અમે ઢોર છીએ ? ' સંતે પોતાની પાસે એક કાચ હતો તે આપતાં કહ્યું: " લો આ કાચ. આ કાચ એવો અદ્ભુત છે કે એના ઉપરના ભાગમાં જોશો તો તમે માણસ દેખાશો અને અંદરના ભાગમાં જોશો તો તમે જે છો તે દેખાશો. "

સ્ત્રીએ કાચના અંદરના ભાગમાં જોયું ને એ ચમકી !

'કાં?' પતિએ પૂછયું. સ્ત્રીએ ભડકીને કહ્યું: "ઓ, બાપ રે! હું તો આમાં કૂતરી દેખાઉં છું અને શેરીના નાકા પર ઊભી રહીને ભસી રહી છું. હાય રે! હું કૂતરી?" ઉતાવળિયા પુરુષે કહ્યું: 'આમ લાવ, મને જોવા દે.' અને પોતાની જાતને જોતાં જ એણે રાડ પાડી. 'અરે, આ શું? હું ગધેડો? ઉકરડા પર ઊભો રહી ભૂંકનાર હું ગર્દભ? અરે, મહારાજ! જુલમ કર્યો રે તમે! અમને આમ જાનવર કાં બનાવો?'

સંતે કહ્યું: "ભલા માણસો! આમાં હું શું કરું? તમે જે રીતે જીવો છો તે રીતે આમાં દેખાઓ છો! માણસ બહારનો આકાર ગમે તે મેળવી શકે પણ અંદર કૂતરા જેવો છે કે માણસ જેવો, તે જ ખરો પ્રશ્ન છે. જે મનથી સત્યને પૂજતો નથી, સત્યને ઉચ્ચારતો નથી, સત્યને આચરતો નથી અને જેના મન ને વાચાનો મેળ નથી તે મનુષ્ય હોવા છતાં પશુ છે. તે ભાષણ કરતો નથી પણ ભસે છે, બોલતો નથી પણ બકે છે!"

આજનું વ્યાખ્યાન એટલે વાણીના તપની વિચારણા. જીવન ગંભીર વિચારણા માંગે છે. બહાર તમે ગમે તે હો, હું એ અંગે કંઇ જાણવા નથી માંગતો, તમે અંદર આવો, અંદર તમે કોણ છો તે મને કહો. સત્યનો ઝબ્બો તો પહેર્યો પણ એ ઝબ્બા નીચે શું છે તે મને કહેશો? બોલો, મારા ભાઇઓ! બોલો! આજ નહિ બોલો તો કયારે બોલશો? મન ને વાણીનો સુમેળ છે કે કમેળ? મન ને વાણીએ આપણા

જીવનને સંગીતમય બનાવ્યું છે કે બસૂરું? જીવનમાં શું છે, આનન્દ કે અફસોસ?

કોઇને ગુમડાં થયાં હોય અને ભારે કોટ પહેરીને ફરતો હોય તો કોને ખબર પડે કે આ કપડાં નીચે ગુમડાં ખદબદી રહ્યાં છે? ગુમડાં ભલે બહાર ન દેખાય પણ અંદર તો પીડા થાય ને ચળ ઉપડે ને? લોહી નીકળે ને? તમને કોઇ દિવસ અસત્યનું ગુમડું ખટકે છે ખરું? એની પીડા થાય છે ખરી? અસત્યની પીડા જરાય નથી થતી? કાંઈ નહિ, આજ નહિ થાય તો મરતી વખતે થશે. તે વખતે આ ચિત્રો નજર સામે ખડાં થશે. ભૂતાવળની જેમ નાચ્યા કરશે. અને અસત્યવાદીને મૂંઝવી મારશે પણ જો આપણા જીવનમાં સત્યનો સૂર્ય ચમકતો હશે તો અન્ધકારનો જરા ય ભય નથી.

આપણે નાનીશી વસ્તુ ખોઇએ છીએ ત્યાં કેટલો બધો અફસોસ થાય છે. એક રૂપિયો ખોવાઈ ગયો હોય તો કેટલી ચિંતા થાય? પણ આજે આપણો આત્મા આખો ને આખો અસત્યમાં ખોવાઈ ગયો છે, એનો જરા ય વિચાર આવતો નથી, આ કેવું આશ્ચર્ય!

આજકાલ કેટલાક ભોળા માણસો આવે છે અને કહે છે:–'કંઇક મંત્ર બતાવો, કંઇક સિદ્ધિ થાય એવો જાપ દેખાડો. આપને વચનસિદ્ધિ આવડે છે.' હું કહું છું કે: 'અરે, ભોળા જીવો! આમ ભ્રાન્તિમાં ખોટા કાં ભમો છો? પ્રિય, પથ્ય ને સત્ય એ વચન–સિદ્ધિનો મંત્ર છે! સત્યના પ્રકાશથી ઝળહળતું સુમધુર હિતવચન એ રામબાણ છે, એ અફર છે.

જેને વાગે તે વિંધાયા વિના ન રહે. એ વચન જેના દિલમાં પેસે ત્યાં પ્રકાશના દીવડા પ્રગટે!'

આજનું વ્યાખ્યાન સમાપ્ત કરતાં એટલું જ કહું કે सत्यवादी भवेत् वक्ता। સાચો વક્તા તે છે કે જેની વાણીમાંથી સત્યનો પ્રકાશ ઝરે છે! Not only with our lips; but in our lives—એકલા હોઠમાંથી નીકળતા શબ્દોથી નહિ, પણ આપણા જીવનમાંથી પ્રગટતા સત્યના તેજથી આપણી વાણીને રંગી સાચા વક્તા બનીએ!

★

## શૈશવ!

મેં વળી કયારે કહ્યું હતું કે મને પ્રૌઢત્વ નથી ગમતું અને વાર્ધક્ય પસંદ નથી? હું તો કહું છું કે પ્રતાપી પ્રૌઢત્વયે આવજો ને નમણું વાર્ધક્ય પણ આવજો; પણ મારું કહેવું તો એટલું જ છે કે, મારું શૈશવ ન જશો,—જે ગરીબ ને શ્રીમંતના ભેદને જાણતું નથી, ફૂલ જેવા નિર્દોષ હાસ્યને ત્યજતું નથી, બૂરું કરનારને પણ દાઢમાં રાખતું નથી, હૈયાની વાતને માયાના રંગથી રંગતું નથી અને વાત્સલ્યની ભાષા સિવાય બીજી ભાષા જાણતું નથી,—એવું મધુર શૈશવ જીવનની છેલ્લી પળે પણ ના જશો....! **ચિત્રભાનુ**

# માનવતાનાં સોપાન

## : ૪ :

### દાતા

માનવતાનાં સોપાન અંગે આપણે ત્રણ સોપાનનું વિવેચન કરી ગયા. આજે ચોથા સોપાન પર વિચાર કરવાનો છે. ચિન્તકો શબ્દના ઊંડાણમાં કેવું રહસ્ય મૂકે છે તે જુઓ. એ કહે છે કે न दाता अर्थदानतः કેવળ ધન વાપરવા માત્રથી દાતા નથી બનાતું. અને માત્ર પૈસા ખર્ચવાથી દાતા થઈ શકાતું હોત તો दाता भवति वा नवा—દાતા હોય કે ન પણ હોય, આવો ગંભીર ભાવ ન કહેત. ચિન્તકો જાણે છે કે કીર્તિ માટે, ગયેલી પ્રતિષ્ઠા પાછી મેળવવા માટે, પોતાનાં અપકૃત્યોને દાનના પડદા નીચે ઢાંકવા માટે અને કેટલાક પુણ્યથી પાપ ઠેલાય એવા ભાવથી પણ દાન કરનારા છે. આવી ભાવના દાન પાછળ રમતી હોય તો એ દાન ન કહેવાય. યાદ રાખજો: કેળવ પૈસાથી આત્માની એકેય વસ્તુ ખરીદી શકાતી નથી, ધનથી ચેતનજ્યોતનું એક પણ કિરણ પામી શકાતું નથી. ધનથી માન મળશે, સન્માન મળશે, પૂજા મળશે, પ્રતિષ્ઠા

મળશે, કીર્તિ મળશે, અરે, જડ જગતની કદાચ બધી વસ્તુઓ મળશે, પણ આત્મજ્યોતનું કિરણ ધનથી મળવું મુશ્કેલ છે. એ આત્મજ્યોત મેળવવા માટે ધન સાથે મન પણ જોઈએ.

આજકાલ જ્યાં ત્યાં સમાજમાં અપાતા માનપત્રો અને દીવાલો પર ચોંટેલી કુકુંમ પત્રિકાઓને જોશો તો લાગશે કે આજ ધનથી કીર્તિ કેટલી સસ્તી મળે છે તેનું આ પ્રદર્શન છે. કેટલીક કુમકુમ પત્રિકાઓ વાંચું છું ત્યારે તો માથું શરમથી નીચું નમી જાય છે. મનમાં એમ થાય કે આવા મોટા આચાર્યો આવા નાના માણસોને આવાં મોટાં વિશેષણો આપે છે ! આખી જિંદગી સુધી ન કરવાનાં કામો કરીને થોડા પૈસા એકાદ ઓચ્છવ પાછળ વાપરી નાખ્યા એટલે એમને આવાં વિશેષણો આપવાનાં ? આ ગ્રહસ્થો માટે જે વિશેષણો વાપર્યાં છે, તેટલા ગુણો તેમનામાં હોય તો હું કહું છું કે મોક્ષ એમનાથી જરાય દૂર નથી. એમને હવે બીજું કંઇ જ કરવાની જરૂર નથી. એ વિશેષણો જોતાં તો એ તરી ગયા છે એમ જ લાગે ! પણ હું આપને જ પૂછું આ બધા વાપરેલા ઇલકાબો આપને સાચા લાગે છે ? જેના માટે નરરત્ન અને દાનવીર જેવા શબ્દો વપરાયા છે, એને ત્યાં એક ભૂખ્યો માનવી જાય તો એને એક ટંક પણ પ્રેમથી ભોજન મળે ખરું ?

સભામાંથીઃ “ભોજન તો ન મળે પણ ગાળો તો મળે ને ?”

તમે ઠીક કહ્યું. શું મળે ગાળો ? અને એવા માટે વળી આવાં વિશેષણો ? કેવાં દાનવીર ને નરરત્ન ! અને આ

વિશેષણ આપનારાઓનાં વિશેષણો જોયાં કે? અર્ધી કંકોત્રી તો એમાં જ ભરાઇ ગઈ છે! આ ઇલકાબો જ એટલા બધા છે કે આમાં નામ શોધવા જાઓ તો નામ પણ ન જડે, એટલે એ પણ એટલું તો જાણે છે કે આ પદ્ધીઓમાં આપણું નામ અટવાઇ જશે. એટલા માટે એમણે વાંચનારને સગવડ કરી આપી છે, પોતાનાં નામ બોલ્ડ ટાઇપમાં ને બીજા કલરમાં છાપ્યાં છે! એ જાણે છે કે પદવીઓમાં નામ અટવાઈ જવાની સંભાવના છે! અને કેટલીક પત્રિકાઓમાં તો વળી ફોટા મૂકાવ્યા છે! અન્તે આ ફોટાવાળી પત્રિકાઓમાં ગાંઠિયા ને ચટણી બંધાશે ને ગટરમાં સડશે. આશાતનાની હદ થઈને! આવાઓને આજે કહેનાર કોણ? આ નિર્નાયકનું સૈન્ય કયાં જશે એ ખબર પડતી નથી. મને તો ભય લાગે છે કે કયાંક નીચે ન ઉતરી જાય! જેમ એક નૌકામાં સો નાવિકો બેઠા હોય અને સૌ પોતાને ઠીક પડે તેમ હલેસાં મારે તો નૌકાની જે દશા થાય એવી દશા આજ'આ સમાજની છે!

આવી ધમાલમાં દાતા શોધ્યાય જડે? આ તો સૌ કીર્તિ માટે લૂટાલૂટ કરવા નીકળેલા બહાદૂરો છે! દાન લેનારા ઊંચા સાદે પેલા કાળાબજારિયાઓનાં વખાણ કરે અને પેલા સમાજને લૂંટવાની ધૂનમાં પડેલા આ મહાનુભાવોનાં ગુણગાન ગાય. એટલે પરિણામે બન્ને–ઓછું ભણેલા ગુરુઓ અને સમાજને લૂંટનારા વહેપારીઓ–સમાજમાં માન ને પ્રતિષ્ઠા મેળવી જાય. ભોળા લોકો આમાં શું સમજે?

એક સુભાષિત યાદ આવે છે:

उष्ट्रकाणां विवाहे तु गर्द्दभा वेदपाठका ।
परस्परं प्रशंसन्ति अहो रूपं अहो ध्वनिः ॥१॥

ઊંટભાઈના લગ્નમાં ગદ્ધાભાઈ ગોર બન્યા. ગોર કહે: 'વાહ! ઊંટનું કેવું સુંદર રૂપ છે!' ઊંટ કહે: 'વાહ! ગદ્ધાજીનો કેવો મીઠો ધ્વનિ છે!' આવી આ સમાજની દશા છે. આવા વાતાવરણમાં ગુપ્તદાન દેનાર દાતા ક્યાંથી પાકે? સાધર્મિકોને ટેકો આપનારા, એમનો હાથ ઝાલી ઉપર ચઢાવનારા અને પોતાના ગરીબભાઈને આર્થિક રીતે પીઠ થાબડનારા આ કારણને લીધે વાતાવરણમાંથી બહુ જ અલ્પ મળવાના. આ દાતાઓનો ઘણો પૈસો તો વાજાંવાળા, બેન્ડવાળા, પ્રેસવાળા, અને રંગબેરંગી મોટી મોટી કુંકુમપત્રિકા છાપવાવાળા ચાવી જાય છે. બે દિવસ વાહ, વાહ થાય! અને પછી હવા હવા થઇ જાય! પહેલાના જમાનામાં માણસને પાડવા માટે સ્વર્ગલોકમાંથી મેનકા ને અપ્સરાઓ આવતી હવે એ નથી આવતી. કારણ કે એમને જોઇ માણસો ગાંડા થઈ જાય, એટલે આજના યુગમાં એ મેનકાને અપ્સરા કીર્તિ ને પ્રશંસાના રૂપમાં આવે છે, અને માણસને પાડી દે છે. આજ માણસની જરા પ્રશંસા કરો એટલે કુલાઈને કુગ્ગો થઈ જવાનો. વિદ્વાનો આવાઓને સાચા અર્થમાં દાતા નથી કહેતા. ત્યારે દાતા કોણ? दाता भूतहिते रतः । પ્રાણીમાત્રના કલ્યાણમાં જેનું મન રમે છે. તે દાતા. હૈયાના ઊંડાણમાંથી પ્રગટેલી જીવદયાની ભાવનાવાળો દાતા. એટલે જ અભયદાન ઉત્તમ છે, ઉત્કૃષ્ટ છે. આવી દાતૃત્વની ભાવના પ્રગટ્યા પછી પોતાના પ્રભાવથી, પોતાના બળથી કે પોતાના અધિકારથી કોઇનેય ભય ન થાય એની કાળજી

રાખે. તમારા હાથમાં તો એક સોટી હોય તોય હાથ સીધો ન રહે ! કાં એ સોટી ઝાડ પર વિંઝાય, કાં કૂતરાના બરડામાં પડે, કાં કોઇ રસ્તામાં જતા ઢોર પર ફરી વળે. એક સોટી પણ ન પચાવી શકાય તો બંદુક કે તલવાર તો કઈ રીતે પચાવી શકો ? જ્ઞાનીઓ કહે છેઃ સાચા દાતાની આસપાસ તો એવી હવા હોય કે સૌ અભયનો મુક્ત આનન્દ માણતા હોય !

ચૈતન્યદેવનું નામ તો તમે સાંભળ્યું હશે ? માર્ગાનુસારીમાં પણ કેવા ગુણો હોય છે તે હું કહેવા માગું છું. ચૈતન્ય દેવ અને રઘુનાથ શિરોમણિ–બંને સહાધ્યાયી અને બંને પાછા મિત્ર. દોસ્તી એવી કે પુષ્પને પરિમલ જેવી. કદી છૂટા ન પડે. અથવા એમ કહીએ તો ચાલે કે મિત્ર તો ઢાલ જેવા હોવા જોઈએ.

મિત્તર ઐસા કીજિયે, ઢાલ સરીખા હોય;
સુખમે પીછે પડ રહે, દુઃખમેં આગુ હોય.

ખરો મિત્ર ઢાલનું કામ કરે, સુખમાં પાછળ હોય. દુઃખમાં ઘા ઝીલવા આગળ હોય. તમારા મિત્રો સુખમાં ને મહેફિલમાં આગળ હોય ને દુઃખમાં ને સંકટમાં ભાગી જાય! એવા મિત્રો માલ ખાવા હાજર થાય, માર વખતે અદૃશ્ય થાય. એટલે મિત્રોને પણ ચુંટવા પડે છે. જેને તેને મિત્ર ન કરાય.

રઘુનાથે ન્યાયશાસ્ત્ર પર એક સુંદર ટીકા લખી. અને ચૈતન્યદેવને બતાવી. એણે મિત્રના કાર્યની પ્રશંસા કરતાં કહ્યુંઃ 'અદ્ભુત' છે. આથી રઘુનાથ મનમાં મલકાણા. એને થયું

આ ટીકા મને જગતમાં પ્રખ્યાત બનાવશે, મારી કીર્તિ ભારતભરમાં ફેલાશે. તે અરસામાં ચૈતન્યદેવ પણ ન્યાય પર ટીકા લખતા હતા. એમની ભાવના ખ્યાતિ મેળવવાની ન હતી. એમને પ્રશંસાનીય પડી ન હતી. એ તો કર્તવ્યબુદ્ધિથી લખે જતા હતા. એક દિવસની સાંજે, રઘુનાથ ચૈતન્યને ઘેર આવ્યા ત્યારે તે ટીકા લખી રહ્યા હતા. રઘુએ પૂછ્યું: 'મિત્ર, શું લખે છે?' સહૃદયી ચૈતન્યે ન્યાયનાં પાનાં મિત્રના હાથમાં આપતાં કહ્યું: 'આપણી પૂર્વે થયેલા વિદ્વાનોએ વાવેલાં વિદ્યાનાં વૃક્ષનાં ફળ આપણે ખાધાં તો આપણે પણ થોડાં બીજ વાવતા જઈએ કે જે આવતી કાલની પેઢીને ખાવા કામ લાગે.'

રઘુનાથ જેમ જેમ એક પછી એક લીટી વાંચતા ગયા તેમ તેમ એમનો જીવ અદ્ધર ચઢતો ગયો. એમના મુખની લાલી ઉડી ગઈ, મોં સફેદ પૂણી જેવું થઈ ગયું. ચિંતામગ્ન રઘુનાથને જોઈ એણે પૂછ્યું: 'કેમ? આટલો ઊંડા વિચારમાં ઉતરી ગયો?' સ્વસ્થ થતા રઘુનાથે કહ્યું: હવે મારી ટીકાને તો કૂતરાંય નહિ સૂંઘે! તારી આ પાંડિત્ય પૂર્ણ ટીકા આગળ મારી ટીકા શું હિસાબમાં? હું માનતો હતો કે મારી ટીકાથી હું ખ્યાતનામ બનીશ પણ આ જોતાં લાગે છે કે એ એક કલ્પના જ હતી. મિત્ર! તું આ ગ્રન્થથી અમર બની જઈશ. એમ કહી પોતાના શ્રમને વિફળ જતો જોઈ, રઘુનાથે એક ઊંડો નિઃશ્વાસ મૂકયો.

ચૈતન્યને વિચાર આવ્યો: અમર તો કોણ થયું છે? નામ તેનો નાશ છે. મેં આ પ્રયત્ન કલ્યાણ માટે કર્તવ્યબુદ્ધિથી

કર્યો છે પણ મારા જ મિત્રની કીર્તિને એ હણતો હોય, એને જ ભયજનક હોય તો મારે આ પ્રયત્ન ન કરવો.

એક પૂર્ણિમાની રાતે બંને મિત્રો જલવિહાર કરવા નીકળ્યા હતા. હોડી સરિતાની છાતી પર રમી રહી હતી. બંને વાતે ચઢયા. એટલામાં ચૈતન્યે બગલમાંથી એક પોથી કાઢી, જાણે પોતાના નાજુક હૈયાને, જળમાં પધરાવતો ન હોય એ રીતે ગ્રન્થ પાણીમાં પધરાવી દીધો! રઘુનાથે પૂછયુંઃ 'મિત્ર! આ શું કર્યું?' કરુણાર્દ્ર સ્મિત કરી ચૈતન્યદેવે કહ્યુંઃ 'જે ગ્રન્થ મારા મિત્રના કીર્તિચન્દ્રને રાહુ બની ગળી જતો હોય તે શા કામનો? રઘુ! આપણે તો બંને બાળગોઠિયા. તું જાણે છે કે હું સૌનાં ભલાની ભાવનામાં રમું છું. અને મિત્રનું જ ભલું ન કરી શકું તો બીજાનું ભલું શું કરી શકું? જે ગ્રન્થે તારા દિલ પર ઘા કર્યો એ ગ્રન્થનો મેં પાણીમાં ઘા કર્યો....'

અર્પણના આ દૃશ્ય પર પૂનમનો ચાંદ ચાંદની વર્ષાવી રહ્યો હતો. આંખમાં આવેલા આંસુને લૂછતાં રઘુનાથે કહ્યુંઃ 'મિત્ર તેં તો જુલમ કર્યો. તારો વર્ષોનો શ્રમ પાણીમાં ગયો. પણ તારી આ જગતવ્યાપી કીર્તિ....?'

'રઘુ! કીર્તિની ખાખને જે શરીરે ચોળી જાણે તે જ કંઈક કરી શકે. કીર્તિનો મોહ છોડયા વિના કલ્યાણ નથી. મારી કીર્તિ કોઇના ય માટે ભયરૂપ હોય તો એ કીર્તિથી સર્યું!' આ સાંભળી રઘુનાથ એના ચરણોમાં ઢળી પડયા. 'ચૈતન્યદેવ! તેં જ ખરું મેળવ્યું. મેં તો કેવળ ટીકાઓ જ

કરી છે. અમે પૂજાઇશું. તમે અણપ્રિછયા રહેશો, પણ પૂજાનારા તળિયે જશે અને અણપ્રિછયા તરી જશે....'

આ પ્રસંગ આપણને ક્ષણભર વિચાર કરતા કરી મૂકે છે. આપણે આપણા વર્તમાન જીવન સાથે આ પ્રસંગને સંરખાવીએ તો આપણું જીવન કેવું વામણું લાગે? આપણે જ્યાં જઇએ ત્યાં ભય જ ઉભો કરીએ છીએ. આપણી વાણીમાં અભય નથી, આપણા વર્તનમાં અભય નથી, આપણા હૈયામાં અભય નથી. ચારે બાજું ભયનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે. આપણા સમાગમમાં આવનાર આપણો ભય રાખે અને સામાના સમાગમમાં જતાં આપણે ભય રાખીએ. આ રીતે અરસપરસ ભય ને અવિશ્વાસ ઊભાં થયાં છે. ખરી રીતે ક્રૂર ભય હોવો જોઇએ. પ્રાણીથી માનવી વચ્ચે તો અભય અને વિશ્વાસ હોવો જોઇએ!

ભગવાનનાં ઘણાં વિશેષણોમાં એક વિશેષણ છે— अभयदयाणं કેવું સુંદર છે આ વિશેષણ! ભગવાન અભયના દેનારા છે. દુશ્મનનેય ભગવાન તરફથી ભય નહિ. ક્રૂર પ્રાણી પણ ભગવાન પાસે અભય થઇને આવે. એટલે ભગવાન સાચા અર્થમાં દાતા છે. આપણે એમના જ ભક્ત છીએ, પણ આપણે દાતા નહિ, પણ ખાતા. જેનું મળે તેનું ખાધે જ જઇએ.

ભગવાન બધુંય જાણે છે. શું કર્યું, શું કરે છે ને શું કરશે. બધુંય જાણવા છતાં એમનાથી ભય નહિ. ખૂન કરીને ગયેલો ખૂની પણ દયા માટે પ્રભુ પાસે જાય તો પ્રભુ સભા વચ્ચે એમ ન કહે કે 'અલ્યા ખૂની! તું અહીં કેમ આવ્યો?' એ કરુણાસાગર તો એના

ઉપર પણ ક્ષમા અને અભયની દૃષ્ટિ જ નાખવાના. એટલે પાપી પણ એમની પાસે ભય વિના જઈ શકે છે.

જ્યારે તમારી દશા કેવી છે ? કો'કની જરા સરખીય વાત જાણતા હો તો દમ મારતા ફરોઃ કહી દઈશ હોં. હું તારું બધુંય જાણું છું. તારી ચોટી મારા હાથમાં છે–એમ કહેતા જાઓ ને તમારો સ્વાર્થ એમની પાસેથી કઢાવતા જાઓ. તલવાર જેવી તીખી વાણી હોય, ખાબોચિયા જેવું ક્ષુદ્ર હૃદય હોય, કાગડા જેવી દોષગવેષક દૃષ્ટિ હોય અને શિયાળ જેવી સ્વાર્થસાધુ બુદ્ધિ હોય એવા માણસો અભયદાનને જીવનમાં કઈ રીતે લાવી શકે ? એનું મન પ્રાણીમાત્રના કલ્યાણમાં રમે એમ તમને લાગે છે ? એવા માણસો માટે તો એમ જ કહેવાય કે બીજાનું ભલું ન કરે તો કાંઈ નહિ, પણ કોઈનું બૂરું ન કરે તો સારું !

અભય માટે જોઈએઃ અપર્ણનું શૌર્ય, ધર્મભાવથી તરબોળ હૃદય, નિર્ભય સત્યમિત વકતવ્ય, અને હૈયાની ઉત્કટ ઉદારતા–આ ગુણો આવે ત્યારે માણસ દાતા બને છે. જેણે સાચા દાનનો ઇતિહાસ સર્જ્યો છે, તે આવા ગુણવાળા હતા. એટલે જ આ સુભાષિતમાં કહેવામાં આવ્યું છે કેઃ આવા પ્રકારનો દાતા હોય કે ન પણ હોય ! નહિ તો ભાવ વિના પૈસા વેરનારા દાતાઓની કયાં ખોટ છે ? સામાન્ય રીતે ધન વાપરનારા ઘણા મળશે પણ આવા જગત કલ્યાણમાં રાચનારા, સૌના ભલામાં ખુશ થનારા બહુ ઓછા હશે. જીવન શિલ્પીઓની ઇચ્છા આપણને સાચા અર્થમાં દાતા બનાવવાની

છે. મારી નજર અત્યારે ઘડિયાળ પર જાય છે. એ કહે છે કે સમયની મર્યાદા થઇ ગઇ છે. હવે હું મારા વિષયને વધારે ન લંબાવતાં એટલું જ કહીશ:

સૌનું કલ્યાણ થાઓ. સૌ એક બીજાના કલ્યાણમાં લાગી રહો. સૌના દ્વેષ નષ્ટ થાઓ અને જીવ માત્ર સુખની દુનિયામાં સફર કરો. આ પવિત્ર ભાવનાની નૌકામાં આપણે આપણી જીવન યાત્રા વ્યતીત કરીએ એવી શુભેચ્છા.

## વાદળી

વર્ષાની એક માઝમ રાતે વરસતી વાદળીને મેં પૂછ્યું: “કાં? આટલી ગર્જના કેમ કરે છે? કાંઇ ધીરી બનીને વરસને!” વરસતી વાદળીએ ગંભીર નાદ કરી કહ્યું: “અમને પીવા છતાં તારામાં અમારો ગુણ ન આવ્યો એટલે માનવ! તને ચેતવવો પડયો; અમે સાગરનાં ખારાં પાણી પીને પણ ચોમાસામાં મીઠાં પાણી વરસાવીએ છીએ, ત્યારે તું અમારાં મીઠા પાણી પીનેય કડવી વાણીનાં પાણી ટપકાવે છે, એટલે કહેવા આવી છું કે કડવા ઘૂંટડા હૈયામાં ઉતારી, અમૃતના ઓડકાર મોંથી કાઢજે!” આ સાંભળી મારો આત્મા નમી રહ્યો.

—ચિત્રભાનુ

# સુખની શોધમાં

જગતમાં દરેક પ્રાણી જીવનભર સુખની ઝંખના કરે છે. એ અપ્રાપ્ય સુખને પ્રાપ્ત કરવા માનવી જગતના એકે-એક ખૂણે ફરી વળે છે, ને એ સુખ પ્રાપ્ત કરવા માટે આકાશ-પાતાળ એક કરતો હોય છે, છતાં એ સાચું સુખ મેળવી શકતો નથી, કારણકે મનુષ્ય સાચા સુખની સ્પષ્ટ વ્યાખ્યા સમજી શકયો નથી. સાચા સુખનું કલ્પનાચિત્ર એની પાસે સ્પષ્ટ નથી. અને એનું સ્પષ્ટ ચિત્ર ન હોવાને કારણે જ માનવી આજે દુઃખી છે. આજે જગતમાં મહાન ગણાતા માનવીને પણ પૂછી જુઓ કે સાચું સુખ તમને સાંપડયું છે? સાચા સુખનો આસ્વાદ તમે કર્યો છે? ત્યારે પ્રત્યુત્તર એક જ મળશે કે ભાઈ, તમારી જેમ અમે પણ સુખની શોધમાં છીએ, પણ સાચું સુખ હજુ સુધી તો મેળવી શકયા નથી. એટલે આ રીતે માણસ હજારો ને લાખો વર્ષોથી સાચા સુખને પામવા પરિભ્રમણ કરે છે, પ્રવાસ ખેડે છે, વિપત્તિ સહે છે, છતાં સાચું સુખ મેળવી શકયો નથી.

## અતૃપ્ત ઇચ્છા

સાચું સુખ મેળવવા માટે મન, વચન, અને કાયા એ ત્રણ મહાન અને અદ્‌ભુત સાધનો છે. સુખનું સાધન જગતમાં ક્યાંય શોધવાની જરૂર નથી, એ તો આપણી પાસે જ છે. મન, વચન અને કાયાનો વિવેક પૂર્વક ઉપયોગ કરવામાં આવે તો એ દ્વારા અદ્‌ભુત સાચું સુખ પામી શકાય, ને એનો વિવેક વિહોણો દુરુપયોગ થાય તો આપણા જ હાથે દુઃખના ડુંગરા ખડકાઈ જાય. આટલાં વર્ષોને અંતે પણ માણસ સુખ મેળવી શક્યો નથી. એનું કારણ એ જ છે કે સંપત્તિમાં અને વિપત્તિમાં મન, વચન ને કાયાના યોગનો સુમેળ રાખી શક્યો નથી, સુખમાં ઉન્મત્ત બન્યો ને દુઃખમાં મુંઝાઈ ગયો. આ દ્વિધા વૃત્તિને લીધે જ માણસનું જીવન સુખ વિહોણું ને અસમતોલ બન્યું છે. સુખ મેળવવા ઇચ્છતા પ્રાથમિક સાધકે સંપત્તિમાં ખૂબ ઉત્સાહમાં આવી ઘેલા ન બનવું તે વિપત્તિમાં ગભરાઇને કર્તવ્યહીન કે વિવેકહીન ન બનવું. પણ તેનો અડગ ને અડોલ રહી સામનો કરવો. દુઃખ એ પણ ઉજ્જવળ જીવન-વસ્ત્રની એક કાળી કિનાર છે. જીવનનું એક પડખું છે, એમ માની જીવનમાં સમતોલપણું જાળવવું જોઇએ. જીવનમાં વિચારણા-પૂર્વક સમતોલપણું જળવાય તો જ મનુષ્ય સુખી થઈ શકે.

પણ કમભાગ્યે માણસની સુખની ઇચ્છા મૃગજળ જેવી છે. મૃગ જેમ ઉનાળાના દિવસોમાં ધગધગતા તાપમાં પાણી પીવા માટે વલખાં મારે છે, અને મૃગજળ જોઈ એને મેળવવા દોડે છે. છતાં પાણીનું એક બિન્દુ પણ મેળવી શકતું નથી, તેમ માણસ પણ જગતમાં ધનિક માણસનું માત્ર બાહ્ય

સુખ જોઈ એમાં જ સાચા સુખની કલ્પના કરી, એ મેળવવા માટે જીવનભર દોટ મૂકે છે. છતાં પરિણામે નથી તો એ મેળવતો બાહ્ય સુખ કે નથી જાળવી શકતો પોતાનું મૂળસ્થાન. જીવનભર એ સુખ શોધવા ભમ્યા જ કરે છે.

એક ઈચ્છા પૂર્ણ ન થાય ત્યાં તો બીજા સુખની ઈચ્છા જન્મી જાય છે. બીજી ઈચ્છા પૂર્ણ કરવા માણસ પ્રયત્ન કરે છે ને અર્ધવાટે જાય છે ત્યાં વળી કોઈ બીજી જ કલ્પના આવે છે. આમ માણસ એ અપૂર્ણ સુખને પૂર્ણ કરવાની વ્યર્થ ઝંખનામાં જીવન વેડફી નાખે છે. ઘણાને, પાસે કાંઈ ન હોય ત્યારે લાખ મેળવવાની ઈચ્છા જાગે છે, લાખ મળે એટલે દશ લાખ મેળવવા પ્રયત્ન કરે છે, દશ લાખ મળે એટલે ક્રોડ મેળવવા વલખાં મારે, ને ક્રોડ મળે એટલે દશ ક્રોડ મેળવવા ટળવળે–આમ ઈચ્છાઓની ઘટમાળ ચાલ્યા જ કરે, પણ ઈચ્છાઓનો અન્ત ન આવે. અતૃપ્ત માનસને લીધે માનવીને સાચું સુખ ન મળે, એ સહજ છે. પૈસો એ જ આદર્શ છે ને પૈસામાં જ સાચું સુખ છુપાએલું છે, એવું માનસ ને સિદ્ધાંત ઘડાઈ જાય એટલે કહેવું જ પડે, કે તમારી સુખની કલ્પનાઓ ભ્રામક ને ખોટી છે, અવાસ્તવિક ને અસૈધાન્તિક છે. એ કલ્પનાની ધરમૂળથી ક્રાન્તિ કરવાની જરૂર છે, એ વિના માનવજાતિ સુખની શોધમાં જિંદગી હારી બેસશે.

જગતમાં સુખનાં સ્વપ્ન સેવનારા વિવિધ પ્રકારના મનુષ્યો વસે છે, કોઇને ખૂબ જ ધન મેળવવાની ઈચ્છા હોય છે, તો કોઇને પુત્ર મેળવવાની ઝંખના હોય છે, કોઇને પ્રિયજન મેળવવાનો તલસાટ હોય છે, કોઇને કીર્તિ પ્રાપ્ત કરવાની અભિલાષા

હોય છે, તો કોઇને સત્તાનું સિંહાસન પ્રાપ્ત કરવાની મહેચ્છા હોય છે; ઐહિક સુખની, આવી ક્ષણિક એષણા હોય છે, તેમ સાથે સાથે અનેક પ્રકારની અર્થહીન ચિન્તાઓ પણ વસેલી હોય છે. વિદ્યાના ક્ષેત્રમાં હોય તો કોઈ બેરીસ્ટર અગર કોઈ મોટી ડીગ્રી મેળવે તો બીજાને અદેખાઈ આવે છે. વેપારના ક્ષેત્રમાં હોય તો કોઈ ખૂબ પૈસાદાર થાય અગર વેપારમાં ફાવી જાય તો બીજાને ઈર્ષા થાય છે. રાજકારણમાં હોય તો કોઈ પ્રધાન થાય અગર ઊંચા હોદ્દા પર જાય તો બીજાને બળતરા થાય છે. ત્યાગ વિહોણી સાધુ–સંસ્થામાં હોય તો કોઈ પૂજાય અગર લોકમાન્ય થાય ત્યારે અન્યને એ જોઇને અંગ અંગમાં અગન લાગે છે–એમ માણસ જેમ વાસ્તવિક સુખ સમજી શકતો નથી ને મેળવી શકતો નથી; તેમ અન્યનું બાહ્ય સુખ, શાન્તિથી જોઈ પણ શકતો નથી. માનવીની દૃષ્ટિ આજે વિકૃત બની છે, એણે સાચા સુખને જોવા માટે પહેરેલા ચશ્મા સાવ ઊંધા છે. એ ઊંધા ચશ્માને લીધે સુખીને જોઈ શકતો નથી ને દુઃખીનો વિચાર સરખો પણ કરી શકતો નથી.

દાદરો ઉતરનાર જેમ નીચે જોઇને ઉતરે તો એ સુખેથી દાદર ઉતરી જાય છે, તેમ સંસારમાં સુખપૂર્વક જીવવું હોય તો આપણાથી નીચી કક્ષાના ગરીબો કઈ રીતે જીવન જીવે છે તે જોવાની જરૂર છે. ઊંચે જોઇને દાદર ઉતરનાર જેમ જેમ ગબડયા વિના રહેતો જ નથી તેમ પોતાનાથી સુખી કોણ છે એ જ જોયા કરનાર માણસ પણ સુખી બની શકતો નથી, તે દુઃખી થાય છે. જીવન પંથમાં ગબડી જાય છે માટે સાચા સુખને શોધનાર માણસે, દુઃખી જગત ઉપર પણ

એકવાર નજર નાખવાની જરૂર છે. જગત આજે દુઃખથી ભરેલું છે. કેટલાય એવા મનુષ્યો છે કે જેઓ પેટનો ખાડો પૂરવા માટે દિવસભર કાળી મજૂરી કરે છે, છતાં એ મનુષ્યો પેટ પૂરતું ખાવાનું અન્ન પણ મેળવી શકતા નથી. શરીર ઢાંકવા માટે પૂરતાં વસ્ત્રો પણ મેળવી શકતા નથી, માંદગીમાં રિબાતા હોય છતાં દવાનું એક બિન્દુ પણ મેળવી શકતા નથી, નિરાધાર રખડતા હોય છતાં રહેવા એક ઝૂંપડું પણ પામી શકતા નથી. અરે ! કૂતરાને તો રહેવા બખોલ હોય પણ કેટલાક માણસોને તો આજે રહેવા એ પણ નથી–ઉપર આકાશ ને નીચે ધરતી ! આવા દૃશ્યો જોવા છતાં એમના દુઃખનો વિચાર સરખો કર્યા વિના દરેક માણસ પોતાના જ દુઃખની વાત કહે છે. બીજાની ગરીબી ને બીજાનાં દુઃખનો વિચાર ન હોવાને કારણે, સમૃદ્ધ માણસ પણ ભિખારીના જેવી દીન વાતો કરતો નજરે પડે છે. તેવે સમયે મનમાં થાય કે આ પોતે સમૃદ્ધ હોવા છતાં પોતાની જાતને સુખી નથી બનાવી શકતો તો બીજાને તો સુખી બનાવે શી રીતે ? અને એવા પાસેથી સુખની આશા રખાય પણ શી રીતે ?

આજનું આપણું આ દેખાતું સુખ એ લગ્નપ્રસંગ પર જાંગડ લાવેલાં દાગીના જેવું છે. આ ભાડૂતી સુખને લીધે આપણે ઉન્મત્ત બન્યા છીએ; પણ આપણે જીવનમાં ઊંડો વિચાર કરવો જોઇએ, કે આ આપણી પાસે આવેલી વસ્તુઓ પોતાની છે કે માંગી લાવેલી છે ? જો માંગી લાવેલી હોય તો આ ગર્વ શા માટે ? આ ક્ષણભંગુર વસ્તુઓ પર મુસ્તાક થઇને જીવન હારી ન જવાય, માટે આપણે આપણા આત્માને

એક સીધો પ્રશ્ન પૂછવો જોઇએ: ' આપણે જે માન મેળવીએ છીએ, જે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરીએ છીએ, તે આપણા આત્મિક વ્યક્તિત્વના પ્રભાવથી મેળવીએ છીએ ? ' તો નકારમાં જ ઉત્તર આવશે. આપણી કોઈ પ્રશંસા કરે કે કોઈ ખૂબ વખાણ કરે એટલે આપણી છાતી ગજગજ પહોળી થાય છે ને મનમાં ગલીપચી થાય છે. પણ ઊંડો વિચાર કરતાં માલુમ પડશે કે એ બધી વસ્તુઓ બહારની છે. બાહ્ય આડંબરને લીધે માન ને સ્થાન મળે છે, એ વસ્તુઓ આપણી નથી. આપણી પાસેથી ક્યારે જતી રહે તેનો ભરોસો નથી; માટે માણસે એવી રીતે પૂર્ણતા, પ્રતિષ્ટા, સુખ ને આનંદ મેળવવાં જોઈએ કે આ બધી ક્ષણિક વસ્તુઓ કદાચ ચાલી જાય તો પણ માણસાઈ હંમેશાં દીપતી રહે અને આપણા સુખને દુઃખનો પટ ન લાગે!

આજે માણસ જે જે ભૌતિક સુંદર પદાર્થો જુએ છે, તે તે મેળવવા યત્ન કરે છે, અને એમાં જ પૂર્ણ આનંદ માને છે, પરન્તુ એના પરિણામોની ભયંકરતાનો વિચાર કદી કરતો નથી. ઈચ્છાઓ ને આશાઓના પૂરમાં માણસ જીવનભર તણાયે જ જાય છે. એ પ્રવાહમાં તણાતો માણસ પોતાના ધારેલા સ્થાને પહોંચી શકતો નથી, સેવેલા આદર્શને પામી શકતો નથી, ને ભાડૂતી માણસની જેમ જીવન પૂરું કરે છે.

મિત્રો ! સાચા સુખની શોધમાં નીકળ્યા છો તો ખૂબ ગંભીર બની વિચાર કરો. બાહ્ય વસ્તુઓ તમને વાસ્તવિક શાન્તિ આપશે ખરી ? આડંબરથી મેળવેલી પ્રતિષ્ઠા ને પૂજા તમારી વિદાય વેળાયે મુખ પર સ્મિતની સુરખી લાવશે ખરી ? બોલો ! તમે સુખ મેળવવા ખૂબ વર્ષો ખર્ચ્યાં છે

અને હજુ ખર્ચો છો. આ પ્રસંગે હું તમને એક પ્રસંગ યાદ કરાવું; જે જગમશહુર છેઃ—

એક વખત એવો હતો કે હિટલરના માન અને સ્થાનની જગતના સત્તાધીશોને ઈર્ષા આવતી, એ જ હિટલરનો આજે પત્તો પણ નથી. થોડા જ વર્ષો પૂર્વે એ આખા વિશ્વને ધ્રૂજાવતો હતો. એની પાસે લાખો રણવીર યોદ્ધાઓ હતા, મહાન મુત્સદ્દીઓ હતા, મર્દ સેનાનીઓ હતા, અજોડ વ્યૂહ-રચયિતાઓ હતા, ચિંતક પ્રચારકો હતા, અને એની પાસે અનેકવિધ આધુનિક યુદ્ધની વિશાળ ને વિરાટ સામગ્રી હતી. એના વચન પર આખું જર્મની પોતાનું ઉનું ઉનું લોહી રેડવા તૈયાર હતું. જગત કહેતું કે હિટલરનો જય જ હોય, પરાજય તો સ્વપ્નમાં પણ ન હોય! પણ એ જ જગતને સાંભળવું પડયું ને જોવું પડયું કે જગતનો એ અજોડ સત્તાધીશ હિટલર ઘડીના છઠ્ઠા ભાગમાં કયાંય ફેંકાઇ ગયો. એનું આજે વિશ્વના પટ પર નામનિશાન પણ નથી–એનું નામ ભૂંસાઈ ગયું. એની પાછળ એના સ્મરણની એક ખાંભી ઉભી કરનાર પણ કોઈ નથી. કહો, જે સુખને માટે લોકો ઇર્ષાની અગનમાં બળતા હતા, એ હિટલર અને એનું સુખ કયાં ગયું? દુનિયાના કોઇ પણ માણસને કહેવું જ પડશે, કે એ સુખ પોતાનું ન હતું, પણ પારકું હતું. માંગી લાવેલું હતું–ક્ષણભંગુર હતું–સંધ્યાના રંગ જેવું અલ્પજીવી હતું!

## રડતા આવ્યા પણ હસતા જાઓ

એક કવિ કહે છેઃ

જબ તુમ આયે જગતમેં, જગત હસત તુમ રોત;
અબ કરણી ઐસી કરો, તુમ હસત જગ રોત.

આ ચાર પંક્તિઓ પર જરા વિચાર કરો. આપણે જગતમાં આવ્યા, જન્મ લીધો ત્યારે રડતા હતા, તે વખતે આપણો નિર્દોષ કાળ હતો. નિર્દોષ જીવનને લીધે આપણે શું કરીએ છીએ, એ આપણે જાણતા નહોતા. આપણે શા માટે આવ્યા છીએ ? સુખ શું ? ને વાસ્તવિક સુખનાં સ્વપ્નાં શાં ? એ આપણે સ્થૂલ રીતે સમજતા નહોતા એટલે રડતાં હતા. એ સમયે નિર્દોષ બાળકોને જોઇ ઘરના ને ગામના માણસો હસતા હતા, કારણ કે શેઠને ત્યાં પુત્ર જન્મે એટલે આનંદજન્ય હાસ્ય જ હોય ને? પણ હવે તો તમે સમજણા થયા, વિચારક થયા, વેપારી થયા, પ્રૌઢ બુદ્ધિવાળા થયા. હવે દુનિયા એ રીતે છોડવી કે આપણાં મોં પર સદ્કર્તવ્યોનું ને જિંદગી સફળ કર્યાનું સ્મિત હોય, આનન્દ હોય, સંતોષની રેખા મોં પર ઉપસતી હોય, સંતોષનો પ્રકાશ મોં પર ચળકાટ મારતો હોય અને આપણાં સદ્કર્તવ્યો ને સદ્ગુણોને યાદ કરી લોકો અશ્રુનો પ્રવાહ વહાવતા હોય. આ રીતે મરણ થાય તો જાણવું કે જિંદગી મેળવી તો કેળવી !

પણ તે સમયે હાય, હાય ! મારું શું થશે ? મારી મિલ્કતનું શું થશે ? મારા કુટુમ્બનું શું થશે ? એવા જો દૈન્યતા ભર્યા શબ્દો ને ઉદ્ગારો નીકળ્યા તો સમજવું કે જિંદગી મેળવી પણ કેળવી નહિ. અને કેળવ્યા વિનાની જિંદગી તો દીર્ઘ હોય તો પણ વન્ધ્ય જ છે.

તત્ત્વચિન્તક કહે છેઃ જેમ માણસ જૂનાં કપડાં છોડે ને નવાં કપડાં પહેરે છે, તેમ માનવ જીર્ણ શરીર છોડીને નૂતન શરીર ધારણ કરે છે. જેમ જૂનાં વસ્ત્રો છોડીને નવાં કપડાં

પહેરતાં માણસને આનંદ આવે છે, તેમ જીર્ણ શરીર છોડતાં ને નવા શરીરને ધારણ કરતાં પણ આનંદ થવો જોઈએ. સાચા સુખનું લક્ષણ આ જ છે. જૂનું શરીર એટલે અનાદિનો આ સંસાર અને નૂતન શરીર એટલે આદિ અનંત મોક્ષ! આવો અપૂર્વ મોક્ષ મેળવતાં જીવનના સાચા પ્રવાસીને તો આનંદ જ થાય, કારણ કે એનું ભવભ્રમણ ટળે છે, પણ લોકો આજે મરણથી ગભરાય છે, એનું કારણ એ છે કે એ જાણે છે કે આપણે જીવનમાં કાંઈ સાચી વસ્તુ મેળવી નથી, કાંઇ સદ્કર્તવ્ય કર્યું નથી, દાન દીધું નથી, શિયળ પાળ્યું નથી, તપ કર્યાં નથી, ને ભાવના ભાવી નથી, એટલે અહીંથી મરીને બીજી ગતિમાં ગયા એટલે આ બધું ખલાસ! નવું વસ્ત્ર તો નહીં મળે પણ આ જૂનું વસ્ત્ર પણ નહિ રહે અને નિરાધાર રીતે નરકમાં ને તિર્યંચમાં ભટકવું પડશે ને તાપમાં ઉઘાડા ટળવળવું પડશે, આજ કારણે માણસો મરણથી ગભરાય છે.

માણસ પાસે સત્તા, સિંહાસન કે ક્રોડ રૂપિયા હોય તો પણ એ આત્મિક વૈભવ વિના સુખી હોતો નથી. બહાર એ ભલે સુખી દેખાતો હોય પણ એના આન્તરિક જીવનમાં અશાંતિનો દાવાનળ સળગતો હોય છે. ચિન્તાઓ એના પર ગીધડાની જેમ ભમતી હોય છે, ફફડાટ એના હૈયાને કીડાની જેમ કોરી ખાતો હોય છે, માટે જ કહું છું કે આજની તમારી સુખની કલ્પના અવાસ્તવિક્તામાંથી જન્મેલી છે. સુખ પૈસા કે વસ્તુમાં નથી પણ આપણા હૃદયમાં હોવું જોઈએ. આપણા હૃદયમાં હશે, તો જગતની દરેક વસ્તુ આનંદના બજાર જેવી લાગશે, એટલે જ જીવન શોધકોએ કહ્યું કે આપણો આનંદ આપણા

હૈયામાં પોઢેલો છે, આપણા હૈયામાં આનંદનું સરોવર ભરેલું પડ્યું છે ! પણ અન્ધ મન એ જોઈ શકતું નથી ને તરસ્યું બની આખા વિશ્વમાં આનંદજળ પીવા દોડે છે. જેમ કસ્તૂરી મૃગની ડૂંટીમાં જ હોય છે. પણ એ જાણતું નથી, તેથી આખા વનમાં ભટકે છે. જે દિશાથી પવન આવે છે તે દિશા તરફ દોડે છે અને માને છે કે એ દિશામાં કસ્તૂરી હશે, પણ ખરી રીતે એ એની પોતાની પાસે જ છે.

આજે આખા વિશ્વમાં પણ આમ જ બની રહ્યું છે. જગત બહાર સુખ શોધે છે, પણ અન્તરમાં તો કદી તલાસ કરતું જ નથી. સાચું સુખ મેળવવું હોય તો બાહ્ય પદાર્થોમાંથી મન વાળવું જોઇએ, ઈન્દ્રિયો પર વિજય મેળવવો જોઇએ, જીવનમંથન કરવું જોઇએ, ચિત્ત સ્થિર બનાવવું જોઇએ, અને મનના વધતા વેગને અટકાવવા આત્મનિરીક્ષણ કરવું જોઇએ. આ રીતે સાધના કરીશું તો જ આપણે સાચું સુખ મેળવી શકીશું.

## આજનો ચેપી રોગ

આત્મિક સુખને પૂર્ણ રીતે નહીં સમજનાર જાપાનીસોએ પણ ઇન્દ્રિયજય માટે અનેક પ્રયોગો કર્યા છે. જાપાનના ટોકીયો શહેરના ત્રણ દરવાજા પર ત્રણ મહાકાય વાંદરાનાં પૂતળાં મૂક્યાં છે. એ ત્રણે પૂતળાં, ઇન્દ્રિયજયનો બોધપાઠ આપે છે. એક વાંદરાએ આંખ બન્ધ કરી છે, આંખ બન્ધ કરીને એ એમ કહેવા માંગે છે કે–સારી વસ્તુઓ જોજો અને ખરાબ વસ્તુઓ જોવાનો પ્રસંગ આવે તો મારી જેમ આંખ બન્ધ કરજો. બીજા વાંદરાએ પોતાના કાન બંધ કર્યા છે, એ એમ ચેતવે છે કે–સારી વાત સાંભળવાનો પ્રસંગ આવે તો સાંભળજો

અને ખરાબ વાત સાંભળવાની વેળા આવે તો મારી જેમ કાન બંધ કરજો. ત્રીજા વાંદરાએ પોતાનું મોઢું બન્ધ કર્યું છે, એ એમ સૂચવે છે કે–સારું બોલવું અને ખરાબ બોલવાનો પ્રસંગ આવે કે નિન્દા કરવાની વેળા આવે તો મારી જેમ મોં બન્ધ કરી મૌન સેવવું. આ રીતે બાહ્ય આ ત્રણ ઇન્દ્રિયો પર વિજય મેળવનાર પણ સુખ મેળવે છે. તો સંપૂર્ણ રીતે ઇન્દ્રિયો પર કાબૂ આવી જાય તો સાચું સુખ મળે એમાં આશ્ચર્ય પણ શું છે?

પણ આજે લોકોને જીહ્વા ઇન્દ્રિય ઉપર કાબૂ નથી. નિન્દા કરવાની ટેવ પડી ગઈ છે. આજે એકનું વાટે, આવતી કાલે બીજાનું વાટે, પરમ દિવસે ત્રીજાનું વાટે. આમ વાટ વાટ ને વાટ, બસ વાટવાની જ ટેવ પડી છે! પણ કોઇના સદ્‌ગુણ ગાવા કે પ્રશંસા કરવી એની તો ટેવ જ નથી–પણ યાદ રાખજો કે નિન્દા એ બહુ જ બૂરી ચીજ છે. નિન્દા એ આજનો એક જાતનો માનસિક ચેપી રોગ છે. માણસ જેમ નિન્દા કરતો જાય તેમ એ રોગ અભિવૃદ્ધિ પામતો જાય.

ખરજવું થયું હોય છે ને વારંવાર ચળ આવે છે, ને માણસ જેમ જેમ ખણતો જાય છે, તેમ તેમ ચળ ઘટવાને બદલે વધતી જાય છે. તેવી જ રીતે નિન્દાને માટે પણ કહી શકાય. ખૂજલીવાળો ઘણું ખણીને અન્તે વિકૃત બને છે, તેમ નિન્દક પણ પારકી નિન્દા કરી પોતાના જીવનને વિકૃત બનાવે છે. ખૂજલી થઈ હોય ત્યારે નાના છોકરાઓને હાથે લુગડાં બાંધો છો ને? તેમ હવે નિન્દકના મોઢે પણ કપડાંના પાટા બાંધવાની જરૂર છે, કારણ કે નિન્દકો પણ

બાળકની જેમ અજ્ઞાન છે. નિન્દકો નિન્દા કરીને સુખ મેળવતા નથી, પણ સુખ ખોઈ રહ્યાં છે. માટે સુખના શોધકોએ વાચા આદિ ઈન્દ્રિયો પર કાબૂ–વિજય મેળવવા પ્રયત્ન કરવો જોઈએ.

તમે જોઇ ગયા કે ઇન્દ્રિયો પર સંયમ ને બાહ્ય વસ્તુઓનો ત્યાગ, આ બે વસ્તુઓદ્વારા સુખનો સાક્ષાત્કાર થાય છે. એમાં પણ ત્યાગથી જે જીવન–તૃપ્તિ થાય છે તે અલૌકિક છે. એ માટે પ્રભુ શ્રી મહાવીર દેવનું જીવન આપણને દૃષ્ટાંતરૂપ છે. તે જ રીતે શ્રી રામચંદ્રજીનો જીવનપ્રસંગ આદર્શ રૂપ છે. આ પ્રસંગ ભવ્ય છતાં કરુણ છે! ત્યાગનો આ પ્રસંગ સાંભળતાં આપણાં હૈયાં ભરાઈ જાય છે ને નયન આંસુથી છલકાઇ જાય છે પણ આમાંથી તો આપણે પ્રેરણા લેવાની છે, આ પ્રસંગ આપણને એ જ સૂચવે છે કે આશા–અભિલાષાને કચડીને પણ જે ત્યાગ કરે છે, તે ઉચ્ચ આદર્શના શિખરે પહોંચે છે. જો આશા કે અભિલાષા વિના જ સંપૂર્ણ ત્યાગ કરાય, તો તો પછી પૂછવું જ શું ?

આ પ્રસંગ ગંભીર રીતે વિચારજો. સુખ રાજ્યમાં હતું કે વનમાં? ભોગમાં હતું કે ત્યાગમાં ? સિંહાસનમાં હતું કે હૈયામાં ? હૈયામાં આનંદ ન હોત તો રામનું તે જ પળે હૃદય બન્ધ પડી જાત, પણ એવું કાંઈ ન થયું. પણ ઉલટો સાપ કાંચળી ઉતારીને ચાલ્યો જાય તેમ રાજ્યમોહ છોડી એ વનમાં ચાલતા થયા. કારણ કે એ જાણતા હતા કે ત્યાગ જો હૈયામાં હશે તો જીવન સદા સુખથી છલોછલ ભરેલું જ રહેશે. માટે

કહું છું કે ઇન્દ્રિયો પર કાબૂ મેળવવાથી આત્મા શાન્ત બને છે, ને ત્યાગ કરવાથી આત્મા નિર્લેપ બને છે—આ બે અજોડ સાધનોના પ્રતાપે આત્મા, આત્મામાં જ સુખનો ખજાનો જુએ છે. આજના દોઢ કલાકના પ્રવચનમાં સાચા સુખની શોધનાં જે સાધનો બતાવ્યાં છે, તેને અપનાવે તેને માટે આ ભવ સફલ બને છે. સૌ આ રીતે સાચા સુખના ભોક્તા બનો અને જીવનના સર્વોત્તમ શિખરે પહોંચો એવી શુભેચ્છા.

## અણુ

વસ્તુ નાની છે એટલે એની કિંમત તમારે મન કાંઈ જ નથી? પણ જરા આમ તો જુઓ! આ નાનકડા તણખાએ આખા ગામને રાખની ઢગલીમાં ફેરવી નાંખ્યું. આ નાનકડી કીડીએ પેલા મહાકાય કુંજરને ઢાળી દીધો. આ નાનકડા છિદ્રે આ મહા—નૌકાને સાગરમાં જળસમાધિ કરાવી દીધી. આ નાનકડા વડનાં બીજે વડ બની આ વજ્ર જેવી દીવાલને પણ ચીરી નાંખી. આ અણુબોમ્બે જગત આખાને ધ્રૂજાવી દીધું. છતાં નાની વસ્તુનું મૂલ્ય તમારે મન કાંઈ જ નથી? તો પછી તમને હવે अणोरणियान् महतो महियान् એવો આત્મા પણ સમજાઇ રહ્યો !

ચિત્રભાનુ—

# પ્રકૃતિ–સૌમ્યત્વ

પ્રકૃતિ–સૌમ્યત્વ એ એવો ગુણ છે કે એ જેની પ્રકૃતિમાં વણાયો હોય તેને જેમ શાંતિ આપે છે, તેમ તેના સમાગમમાં આવનારને પણ શાંતિ આપનાર બને છે. આ ગુણ આખા સંસારને સુખમય બનાવનાર છે. મધુરી હવા ફેલાવનાર છે, અને મિથ્યા બંધાઈ ગયેલી દ્રઢ માન્યતાને કેવી રીતે ગાળવી તેનો ઉકેલ કરનાર પણ આ પ્રકૃતિ–સૌમ્યત્વ નામનો જ ગુણ છે.

સામા માણસની કાંઇક ભૂલને લીધે, તેને જોતાં તમને અણગમો ઉત્પન્ન થાય, છતાં તમે તેને તક આપો. જેમ તમને હૈયું, લાગણી, ભાવના છે, તેમ તેને પણ તે બધું છે. કદાચ તેણે ભૂલથી અગર સંસારના સંયોગોની વિષમતાને લીધે કંઇક ખરાબ કાર્ય કર્યું હોય તો પણ તમે તેને એકવાર જરૂર ક્ષમા આપો.

જેમ સાગરની અંદર ભરતી–ઓટ આવે છે, તેમ માનવીની ભાવનાઓમાં પણ ભરતી–ઓટ આવે છે. જેમ તમે પોતે કાંઇક ભૂલ કરી હોય અને તમને પશ્ચાત્તાપ થાય અને પછી

એમ થાય કે મને આ તકે માફી આપે અને સજા ન કરે તો સારું, તેમ સામો માણસ પણ પશ્ચાત્તાપ કરીને તમારી પાસેથી માફી ઇચ્છે છે, નહિ કે સજા?

માનવીની મહાન ક્ષતિ જો હોય તો તે આ છેઃ મનુષ્ય જેટલો પોતાનો ગુનો, પોતે કરેલી ભૂલ, છુપાવવાને ઇચ્છે છે, તે કરતાં સામા માનવીનો ગુનો, તેણે કરેલી ભૂલ, પ્રગટ કરવામાં અનેક ગણો આતુર હોય છે, પણ ઊંડા ઉતરીને વિચાર કરશો તો માલુમ પડશે કે જેમ તમારું હૈયું ક્ષમા માટે ઝંખે છે, તેમ સામા માણસને પણ તમારા જેવી જ ઝંખના રહે છે. એની આર્દ્ર આંખો પણ ક્ષમાની ભીખ માંગતી હોય છે. જેનામાં સામા માણસના હૈયાને, દિલને પારખવાની શકિત નથી તે માનવી નથી. માનવજીવન જીવવાને પણ લાયક નથી! તેમ તમે પણ કોઇના સંજોગોનો વિચાર ન કરી શકતા હો, સામાની લાગણીની કદર ન કરી જાણતા હો તો તમે પણ દાનવોની કોટિમાં જ ગણાઓ.

ઇતિહાસનું અવલોકન કરશો તો એવા અનેક દાખલાઓ મળશે. જે ઘણી ભયંકર ભૂલો કરવા છતાં કોઇક સુંદર તક મળતાં સુધરી ગયા, ઉન્નતિના શિખરે પહોંચી ગયા; આ વાત ધ્યાનમાં રાખી તમે વર્તનમાં સામા માટે એવી ભાવના કેળવો કે આજે એ ભલે બૂરો હોય પણ કાલે મારા સહવાસથી જરૂર સુધરશે અને તે માટે તમે તમારા હૃદયના દરવાજા ખોલી તેની વાત સાંભળો, તેને માટે તમારા હૈયામાં જે ગાંઠ બંધાઇ ગઇ હોય તેને દૂર કરો, અને તેને જાતે જ સુધરવાની તક આપો, તેને અનુતાપ કરવાનો અવસર આપો. તો તે જરૂર સુધરશે.

સામા માણસની વાત સાંભળતાં તમે જાગૃત જરૂર રહો, ચેતતા જરૂર રહો, સાચા–ખોટાની પારખ કરતા રહો; પણ સાંભળો તો જરૂર! આમાવાસ્યાની ઘોર અંધારી રજનીમાં પણ તારલા હોય છે કે નહિ? તેનું થોડું ઘણું પણ તેજ ખરું કે નહિ? તે તારલાને ભરોસે પણ તેની સામે મીટ માંડો; તેના પાપી હૃદયમાં પણ તારલિયા જેટલું સત્વ તો જરૂર હશે! એ કાળા હૈયામાં પણ એક દિવસ ચંદ્ર જરૂર ઉગશે, પૂર્ણ કળાએ ખીલી નીકળશે. આ દૃષ્ટિ કેળવીને તમે તેને તક આપવામાં ઉદાર બનો. તમારી જાત માટે જેવો વિચાર કરો છો, તેવો સામા માણસ માટે પણ વિચાર કરો. આપણે એમ ન માની લેવું જોઇએ કે હું સુવર્ણમાંથી ઘડાયેલો છું અને બીજા પિત્તળમાંથી. બીજા બધા ખરાબ અને હું એક જ સારો છું; આવી કદાગ્રહી દૃષ્ટિ જો તમારા જીવનમાં વ્યાપક બની ગઇ તો તમે સંસારમાં આગળ વધી શકવાના પણ નથી.

કેટલાક કહે છે કે, સગા બાપના વચન ઉપર પણ વિશ્વાસ ન કરવો, વિશ્વાસથી ડગલું ભરવા લાયક આ પૃથ્વી રહી નથી. દુનિયા એવી છે કે અવસરે ખસી જાય, આ માન્યતાવાળો માનવી પોતાના આત્માને વધારી શકતો નથી: હું એમ નથી કહેતો કે કોઇના પર તમે સંપૂર્ણ વિશ્વાસ મુકી દો: હું તો એટલું જ કહું છું કે જાગૃતિ પૂર્વકનો વિશ્વાસ તો તમે જરૂર રાખો. જાગૃતિ પૂર્વકના પ્રકાશની અંદર જીવવું એ જીવનની કોઇ ઓર લ્હેજત છે, એની મધુરતા અલૌકિક છે. જ્યારે પ્રેમનું વાતાવરણ વિશ્વાસની સુવાસથી મિશ્રિત બને છે. ત્યારે આપણું જીવન કોઇ અલૌકિક બની જાય છે,

આજે આપણે અવિશ્વાસને લીધે જ સત્ય ને અસત્ય, હિંસા ને અહિંસા, દૈવી–સંપત્તિ ને આસુરી–સંપત્તિ, પાશવતા ને માનવતા વગેરેને પૂર્ણ રીતે સમજી શકતા નથી, સંસારમાં પ્રકાશ પાથરી શકતા નથી અને આત્માને ઉન્નત બનાવી શકતા નથી.

અવિશ્વાસના અંધારાને લીધે જ સામા માણસના હૃદયમાં જે અવિશ્વાસનું અંધારું હોય છે તે આપણા હૃદયમાં પેસી જાય છે. પ્રકૃતિ-સૌમ્યત્વ નામના ગુણનો સ્વભાવ પ્રકાશ છે. અને તે આવતા અંધકારને અટકાવે છે, રોકે છે, અવરોધ કરે છે.

પ્રકૃતિ–સૌમ્યત્વ નામનો સદ્‌ગુણ એ આપણને ઉદ્‌ઘોષણા કરીને કહે છે કે, સહિષ્ણુ બનો ને સંસારમાં કડવા ઘૂંટડા ગળી જતા શીખો. આટલું જ નહિ પણ ઝેરના ઘડા પીતાં પણ શીખો. સંસારને જો શાંતિમય, પ્રેમમય અને ભાવનામય બનાવવો હોય તો આ પ્રકૃતિ સૌમ્યત્વ નામના ગુણની સુવાસ જીવનમાં મહેકાવી દો!

## ક્રાન્તિ

ક્રાન્તિ થઈ રહી છે, માનવંતાનો ધરમૂળથી ફેરફાર થઇ રહ્યો છે. માનવતાને દૂર ફગાવી ઝડપથી–અતિ ઝડપથી દાનવતા તરફ ધસવું એનું નામ જ ક્રાન્તિ!

માણસ આજે બાહ્ય દૃષ્ટિએ બે ડગલાં આગળ દેખાય છે. પણ આંતરિક દૃષ્ટિએ તો એ ચાર ડગલાં પાછળ છે; અને તેથી જ એક ઠેકાણે અન્નકૂટ દેખાય છે, ત્યારે બીજી બાજુ અનાથ માનવ એ જ અન્ન વિના રિબાઇ રિબાઇને મરી રહ્યો છે....રે ક્રાન્તિ!

**ચિત્રભાનુ**

# ગૌ પૂજા

[૧૩-૩-૫૪ના દિવસે મુંબઈ રાજ્ય ગોશાળા પાંજરાપોળ સંઘના ત્રીજા અધિવેશન ને ગોશાળા પ્રદર્શન પ્રસંગે પધારેલ વડોદરાનાં મહારાણી શ્રી શાન્તાદેવી, મુંબઈ રાજ્યના મહેસુલી પ્રધાન શ્રી ભાઉસાહેબ હીરે, મધ્યસ્થ ધારાસભાના સભ્ય ને પ્રિન્સીપાલો, પ્રોફેસરો અને હિન્દની પ્રસિદ્ધ જુદી જુદી સંસ્થાઓના આવેલ સીત્તેર પ્રતિનિધિઓ ને હજારોની માનવ મેદનીમાં, વડોદરાના ન્યાય મંદિરમાં મુનિ શ્રીચન્દ્રપ્રભસાગરજી ચિત્રભાનુએ આપેલું ભાષણ. —**સંપા૦**]

**બહેનો અને ભાઈઓ !**

ગોસંવર્ધન ને પ્રાણીરક્ષાના કાર્યમાં જીવન અર્પણ કરનારા મહાનુભાવો, આ વિષયમાં મારી પહેલાં ઘણું ઘણું કહી ગયા છે, છતાં સૌ ભાઈઓનો આગ્રહ છે કે મારે પણ કંઈક કહેવું, તો હું આપની આગળ મારી વ્યથા વર્ણવીશ.

આર્યાવર્તના માણસો ગાયની પૂજા કરે છે, એના કપાળે કુમકુમનો ચાંલ્લો કરે છે, એનું પૂછડું આંખે લગાડે છે, પણ એ જ ગાય પોતાનું પેટ ઉકરડે ભરે છે. ગલીએ ગલીએ

ભમી, એંઠવાડ ખાઈ પોતાનો ઉદરનિર્વાહ કરે છે! આ ગોપૂજા કઈ જાતની? દૂધ પીવું છે, પણ સેવા કરવી નથી. ગાય દૂધ આપતી બંધ થાય કે જાય કસાઈખાને. હું પૂછું છું કે માનું દૂધ પીનાર, એનાથી પોતાના શરીરને પોષનાર, એના વડે સશક્ત બનનાર અને એનાથી જીવન મેળવનાર, એ જ માતાની ઉપેક્ષા કરનારને આપ સપૂત કહેશો કે કપૂત? એને ઉત્તમ કહેશો કે અધમ? તેવી જ રીતે ગાયનું દૂધ પીનાર અને વસૂકી જતાં એની ઉપેક્ષા કરનાર, એને કસાઈખાને મોકલનાર એ કેવો કહેવાય? ગાયો નિર્દોષ પ્રાણીઓ આજે કસાઈખાનામાં કપાઈ રહ્યાં છે? ગોમાંસ છડેચોક વેચાઇ રહ્યું છે. શું આ આપણી આઝાદી? એ નિર્દોષ પશુઓની વેદનાભરી આંખો સામે તો જુઓ? એમની મૂકવેદના કોણ સાંભળે તેમ છે? વાતો કરે કંઇ જ નહિ વળે. પ્રતિજ્ઞા કરો. ઘેરઘેર એક પેટી રાખો. સવારે ઊઠી એ પેટીમાં કંઈક નાખીને પછી નિત્ય કાર્યો કરવાં જોઇએ. ભલે, એક પૈસો નાંખો. પણ સૌ આ નિયમ પાળે તો બાર મહિને કેટલી સારી રકમ થાય? એ રકમ આવી પાંજરાપોળને અંજલિરૂપે, અર્ધ્યરૂપે અર્પો. એ જ સાચું ગોપૂજન છે! એમને કસાઇખાને જતી અટકાવવી એ જ સાચી પૂજા છે!

ઘણા કહે છેઃ ગાયના પૂછડામાં તેત્રીસ કરોડ દેવતા છે. એનો અર્થ શો? તેત્રીસ કરોડ દેવતા એટલે તેત્રીસ કરોડ માનવ. દૂધ, છાસ, ઘીથી એ તેત્રીસ કરોડ માનવોને પોષે છે. પશુધન પર માણસના જીવનનો આધાર છે. એટલે ગોરક્ષાનો ટૂંકો લાક્ષણિક અર્થ ઇન્દ્રિય રક્ષા થાય છે. ગોપાલન

એટલે ઇન્દ્રિયપાલન. કારણ કે ગાયના ગોરસથી ઇન્દ્રિયો સશકત અને સતે જ રહે છે.

પણ એકલું ગોપાલન કરીને જ અટકી જવાનું નથી. માનવધર્મ એથીયે આગળ જાય છે. ગાયોને પાળવી અને બીજાં પ્રાણીઓને કતલખાને જવા દેવાં એ તો સ્વાર્થધર્મ થયો, ગાય દૂધ આપે છે, એટલે એને પોષવી અને બીજાં પ્રાણીઓ ઉપયોગી નથી એટલે એના પ્રત્યે ઉપેક્ષા કરવી એ માનવને શોભે ખરું ? સ્વાર્થમા દાનવતા છે, પરમાર્થમાં માનવતા. માનવ ધર્મનો ઉપાસક અબ્રાહમલિંકન અત્યારે મને યાદ આવે છે.

એ અમેરીકાના પ્રમુખ હતા. એક વખત એ પાર્લામેન્ટમાં જઈ રહ્યા હતા. ગાડી ઝડપથી જઇ રહી હતી. એમની નજર કીચડમાં ખૂંચી ગયેલા એક ડુક્કર પર પડી. એ કીચડમાં તરફડી રહ્યું હતું. ચીસો પાડી રહ્યું હતું. લિંકને ગાડી ઊભી રાખી. ડુક્કર તરફ દોટ મૂકી, કીચડમાં ખૂંચી ગયેલા એ નિરાધાર પશુને એણે અજબ રીતે ઉગારી લીધું ! પણ એનો શૂટ કીચડમાં ખરડાઈ ગયો. ફરી ઘેર જઈ કપડાં બદલવા જેટલો સમય નહોતો. પાર્લામેન્ટનો સમય થઇ ગયો હતો. અને સમયની નિયમિતતા માટે તો લિંકન પ્રસિદ્ધ હતો. એ સીધો સભાગૃહમાં આવ્યો, સભ્યોએ ગાડીવાનને પૂછ્યું : પ્રમુખનાં કપડાં આમ કીચડમાં કયાં ખરડાયાં ? ગાડીવાનની વાત સાંભળી સૌ આશ્ચર્ય પામી ગયા. વાહ ! આવો દયાળુ ! બધા મળીને લિંકનને માન આપતાં કહેવા લાગ્યાં : ‘ આપ

ખરેખર દયાળુ છો. આપને ધન્યવાદ છે. આપે ડુક્કરનો ઉદ્ધાર કર્યો....!' પણ પ્રશંસકોને અધવચ્ચેથી જ અટકાવી લિંકને આપેલો ઉત્તર હૈયામાં કોરી રાખવા જેવો છે. 'બસ, બસ, વ્યર્થ મારી પ્રસંસા ન કરશો. મેં કોઇના ય પર દયા કરી નથી. તેમ મેં કોઇનો ઉદ્ધાર પણ કર્યો નથી. મેં તો મારા હૈયામાં ભોંકાયેલા કાંટાનો જ ઉદ્ધાર કર્યો છે. કીચડમાં તરફડતા ડુક્કરને જોઈ મારા હૈયામાં કાંટો વાગ્યો. મારી વેદનાના કાંટાને કાઢવા માટે મારે ડુક્કરને કાઢયા વિના ચાલે તેમ ન હતું. કાંટો કાઢવાનો કંઇક ઉપાય તો લેવો જ પડે ને?.......' માનવતાભર્યો આ ઉત્તર સાંભળી સૌ નમી પડયા.

ભારતના કોઈ સંતનો દાખલો ન આપતાં, મેં અમેરીકાના પ્રમુખનો દાખલો આપ્યો. કારણ કે આપણા રાજ્યબંધારણનું ખોખું અમેરિકાનું છે. વાતાવરણમાં અમેરીકાની હવા મળી છે. એ હવાએ જ આ પ્રાણીનાશની હવા ફેલાવી છે. ત્યારે વિચારવાની આવશ્યકતા છે કે જડવાદની હવામાં પણ એ માનવી કેવી કુમળી લાગણી ધરાવતો હતો! ત્યારે અધ્યાત્મવાદની હવાવાળા દેશમાં કતલખાનાં ઊભરાંઇ રહ્યાં છે, એ શું સૂચવે છે? વિચારજો માનવતા હો તો....

હવે હું આપનો વધારે સમય નહિ લઉં. સભાઓ ભરાય છે, ઠરાવો થાય છે. તાળિયોના ગડગડાટપૂર્વક ફૂલહાર પહેરી વિસર્જન પામે છે, પણ આજના અધિવેશનના ભાઇ બહેનો આટલેથી જ નહિ અટકતાં, અહિંસાના સંદેશાને જીવનદ્વારા મૂર્ત બનાવશે એવી શ્રદ્ધાપૂર્વક હું રજા લઉં છુ.

# ધર્મ કહેવો કોને ?

માણસ સવારમાં દાંત સાફ કરી આરસીમાં મોઢું જુએ છે, બપોરે જમીને બજારમાં જતી વખતે પણ મુખને દર્પણમાં જોઈને બજારમાં જાય છે ને સાંજે બજારમાંથી આવીને પણ કાચમાં પોતાના મુખડાને ધારી ધારીને જુએ છે; તે શા માટે ? માણસને એમ કે મારા મોં ઉપર ક્યાંય ડાઘ તો નથી લાગ્યો ને ! અને હું પોતે કેવો દેખાઉં છું ? પણ આરસીમાં મુખ જોતી વખતે કોઈને ય એવો વિચાર નથી આવતો કે આ આરસીમાં દેખાઉં છું તે હું નથી, પણ જોનાર એ હું છું. આ દેખાય છે એ પ્રતિબિમ્બ મારા આત્માનું નથી, પણ શરીરનું છે. આરસીમાં દેખાય છે એ માલ નથી, પણ બારદાન છે.

શરીરના સૌન્દર્યને હું મારું સૌન્દર્ય માની બેઠો છું અને મારું સૌન્દર્ય હું વિસરી ગયો છું. જે શરીર નાશવંત છે, અહિં જ જેને મૂકી જવાનું છે, જે બળી જવાનું છે, રાખ થઈને ઊડી જવાનું છે, એના અવલોકનમાં કલાકોના કલાકો નીકળી જાય છે અને જે આત્મા શાશ્વત છે, કરેલા કર્મનો ભોક્તા છે, એના માટે આપણને જરા વિચાર સરખો ય ન આવે; આ કેવું આશ્ચર્ય ?

અનાજ કેવું છે એનો વિચાર આવતો નથી અને ફોતરાં માટે માથાકૂટ થઈ રહી છે. શરીર ઉપર લાગેલા ડાઘને જુએ

છે, પણ આત્મા પર લાગેલા ડાઘનો વિચાર કેમ આવતો નથી ? શરીરનો ડાઘ તો પાણી ને સાબૂથી ધોઇ શકાશે, પણ આત્મા પર લાગેલા ડાઘ તો આપણા લોહીનાં આંસુથી પણ નહિ ધોવાય !

મોં ઉપર લાગેલા ડાઘને બતાવનાર આરસી તો અનેક ઠેકાણે મળશે, પણ આત્મા પર લાગેલા ડાઘને ચીંધનાર–બતાવનાર કોણ ? પોતાના મુખની કદરૂપતા માટે માણસ શરમાય છે, એ કદરૂપતાને ટાળવા અનેક પ્રયત્નો કરે છે, પણ આત્માની કદરૂપતા પળે પળ વધી રહી છે અને આ કદરૂપા મુખને લઇ હું વિભુના પવિત્ર ધામમાં કઇ રીતે જઇશ ? એના માટે ચિન્તા કરનારા કેટલા ?

જ્યાં અનન્તા નિર્મળ આત્માઓ બિરાજે છે, એવા સિદ્ધોના પવિત્ર ધામમાં જવા માટે આ આત્મા લાયક છે ખરો ? આરસીમાં જે મુખ ધારી ધારીને જોવાય છે, એ મુખ ઉપર વિશ્વાસઘાત, અસત્ય, અસંયમ, અનીતિના કેટલા અપવિત્ર ડાઘ લાગેલા છે ? છતાં માનવી ગર્વ કરીને ફરે છે. પોતાના સ્થૂલ સૌન્દર્યને આરસીમાં જોઈ મલકાય છે. અંતરનું રૂપ, આત્માનું સૌન્દર્ય અને પવિત્ર જીવનનું લાવણ્ય ભુલાણું એનું જ આ દુઃખદ પરિણામ છે.

એટલા માટે જ જીવનદ્રષ્ટાઓ કહે છે: ભાઇ ! તારે આરસીમાં મોં જોવું હોય તો જો; પણ સાથે સાથે આત્માનું અવલોકન પણ કરતો જા. આત્માનું નિરીક્ષણ વધતાં આ સ્થૂલ રૂપનું આકર્ષણ ઘટશે અને આ સ્થૂલનું આકર્ષણ ઘટતાં આત્માનું સૌન્દર્ય વિકસશે.

प्रत्यहं प्रत्यवेक्षेत, नरश्चरितमात्मनः ।
किं नु मे पशुभिस्तुल्यं, किं नु सत्पुरुषैरिति ? ॥

રોજ પ્રભાતે માણસે પોતાના ચારિત્ર્યનું–પોતાના વહેતા જીવનનું અવલોકન કરવું જોઈએ : મારું જીવન પશુ જેવું તે કે સત્પુરુષ જેવું ? સત્પુરુષોનું જીવન કેવું નિર્મળ છે ને મારું જીવન કેવું મલિન છે ?

આ સંસારની ફૂલવાડીમાં મારું જીવન ગુલાબના ફૂલ જેવું સુવાસિત છે કે લસણ જેવું દુર્ગન્ધ ભરેલું ? આ જગતમાં જન્મીને મેં આશીર્વાદ મેળવ્યા કે શ્રાપ ? આ દુનિયામાંથી વિદાય લેતી વખતે મારા મુખ ઉપર આંસુ હશે કે હાસ્ય ? હું અહિ શું કરવા આવ્યો હતો ને શું કરી રહ્યો છું ? હું કયાંથી આવ્યો હતો ને કયાં જવાનો છું ? મારું સ્વરૂપ કેવું છે ને હું આજે કેવું માનું છુ ?–આવા પ્રશ્નો ઊંડાણમાંથી જાગે તો જ માણસને પોતાની સ્થિતિનું ભાન થાય કે—

હું મનુષ્ય છું. મનુષ્યત્વને શોભે એવું જીવન મારે જીવવાનું છે અને આ શરીર દ્વારા જ મારે મુક્તિ મેળવવાની છે. મને સુંદર માનવદેહ મળેલ છે, તીક્ષ્ણ બુદ્ધિ મળી છે, અન્યની વેદના ઝીલવા યોગ્ય કોમળ હૃદય મળ્યું છે; આવી સુંદર વસ્તુઓને હું કેમ વેડફી શકું ? પશુ જેવું જીવન જીવવા કાંઇ આ મહામૂલી જિંદગી નથી મળી.

આત્માને નિર્મળ કરવાનો, જીવનને સુગંધથી ભરી દેવાનો શુભ અવસર સાંપડ્યો છે. કેટકેટલા ત્યાગી પુરુષોએ આ માનવ જીવનની ગૌરવગાથાઓ ગાઇ છે, તે શા માટે ? ત્યાગીઓએ આ દેહમાં શું વિશેષતા નિહાળી ? આ દેહમાં

એમને શું ભવ્યતા ભાસી ? શા માટે પશુઓ અને મનુષ્યોને એક જ કક્ષાએ ન મૂકયા ? શું બંનેમાં જીવન નથી ? છે જ. તેમ જ બંનેને આહાર–નિદ્રા–ભય ને કામની લાગણી નથી ? તે પણ છે જ. તો પછી બંને વચ્ચે ભેદ શા માટે ?

માનવીને ઉચ્ચ કક્ષાએ મૂકયો અને પશુને નીચી કક્ષાએ શા માટે ? જ્ઞાનીઓને શું આ માનવ–દેહનો મોહ હતો ? ના, તેઓને આ દેહની કિમ્મત તો કંઇ જ નથી. પણ કિમ્મત છે એક ધર્મની; અને તે ધર્મ આ માનવદેહ દ્વારા જ શકય છે. એટલે આત્માને અજવાળનાર ધર્મને લીધે આ દેહની કિંમત પણ વધી અને માનવ જીવનની ગૌરવગાથા ગવાણી.

ધર્મ માનવ–જીવનને તેજસ્વી બનાવે છે, ધર્મ આ જીવનમાં સંસ્કારના પ્રાણ ફૂંકે છે, ધર્મ માણસને ઊર્ધ્વગામી બનાવે છે, અને એની દેવત્વના સિંહાસન પર પ્રતિષ્ઠા કરે છે. ધર્મવિહોણું જીવન એ તો આત્મા વગરના શરીર જેવું છે કે જેમાં ન હોય નૂર કે ન હોય પ્રકાશ; ન હોય પ્રાણ કે ન હોય પવિત્રતા; જીવનમાં પ્રાણ ને પવિત્રતા રેડનાર ધર્મ જ છે.

ત્યારે આપણને વિચાર આવશે કે ધર્મ જો જીવનમાં આવો વ્યાપક છે, તો તે દેખાતો કેમ નથી ? ભૂખ લાગે ત્યારે ધર્મ ખાવા કામ લાગતો નથી, તરસ લાગી હોય ત્યારે ધર્મ પીવા કામ લાગતો નથી, ટાઢ વાય ત્યારે ધર્મ ઓઢવા કામ લાગતો નથી, દેવું ચૂકવવું હોય તો તે દેવા પેટે આપવા કામ લાગતો નથી અને વ્યવહારમાં કોઇ વસ્તુના વિનિમયમાં પણ ધર્મ આવતો નથી; તો પછી ધર્મનું મહત્ત્વ શું ?

આ પ્રશ્નના ઉત્તરમાં જ્ઞાનીઓ જણાવે છે કે, ધર્મ એ તો ઝાડનાં મૂળિયાં જેવો છે. મૂળિયાં ફળની જેમ ખાવા કામ લાગતાં નથી, ઝાડનાં બીજાં અંગોની જેમ બહાર દેખાતાં નથી, તે ધૂળમાં દટાયેલાં–છુપાયેલાં હોય છે; છતાં એ ન હોય તો ટકી રહેવાની તાકાત ઝાડમાં નથી જ. વૃક્ષો ફળે છે, ખીલે છે, મીઠાં ફળો આપે છે, આ બધી બાહ્ય ક્રિયાઓનો આધાર તો મૂળિયાં છે. તેમ જીવનના મૂળમાં પણ ધર્મ પડેલો છે. જ્યાં પ્રતિભા દેખાય છે, ઉન્નતિ દેખાય છે, સુખ ને આબાદી દેખાય છે ત્યાં ધર્મ છે. જ્યાં કંગાલિયત દેખાય છે, અવનતિ દેખાય છે, દુઃખ ને બરબાદી દેખાય છે ત્યાં અધર્મ છે.

આ ધર્મ પશુઓને સાંપડ્યો નથી, એટલે એ કનિષ્ઠ છે, હીન છે. મનુષ્ય આ ધર્મને પામીને શ્રેષ્ઠ અને બડભાગી થયો છે, આ ધર્મથી માનવદેહ ગૌરવાન્વિત છે!

ધર્મની આવી પ્રશંસા સાંભળી સહજ પ્રશ્ન થાય કે ત્યારે ધર્મ કહેવો કોને? સૌ પોતપોતાના જન્મગત અને જાતિગત ક્રિયાકાંડને ધર્મ કહે છે અને એ જ ધર્મના નામે લડે છે, ઝઘડે છે, અશાન્તિ ઊભી કરે છે અને માનવને માનવથી દૂર લઈ જાય છે. શું આને ધર્મ કહેવો? આ પ્રશ્નનું સમાધાન જૈન દર્શને બહુ સારી રીતે કર્યું છે. ધર્મનું લક્ષણ બાંધીને માનવજાતને એક સુંદર સત્ય પીરસ્યું છે અને ધર્મના રહસ્યને થોડા જ શબ્દોમાં વ્યક્ત કર્યું છે.

મૈત્રી, પ્રમોદ, કારુણ્ય ને માધ્યસ્થ–ભાવ એ ધર્મનાં ચાર લક્ષણ છે. આ ભાવનાઓથી યુક્ત જે ક્રિયાઓ થાય તે ધર્મ. ધર્મનું પહેલું લક્ષણ છે મૈત્રીભાવ.

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે;
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.

જે મનુષ્યના હ્રદયમાં ધર્મનાં અંકૂર ફૂટયા હોય, તેને આખું જગત મિત્રોથી ભરેલું લાગે, તેને આખું વિશ્વ પ્રેમમય લાગે. જેના હૈયામાં પ્રેમ હોય, મૈત્રી હોય, તેનું હૈયું શું બોલતું હોય ? હું ભલે દુઃખી થયો, થાઉં; પણ બીજાને આવો વખત ન આવો, મારા સર્વસ્વના ભોગે પણ બીજા આત્માઓ તૃપ્ત થાઓ. સર્વ પ્રાણીઓ બંધનથી મુક્ત બનો. સૌ દોષહીન બનો. સૌ સ્વતન્ત્ર બનો. પરાધીન કોઇ ન રહો.

આ મૈત્રીભાવના પછી ધર્મના બીજા લક્ષણમાં પ્રમોદ ભાવના આવે છે.

ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે;
એ સંતોના ચરણકમલમાં, મુજ જીવનનું અર્ધ્ય રહે.

આ ભાવનાનો જન્મ મહાત્માઓના બહુમાનમાંથી થાય છે. આ પ્રમોદભાવનાના રંગથી રંગાયેલા હૈયાવાળો માણસ મહાપુરુષોને જોઈ આનંદ પામે, જગતને મંગળમય પંથે લઇ જતા સંતોને જોઈ, આ ભાવનાવાળાનું હૈયું નાચવા માંડે. એને એમ થાય કે—આ સત્પુરુષો જ જગતને કલ્યાણનો માર્ગ બતાવનારા છે—આ ભોમિયાઓ વિના ભવ–વનમાં ભૂલા પડેલાઓને માર્ગ કોણ ચીંધે ?

આ સંસારરૂપ મરુભૂમિમાં આ સજ્જનો જ શીળી છાયા આપનાર વૃક્ષો જેવા છે. પ્રમોદભાવવાળો માણસ આવા પુરુષોને જોઈ એમના ચરણોમાં ઢળી પડે. તમે તમારા માટે

આ ભાવ વિચારી જોજો. તમે મિત્રો સાથે વટથી ચાલ્યા જતા હો અને માર્ગમાં સંતનાં દર્શન થાય તો એમના પગમાં પડો ખરા? માર્ગમાં એમના પગમાં પડતાં શરમ આવે, અને અમલદારને, કોઈ વડા અધિકારીને ઝૂકીને નમન કરતાં શરમ ન આવે! સત્તા અને શ્રીમંતાઇ આગળ માણસ ઝૂકી પડતો હોય અને સંયમ અને ત્યાગ આગળ માણસ અક્કડ થઈને ચાલતો હોય તો માનવું કે–તેના હૃદયમાં પ્રમોદભાવનું દીવાળું છે. એ પછી ધર્મનું ત્રીજું લક્ષણ છે કારુણ્યભાવ.

દીન, ક્રૂર ને ધર્મવિહોણા દેખી દિલમાં દર્દ રહે;
કરુણાભીની આંખોમાંથી અશ્રુનો શુભ સ્રોત વહે.

જેના હૈયામાં કરુણાભાવ વિકાસ પામેલો હોય, એનું હૈયું જગતના જીવો માટે સહાનુભૂતિથી છલકાતું હોય, તે બીજાનાં દુ:ખોને પોતાનાં દુ:ખો માને અને એ દુ:ખોને દૂર કરવા સતત પ્રયત્ન કરે. દીન આત્મા પ્રત્યે એ હૈયાની સહાનુભૂતિ બતાવે. ધર્મવિહોણા અને ક્રૂર આત્માઓને જોઇ, એનું હૃદય દયાર્દ્ર બની જાય અને એને થાય કે–આ જીવો બાપડા પાપ કરીને દુર્ગતિમાં ચાલ્યા જશે! આજ તો સત્તા ને શ્રીમંતાઇના ઘમંડમાં કોઇનું ય સાંભળતા નથી, કોઈ દુ:ખીની સામું પણ જોતા નથી, પણ એમનું પુણ્ય પરવારી જશે ત્યારે આ જીવોનું શું થશે? તે વખતે એમનો આધાર કોણ?

આજે જે હસતાં હસતાં પાપો કરી રહ્યા છે એ પાપો રોતાં પણ નહિ છૂટે, જે કૂવામાંથી આ માણસો તુચ્છ આનંદનું પાણી ઉલેચી રહ્યા છે, એ કૂવો તો અંતે ઊનાં

આંસુથી ભરવો પડશે. જગતની દૃષ્ટિએ દેખાતા આજના આ સુખી જીવો, એ આવતી કાલના દુઃખી જીવો છે—આવો કરુણાભર્યો વિચાર આવતાં, કારુણ્યભાવવાળાનું હૈયું ભરાઈ આવે છે અને એના નયનોમાંથી આંસુની ધારા વહેવા લાગી જાય છે. ધર્મનું ચોથું લક્ષણ તે મધ્યસ્થભાવ.

માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું;
કરે ઉપેક્ષા એ માર્ગની, તોય સમતા ચિત્ત ધરું.

આ ભાવનાવાળો માણસ પાપના કીચડમાં પડતા માનવીને બચાવવા પ્રયત્ન કરે, પણ પોતે બીજાને પાપી બનાવવાનું નિમિત્ત તો ન જ બને. અધર્મના માર્ગે જતા કોઇ પણ પ્રાણીને શક્ય હોય ત્યાંસુધી એ અટકાવે, માર્ગ ભૂલેલાને માર્ગ ચીંધે, પણ માર્ગ ચીંધવા જાય અને અવળે માર્ગે જનારો કહે: 'તને કોણે ડાહ્યો કર્યો છે? તું તારું કામ કરને, અમે અમારું ફોડી લઇશું. તારે અમારામાં પડવાની જરુર નથી. તારી સલાહ અમારે નથી જોઇતી.' તોય માધ્યસ્થભાવવાળો એના પર ક્રોધ ન કરે. ડૂબતાને તારવા પ્રયત્ન કરે પણ સામો ડૂબતો માણસ ન તરે તો ધક્કો તો ન જ મારે.

જે મનુષ્ય આ ચાર ભાવનાપૂર્વક જીવનની ક્રિયા કરતો હોય, એનામાં સ્વાર્થબુદ્ધિ કે પરવંચના કેમ હોઇ શકે? એ તો એમ જ માનતો હોય કે: હું આ દુનિયામાં આવ્યો છું માનવતાની સુવાસ ફેલાવવા, તો પછી મારાથી તો જરા પણ બૂરું કેમ થાય? જગતના ભલામાં જ મારું ભલું છે. જગતમાં અશાંતિ હોય તો હું શાંતિથી કઇ રીતે જીવી શકું? હું જેમ સુખ, શાંતિ અને આબાદી ઇચ્છું છું, તેમ

બીજાને પણ એની જ તૃષ્ણા છે, તો મારું અત્યારે કર્તવ્ય એ છે કે–બીજાને શાંતિ આપવી અને બીજાને અશાંતિ ન થાય એ રીતે મારે જીવવું છે. જગતની અશાંતિમાં મારો ફાળો ન હોવો જોઇએ.

જગત દુઃખી હોય ત્યારે હું એશ–આરામમાં કેમ જીવી શકું? માનવજાત સંકટમાં સપડાયેલી હોય ત્યારે હું છુપાઈને મારી જાતનું રક્ષણ કઇ રીતે કરી શકું? મારે તો ઝંપલાવવું જોઈએ, મારા ભાઇઓનું રક્ષણ કરવું જોઇએ. આ સમયે હું મારી જાતનું વિલોપન કરી, સૌના કલ્યાણ માટે ખપી જાઉં તો જ હું સાચો ધર્મી. પરસેવા એ જ આત્મસેવા છે. અર્પણ એ જ મારું કર્તવ્ય છે. એથી જ મારું કલ્યાણ થવાનું છે.

જ્યાં મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થભાવ રમતા હોય ત્યાં માન કે અપમાન, સ્તુતિ કે નિન્દા કોઇની કંઇ જ પડી ન હોય. એ કોઇ દિવસ પ્રશંસાથી ફૂલાય નહિ અને અપમાનથી મુંઝાય નહિ. એને પોતાના અર્પણનો જ આત્મસંતોષ હોય. એને બીજાના મતની, બીજાની પ્રશંસાની જરૂર ન હોય. તે કોઇ દિવસ અટકે નહિ, થાકે નહિ. એ એમ જ માને કે હું મારા આત્મસંતોષ માટે કરું છું, આમાં હું શું મહાન કરી રહ્યો છું? અરે, જડ પણ મૈત્રી કરે, તો જાત સમર્પણ કરે, તો પછી હું ચેતન આટલું પણ ન કરી શકું?

દૂધ અને પાણીની મૈત્રી કેવી ભવ્ય છે? દૂધે પોતાનો ઉજ્જવળ રંગ પાણીને આપ્યો અને પાણીએ પોતાની જાતને દૂધમાં વિલોપન કરી. બંને એક બન્યા. દૂધ એ દૂધ ન રહ્યું

ને પાણી એ પાણી ન રહ્યું. મૈત્રીભાવનો અર્થ જ એકતા છે. એકતામાં ભેદ ન હોય, ભિન્નપણું પણ ન હોય. હવે દૂધ ચૂલા પર ચઢે ત્યારે દૂધ ગરમ થતું જાય, તેમ પાણી બળતું જાય; કારણ કે પાણી માને છે કે એણે મને રંગ આપ્યો તો મારે એની ખાતર બળવું જોઈએ. અને પાણી બળવા લાગે છે–બળી જાય છે, ત્યારે દૂધ વિચારે છે : મારે માટે પાણીએ પ્રાણ આપ્યા તો મારે એની પાછળ બળી મરવું જોઇએ. અને પછી એ ઊભરો થઇ અગ્નિમાં ઝંપલાવે છે; મિત્ર પાછળ બળી મરવા તૈયાર થાય છે. ત્યારે માણસ શું કરે છે? દૂધમાં પાણી રેડે છે. મિત્રને પામતાં દૂધનો ઊભરો શાંત બની જાય છે–ઉભરો બેસી જાય છે અને પછી માણસો તુરત દૂધને ચૂલા ઉપરથી ઉતારી લે છે.

આ જડની મૈત્રી! જડ જેવી વસ્તુ પણ મૈત્રીભાવ કેળવ્યા પછી સર્વસ્વ અર્પણ કરવા તત્પર બને છે. આપણે તો ચેતન કહેવાઇએ. આપણે વિચાર કરવાની જરૂર છે કે આપણામાં આવો મૈત્રીભાવ આવ્યો? કદી આવી ત્યાગની ભાવના જન્મી? માટે જ ચિન્તકો કહે છે કે, ધર્મનું પહેલું પગથિયું મૈત્રી છે. આ મૈત્રીનો ઉદય થયા પછી આપણે ગમે એવું મહાન કાર્ય કરીશું તો ય આપણામાં 'અહમ્' નહિ આવે. એમ જ થશે કે, આ તો મારું કર્તવ્ય છે, અને માનવ તરીકે હું મારા કર્તવ્યો કરું છું. આવી કર્તવ્યભાવનાને જગાડવા માટે, પ્રભાતે આત્મચિન્તન અને જીવનચિન્તન કરવું જોઈએ. અને કાચની આરસીમાં મુખડાને જોવા કરતાં મહાપુરુષોના ચારિત્ર્યરૂપ આરસીમાં આત્માનું સૌન્દર્ય અવલોકવું; **એ જ કલ્યાણનો માર્ગ છે.**

# જાગ, ઓ સપૂત !

ઓ મહાવીરના સપૂત ! જાગ ! ઊભો થઇ જા ! જરા આંખ ખોલીને તો જો ! તારી જ નજર સામે દીન, હીન, અનાથ ને ગરીબ માનવો અન્ન વિના ટળવળતા હોય, ત્યારે તું ત્રણ ટંક સુંદર ને સ્વાદિષ્ટ ભોજન, ઠંડે કલેજે કેમ આરોગી શકે ? તારી બાજુમાં જ વસતા તારા ભાંડુઓને લાજ ઢાંકવા પૂરતું પણ વસ્ત્ર ન મળતું હોય, ત્યારે તું દયાવાન કહેવાતો, સુંદર વસ્ત્રોમાં સજ્જ બની મહાલી કેમ શકે ? તારા જ ભાઇઓ વેર–ઝેર ને દ્વેષની મહાજ્વાળામાં સળગતા હોય, ત્યારે તું વિલાસ ને વિનોદની માદકશય્યામાં કેમ પોઢી શકે ? આ જોતાં તારું ખૂન આજે વિલાસની જડતાથી ઠંડું પડી ગયું છે, એમ તને નથી લાગતું ? તું તારા પુનિત પિતા શ્રી મહાવીરના સિદ્ધાન્તોનો દ્રોહ તો નથી કરતો ને ? તારા હાથે આવું ક્રૂર પાપ થાય, એ હું ઇચ્છતો નથી. હું ઇચ્છું છું તારા અમર વિજયને !

કારણ કે તું જૈન છે ! તારી પાસે બે પાંખો છેઃ અહિંસા

અને સત્યની! આ બે પાંખો કપાઇ જતાં તું જૈન મટી "જૈન" બની જઇશ! તારી શોભા આ બે દિવ્ય પાંખોમાં જ છે. આ બે માત્રા તને શ્રેષ્ઠ બનાવનારી છે! તને ગગનવિહારી બનાવનારી છે! આ અહિંસા ને સત્યની પાંખોથી તું હિંસાના ભડકાથી સળગતી દુનિયા પર પરિભ્રમણ કરી શકીશ, વિશ્વને પ્રેમ ને શાન્તિનો સંદેશ પાઠવી શકીશ, શાન્તિનો દૂત બની શકીશ, માટે સાવધાન થા! આ બે પાંખો કપાઇ ગઇ તો સમજજે કે તું પંગુ છે, લંગડો છે. તારી આ બે પ્રિય પાંખો પ્રમાદથી રખે કપાઈ જાય! માટે જાગૃત બન! ઝોકાં ખાવાં છોડી દે! આમ બગાસાં ખાધે ને નિર્માલ્ય જીવન જીવે મુક્તિ નહિ મળે! મુક્તિ મેળવનાર શ્રી મહાવીરને તું યાદ કર. એણે કેવાં મહાન્ શુભ કાર્યો કર્યાં હતાં! જો—

જેણે ધૈર્યપૂર્વક નર–પિશાચનો સામનો કરી, ભયભીતને નિર્ભય બનાવી અને માનવમાં રહેલી અખૂટ શકિતનો પરચો બતાવી **મહાવીર** પદ પ્રાપ્ત કર્યું હતું.

જેણે સાંવત્સરિક દાન દઇ, અઢળક સંપત્તિ વર્ષાવી અને દીન, હીન, અનાથ ને ગરીબોને યથાયોગ્ય દાન વડે સુખી બનાવી–**દાનવીર** પદ વિભૂષિત કર્યું હતું.

જેણે વૈભવોથી છલકાતાં રાજમન્દિરોને છોડી, પોતાના પ્યારા પ્રિયજનોથી વિખૂટા પડી અને મહામોહનો પરાજય કરી–**ત્યાગવીર** પદ સુશોભિત કર્યું હતું.

જેણે ગિરિકન્દરાઓમાં ધ્યાનમગ્ન રહી, વાસનાઓનો નાશ કરી અને ઇન્દ્રિયો પર વિજય મેળવી–**શૂરવીર** પદ શોભાવ્યું હતું.

જેણે અહિંસા, સત્ય, અસ્તેય, સંયમ ને અકિંચનત્વને પોતાના જીવનમાં વણી, એનો જ પ્રચાર આજીવન કરી અને માનવતાની સોડમ મહેકાવી–**ધર્મવીર** પદ અલંકૃત કર્યું હતું. એ જ નરવીરનો તું પુત્ર!

જેના નામથી પ્રેરણાનો દીપક પ્રગટે! એ મહાવીરનો પુત્ર બની, તું આમ નિર્માલ્ય જીવન જીવે, એ તને શોભે ખરું! ઉઠ! પ્રાણવાન થા! તારા નિર્માલ્ય જીવનમાં મહાપ્રાણ ફૂંક! તારા ધ્વનિથી દિશાઓ કંપી જાય એવી જયઘોષણા કર! પાપના પડદા ચીરાઇ જાય એવું તેજ તારી આંખોમાં લાવ! હિમ્મત ને ઉત્સાહથી આગે કદમ ભર! તારી અદમ્ય શક્તિઓનો પરચો જગતને બતાવ! પ્રભુ મહાવીરના સિદ્ધાન્તોને અણનમ નિશ્ચયપૂર્વક જીવનમાં ઉતારી, એમને અમર બનાવ! ખાલી વાયડી વાતો ના કર. આચારણ વિહોણા ભાષણોથી કાંઇ વળે તેમ નથી. એવાં નિર્માલ્ય ભાષણો સાંભળી–સાંભળીને પ્રજા ત્રાસી ગઇ છે! માટે લાંબા–પહોળા હાથ કરવા મૂકી દે અને એવું આચરણ કરી બતાવ કે તારું નિર્મળ ચારિત્ર જોઇ દુનિયા દિંગ બની જાય!

કડક શિસ્ત કેળવ! જીવન–વિકાસમાં નડતર કરતી વાસનાઓ સામે બળવો પોકાર! વાસનાઓનો સમૂળગો નાશ કર! આ તારા વિકાસના માર્ગમાં અન્તરાય કરનારને ઉખેડીને ફેંકી દે! જરા પણ ગભરાઇશ નહિ! કોઇથી અંજાતો નહિ! કોઇની શેહમાં તણાતો નહિ! જા! એક પળની પણ વાર કર્યા વિના અહિંસા ને સત્યના સિદ્ધાન્તોને વિશ્વમાં વિકસાવવાના તારા આ મહા–કાર્યમાં લાગી જા.

પણ યાદ રાખજે ! નૈતિક સંયમથી કમ્મર બરાબર કસીને જ આ માર્ગે પ્રયાણ કરજે. સંયમમાં જરા પણ શિથિલતા ન પ્રવેશી જાય તે માટે પૂર્ણ કાળજી રાખજે. વાસનાઓ તારા પર વિજય ન મેળવી જાય તે માટે ચારિત્રની મજબૂત કિલ્લેબંધી કરીને, અવિરત જાગ્રતિપૂર્વક જીવન–વિકાસના આ મહાપંથે વિહરજે !

વિજળીના ઝબકારા થાય કે વિપત્તિના વંટોળિયા વાય; બ્રહ્માંડના કાન ફોડી નાખે એવા કડાકા–ભડાકા થાય કે પ્રલયના મેઘની ગર્જનાઓ થાય; તોય તારા નિશ્ચિત પંથને છોડીશ નહિ, નિશ્ચિત કરેલા ધ્યેયને પહોંચતાં પહેલાં એક ડગલું પણ માર્ગથી ખસવું એ મહાપાપ છે. એ દિવ્ય સંદેશને ભૂલતો નહિ ! વિશ્વમાં એવી કોઇ શક્તિ નથી જે તારા નિશ્ચિત ધ્યેયથી તને ચલિત કરે ! દુનિયામાં એવી કોઇ વસ્તુ નથી, જે તને તારા માર્ગમાંથી ચલિત કરે. તારી વિરાટ શક્તિઓ જોઇ સાગર પણ તને માર્ગ આપશે ! તારો દૃઢ સંકલ્પ જોઈ, સિંહ જેવા રાજાધિરાજો પણ તારા ચરણમાં આળોટશે ને તારા અંગરક્ષક બનશે. આ કલ્પના નથી, વાક્પટુતા કે લેખનકળા નથી; પણ કેવળ સત્ય છે, નક્કર છે, વાસ્તવિક છે ! આવું બન્યું છે, બને છે અને બનશે. માત્ર શ્રદ્ધાની જ આવશ્યકતા છે ! વિજયશ્રી આત્મશ્રદ્ધાવાન મહામાનવને જ વરે છે !

આ માર્ગમાં કાંટા પણ છે ને કીચડ પણ છે. કાંટાથી કંટાળી ન જવાય અને કીચડમાં ખૂંચી ન જવાય તે માટે સચેત રહેજે. વિપત્તિના સમયમાં યાદ કરજે તારા આત્માની અનન્ત

વિરાટ શક્તિઓને ! તારી વીર–ગર્જનાથી વિપત્તિઓ કંપી ઉઠશે, ઇન્દ્રિયો ધ્રૂજી ઉઠશે, વાસનાઓ બળીને ખાખ થશે, અન્ધકાર નાશ પામશે, અનન્ત પ્રકાશથી ઝળહળતો દીપક તારા પંથમાં પ્રકાશ પાથરશે અને પ્રકૃતિ મધુર સ્મિત કરી, તારું સુસ્વાગતમ્ કરશે !

પ્યારા અમૃતના ભોકતા આત્મન્ ! અધિક તને શું કહું ? હવે તારું વિરાટ રૂપ વિશ્વને દેખાડ જોઇએ ! વહાલા શક્તિઓના ભંડાર આત્મન્ ! તારી શક્તિઓના ભંડારમાંનું એક અમૂલ્ય રત્ન વિશ્વના ચોગાનમાં મૂક જોઇએ ! પ્રકાશમાં વિહરનાર પ્રિય આત્મન્ ! તારા શાશ્વત પ્રકાશનું એક કૃપાકિરણ આ વિશ્વ પર ફેંક જોઇએ ! વિશ્વ તારા જવલંન્ત પ્રકાશ માટે ઝંખી રહ્યું છે. વીરનો સપૂત આ કામ નહિ કરે તો પછી કોણ કરશે ?

માટે આજે જ દીપાવલિના પતિત પાવન દિવસે અણનમ નિશ્ચયપૂર્વક ભર કદમ વિજયકૂચ ભણી !

## ભાવના

પ્રાણી માત્રના જીવનમાં ભાવના અતિ મહત્વનો ભાગ ભજવે છે. એટલા જ માટે ચિન્તકો માણસના સ્થૂલ કાર્યને નથી જોતા, પણ એની પાછળ કામ કરતી સૂક્ષ્મ ભાવનાને અવલોકે છે. કાર્ય એક જ હોય છતાં ભાવના ભિન્ન હોય તો પરિણામ જુદું જ આવે. કૂતરી જે દાંતથી પોતાના ગલુડિયાને પકડે છે, એ જ દાંતથી બિલાડીને પણ પકડે છે, પણ એમાં અંતર આકાશ અને પાતાળનું. એકમાં રક્ષણની ભાવના છે; બીજામાં ભક્ષણની.

ચિત્રભાનુ



પૂંઠું : શારદા મુદ્રણાલય : અમદાવાદ.